દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 16 ■ વિક્રમ સંવત ૨૦૮૨
મહા સુદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 January 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૧૯ જાન્યુઆરી ૨૦૨૬, (૧૧ પાનાં ) કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટ્રમ્પના સલાહકારની અમેરિકી કંપનીઓને અપીલઃ ‘ભારતમાં AI સેવા બંધ કરો’

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વેપાર-સલાહકાર પીટર નવારોએ અમેરિકાની કંપનીઓને ભારતમાંની તેઓની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) સેવા બંધ કરવા અપીલ કરતા જણાવ્યું હતું કે ચેટજીપીટી, જેમિનાઈ સહિતના અનેક એઆઈ પ્લેટફોર્મ અમેરિકાની ધરતી પરથી સંચાલન કરે છે, અમેરિકાની વીજળી, પાણી અને સ્રોતો વાપરે છે, પણ એઆઈની સેવા ‘ટૅરિફના મહારાજા’ ભારતમાં પણ આપે છે જે બંધ કરવું જોઈએ. ભારતમાં એઆઈ સેવા આપવા બદલ અમેરિકના ડૉલર વાપરવાનું બંધ થવું જોઈએ.

અમેરિકામાં વાઇટ હાઉસના બિઝનેસ એડવાઈઝર પીટર નવારોએ ભારત વિશે આકરી ટિપ્પણીઓ કરી છે. તેમણે ભારતમાં આપવામાં આવતી એઆઈ સેવાઓ પર પણ સવાલો ઉઠાવ્યા છે. નવારોએ કહ્યું હતું કે તેઓ સમજી શકતા નથી કે અમેરિકા ભારતમાં પૂરી પાડવામાં આવતી એઆઈ સેવાઓ માટે કેમ ચુકવણી કરી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચેટજીપીટી, જેમિનાઇ સહિત ઘણા એઆઈ પ્લેટફોર્મ અમેરિકાની ધરતી પર કાર્યરત છે અને અમેરિકાની વીજળી, પાણી અને સંસાધનોનો ઉપયોગ કરે છે. નવારોએ આ બધું અમેરિકાની આર્થિક નીતિની વિરુદ્ધ ગણાવ્યું છે.

ભારત એક મોટું બજાર છે, જ્યાં દરેક કંપનીઓ પોતાના એઆઈ મોડલ લોન્ચ કરી રહી છે. લોકોમાં એઆઈ પણ વધુને વધુ લોકપ્રિય બની રહ્યું છે. ભારતમાં ગૂગલ અને ઓપનએઆઈના પેઇડ સબ્સ્ક્રિપ્શન્સ મફત કરવામાં આવ્યા છે. ટેલિકોમ કંપનીઓ પાસે ઘણા પેઇડ મોડેલ મફતમાં ઉપલબ્ધ છે. પીટર નવારોએ ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદવા અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભારત રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ ખરીદીને રશિયાના અર્થતંત્રને ટેકો આપી રહ્યું છે. નવારોએ ફરી એકવાર ભારત પર નિશાન સાધ્યું, તેને ‘‘ટૅરિફનો રાજા’’ ગણાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભારત અમેરિકન ઉત્પાદનો પર વધુ પડતી આયાત ટેક્સ લાદે છે, જેનાથી અમેરિકન કંપનીઓને નોંધપાત્ર નુકસાન થાય છે.

નવારોએ દાવો કર્યો કે ભારત સૌથી વધુ ટૅરિફ લાદવામાં વિશ્વમાં અગ્રણી દેશ છે. નવારોએ અમેરિકન ખેતીની જમીનની ખરીદી પર ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે વિદેશી સંસ્થાઓ વાસ્તવિક કિંમત કરતાં ૧૦ ગણા વધુ ભાવે અમેરિકન ખેતીની જમીન ખરીદી રહી છે, જેના કારણે અમેરિકામાં ખાદ્ય ફુગાવો થઈ શકે છે.

ટ્રમ્પના પહેલા કાર્યકાળથી જ નવારો કડક ટૅરિફ નીતિઓના સમર્થક રહ્યા છે. તેમણે ચીન પર ટેરિફ લાદવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. વિદેશ મંત્રાલયે નવારોની ટિપ્પણીઓને ‘‘અસ્વીકાર્ય’’ અને ‘‘અયોગ્ય માહિતી’’ ગણાવી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આવાં નિવેદનો પરસ્પર આદરને નબળી પાડે છે અને ભારત-અમેરિકા સંબંધોની ઊંડાઈને પ્રતિબિંબિત કરતા નથી. ભારતે સતત કહ્યું છે કે રશિયન તેલ ખરીદી ઉર્જા સુરક્ષા માટે છે અને કાયદેસર છે. ભારતમાં એઆઈ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સની સંખ્યા ઝડપથી વધી રહી છે. ભારતમાં ૨,૦૦૦થી વધુ એઆઈ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ છે.

## પ્રયાગરાજના સંગમમાં ૩.૧૫ કરોડ લોકોનું પવિત્ર સ્નાન

પ્રયાગરાજઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા માઘ મેળાના મુખ્ય સ્નાન પર્વ મૌની અમાવસ્યાના અવસર પર રવિવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૩.૧૫ કરોડથી વધુ ભક્તોએ ગંગા અને સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી.

મેળા વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ગાઢ ધુમ્મસ હોવા છતાં મધરાતથી જ ભક્તો ગંગા અને સંગમ ઘાટો પર પહોંચવા લાગ્યા હતા અને સવાર સુધી ચારે બાજુથી ભક્તોનો પ્રવાહ ચાલુ રહ્યો હતો. જિલ્લા અધિકારીઓએ જણાવ્યું કે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના આદેશ પર સવારે હેલિકૉપ્ટરથી ભક્તો પર ફૂલવર્ષા કરવામાં આવી હતી. અગાઉ મકરસંક્રાંતિના અવસર પર લગભગ ૧.૦૩ કરોડ ભક્તોએ પવિત્ર સ્નાન કર્યું હતું. જ્યારે એકાદશીના દિવસે લગભગ ૮૫ લાખ લોકોએ ગંગા અને સંગમમાં સ્નાન કર્યું હતું. વિભાગીય કમિશ્નર સૌમ્ય અગ્રવાલે જણાવ્યું કે યાત્રાળુઓને સાચો રસ્તો શોધવામાં મદદ કરવા માટે મેળા વિસ્તારમાં થાંભલાઓ પર રિફ્લેક્ટિવ ટેપ લગાવવામાં આવી છે. જ્યારે શ્રદ્ધાળુઓને માર્ગદર્શન આપવા માટે નાગરિક સુરક્ષા સ્વયંસેવકો તહેનાત કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે માઘ મેળો ૮૦૦ હેક્ટરમાં ફેલાયેલો છે અને તેને સાત સેક્ટરમાં વહેંચવામાં આવ્યો છે. મેળા વિસ્તારમાં ૨૫,૦૦૦થી વધુ શૌચાલય સ્થાપિત કરવામાં આવ્યા છે. તેમજ સ્વચ્છતા જાળવવા માટે ૩૫૦૦થી વધુ સફાઇ કર્મચારીઓ તહેનાત છે.

પોલીસ અધિક્ષક(માઘ મેળા) નીરજ પાંડેએ જણાવ્યું કે મેળા વિસ્તારમાં સુરક્ષા અને ભક્તોની સુગમ અવરજવર સુનિશ્ચિત કરવા માટે ૧૦,૦૦૦થી વધુ પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા છે.

## વડોદરામાં ડિજિટલ અરેસ્ટનું કરોડોનું કૌભાંડઃ બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હી પોલીસે ગુજરાતમાંથી બે આરોપીની ધરપકડ કરી હતી, આ લોકો પર એનઆરઆઈ દંપતીને ડિઝિટલ અરેસ્ટ કરીને ૧૪.૮૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે.

બંને આરોપીઓની વડોદરાથી ધરપકડ કરવામાં આવી હતી. તેમને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર દિલ્હી લાવવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓની ઓળખ દિવ્યાંગ પટેલ (૨૮) અને કૃતિક શિતોલે (૨૬) તરીકે થઈ છે. છેતરપિંડીની કુલ રકમમાંથી ૪ કરોડ રૂપિયા દિવ્યાંગ પટેલના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હીની એક કોર્ટે બાદમાં બંને આરોપીઓને પૂછપરછ માટે બે દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા હતા. આ કેસ ગ્રેટર કૈલાશમાં રહેતા એક વૃદ્ધ ડોક્ટર દંપતીને કથિત રીતે ‘ડિજિટલ અરેસ્ટ’ હેઠળ રાખવામાં આવ્યા હતા અને મોટી રકમ ટ્રાન્સફર કરવાની ફરજ પાડવામાં આવી હતી.

તપાસ દરમિયાન પોલીસે ખુલાસો કર્યો હતો કે, ગયા વર્ષે ૨૯ ડિસેમ્બરે ₹ ૧૪.૮૫ કરોડમાંથી આશરે ₹ ૪ કરોડ દિવ્યાંગ પટેલ દ્વારા સંચાલિત એનજીઓના નામે નોંધાયેલા બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે પાછળથી તેમણે પકડાઈ જવાથી બચવા માટે પૈસા અનેક બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા. તપાસમાં બહાર આવ્યું કે એનજીઓ નકલી હતો અને તેનું કોઈ ધર્માર્થ કાર્ય નહોતું.

પોલીસના જણાવ્યા અનુસાર, દિવ્યાંગ પટેલે કમિશનના બદલામાં છેતરપિંડી કરનારાઓને એનજીઓના બેંક ખાતાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી. અન્ય એક આરોપી કૃતિક શિતોલે, મધ્યસ્થી તરીકે કામ કર્યું હતું અને દિવ્યાંગ પટેલ અને નેટવર્કના અન્ય સભ્યો વચ્ચે સંપર્ક સ્થાપિત કરવામાં મદદ કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે ગુનાની રકમ ઘણા રાજ્યોમાં બેંક ખાતાઓ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે ગેંગના અન્ય સભ્યોને ઓળખવા અને બાકીની રકમ શોધવા માટે તપાસ ચાલુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના સૌથી મોંઘા ‘‘ડિજિટલ અરેસ્ટ’’ કૌભાંડોમાંના એકે આ દંપતીની જીવનભરની કમાણી બરબાદ કરી દીધી હતી, કારણ કે તેઓએ લગભગ ૧૫ દિવસમાં ૧૪.૮૫ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા.

એક જ ફોન કોલે ભારતમાં તેમના અસ્તિત્વના સપના ચકનાચૂર કરી નાખ્યા હતા, અને તેઓ હાલ તેઓ તેમના પૈસા પાછા મેળવવા માટે લડી રહ્યા છે. ■

## મુંબઈ-અમદાવાદ હાઈવે પર આજથી બે દિવ સભારે ટ્રાફિક જૅમ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જળ, જંગલ અને જમીનના મુદ્દે માછીમાર સમુદાય અને સીપીઆઈ (એમ) દ્વારા આયોજિત વિશાળ વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને પાલઘર જિલ્લા વહીવટીતંત્રે ૧૯ અને ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ નેશનલ હાઈવે-૪૮ મુંબઈ-અમદાવાદ હાઈવે અને પાલઘર શહેરમાં મોટા પાયે ટ્રાફિક પ્રતિબંધો જાહેર કર્યા હતા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, આ લાંબી માર્ચમાં આશરે ૧૦,૦૦૦ થી ૧૧,૦૦૦ પ્રદર્શનકારીઓ જોડાવાની શક્યતા હોય કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ટ્રાફિક જૅમની સ્થિતિ ન સર્જાય તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

જાહેરનામા અનુસાર, ગુજરાતથી મુંબઈ તરફ આવતા તમામ ભારે વાહનોને ૧૯ જાન્યુઆરીએ સવારે આઠ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી અને ૨૦ જાન્યુઆરીએ સવારે ૬થી બપોરે બે વાગ્યા સુધી અચ્છાડ નાકા પાસે રોકી દેવામાં આવશે. આ વાહનોને હોટલ, ઢાબા કે પેટ્રોલ પંપ જેવા સુરક્ષિત સ્થળોએ પાર્ક કરવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત, પાલઘર શહેરમાં પણ બોઈસર અને મનોર તરફથી આવતાં ભારે વાહનો પર બંને દિવસો દરમિયાન સવારે આઠ થી રાત્રે ૧૦ સુધી સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. વહીવટીતંત્રે વૈકલ્પિક રૂટની પણ જાહેરાત કરી હતી, હળવા વાહનો મહાલક્ષ્મી બ્રિજ-વાઘાડી-વિક્રમગઢ અથવા ચરોટી નાકા-નિકાવલી-અંબોલી થઈને આગળ વધી શકશે. તેવી જ રીતે મનોરથી પાલઘર જવા માટે સફાળે અને માહિમ થઈને જતો રસ્તો વાપરી શકાશે. ■





**પવિત્ર સ્નાનઃ** પ્રયાગરાજમાં માઘ મેળાના તહેવાર નિમિત્તે રવિવારે ‘મૌની અમાવસ્યા’ દરમિયાન પવિત્ર સ્નાન કરવા લોકો એકઠાં થયાં હતાં. આ પ્રસંગે જગદ્‌ગુરુ શંકરાચાર્ય અવિમુક્તાનંદ પણ સંગમ ખાતે પહોંચ્યા હતા અને સાધુસંતોએ પરંપરાગત રીતરિવાજ પ્રમાણે પૂજા-પ્રાર્થના કરી હતી. (એજન્સી)

## દિલ્હીમાં હવાની ગુણવત્તા વણસી

નવી દિલ્હીઃ દિલ્હીવાસીઓ રવિવારે સવારે ખતરનાક એર ક્વાલિટી લેવલ સાથે જાગ્યા હતા. કારણ કે ઝેરીલા સ્મોગ અને ગાઢ ધુમ્મસની જાડી ચાદરે રાષ્ટ્રીય રાજધાનીને ઘેરી લીધી હતી. જેના કારણે પ્રદૂષણનું સ્તર ગંભીર શ્રેણીમાં પહોંચી ગયું હતું. જેના કારણે કેટલાક વિસ્તારોમાં વિઝિબિલિટી લગભગ શૂન્ય થઇ ગઇ હતી. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે માર્ગ, રેલ અને હવાઇ ટ્રાફિક પ્રભાવિત થયા છે. આનંદ વિહારમાં એક્યુઆઇ ૫૦૦ થઇ હતી. દિલ્હીમાં બારાપુલા ફ્લાઇઓવર, નિઝામુદ્દીન, આઇટીઓ, મોતી બાગ અને ડીએનડી ફ્લાઇવેની આસપાસના વિસ્તારો ઝેરી હવા અને ધુમ્મસની ચાદરથી ઢંકાયેલા જોવા મળ્યા હતા. સીપીસીબી અનુસાર મોતી બાગ વિસ્તારમાં એક્યુઆઇ ૪૬૬ નોંધવામાં આવ્યો હતો. જે ગંભીર શ્રેણીમાં આવે છે. આઇટીઓ વિસ્તારમાં એક્યુઆઇ ૪૪૩ નોંધાયો હતો. જે પણ ગંભીર શ્રેણીમાં આવે છે. પરિસ્થિતિ કથળ્યા બાદ દિલ્હી-એનસીઆરમાં જીઆરએપી હેઠળ ફરીથી કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં હતાં.

ગાઢ ધુમ્મસને કારણે રાષ્ટ્રીય રાજધાનીમાં વિઝિબિલિટી ઘટવાથી રવિવારે દિલ્હી એરપોર્ટ પર ફ્લાઇટ કામગીરી પર અસર પડી હતી. દરમિયાન દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિલ્હી એરપોર્ટે એક એડવાઇઝરીમાં જણાવ્યું કે દિલ્હી એરપોર્ટ પર લો વિઝિબિલિટી હજુ પણ યથાવત્ છે. હાલ તમામ ફ્લાઇટ કામગીરી સામાન્ય છે. મુસાફરોને વિનંતી છે કે અપડેટેડ ફ્લાઇટ માહિતી માટે સંબંધિત એરલાઇનનો સંપર્ક કરે. દેશની રાજધાનીમાં રવિવારે એકંદર એક્યુઆઇ ૪૩૭ રહ્યો હતો.

આઇએમડીના ડેટા અનુસાર દિલ્હીના સફદરગંજમાં મુખ્ય હવામાન મથકે શનિવારે લઘુતમ તાપમાન ૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે આયાનગરમાં ૪.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કેટલીક અન્ય જગ્યાએ પણ તાપમાન પાંચ ડિગ્રી સેલ્સિયસથી નીચે રહ્યું હતું. જે ઠંડી વધુ તીવ્ર બની હોવાનું દર્શાવે છે. વિભાગે જણાવ્યું હતું કે મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી સેલ્સિયસથી ૨૩ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની સંભાવના છે, જ્યારે લઘુતમ તાપમાન ૪ થી ૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહી શકે છે.

ગુજરાતના એક મહિલા પોલીસ સહિત પાંચ સહેલાણીઓએ બઠિંડા જિલ્લામાં શનિવારે પરોઢિયે એક માર્ગ અકસ્માતમાં માર્યા ગયા હતા. તેમની એસયુવી ગાઢ ધુમ્મસમાં રોડ ડિવાઈડર સાથે ટકરાઈ હતી. અકસ્માતનો ભોગ બનેલાઓની વય ૨૦થી ૩૦ વર્ષ વચ્ચે હતી. ગુજરાતના બનાસકાંઠાથી તેઓ પંજાબ ગયા હતા અને ગુજરાત પાછા ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો. અકસ્માત બનાસકાંઠાથી ૯૦૦ કિલોમીટર અને બઠિંડાથી ૨૫ કિલોમીટર દૂર આવેલા ગુરથારી ગામમાં થયો હતો. હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે દૃષ્ટિગોચરતા બઠિંડામાં અકસ્માતના સમયે ૪૦ મીટર હતી. વાહન એક કલાકદીઠ ૪૦ કિલોમીટરની ઝડપે જતું હોય તો પણ આવી પરિસ્થિતિમાં રીએક્શન ટાઈમ ફક્ત ચાર સેકન્ડનો હોય છે. મોટા ધમાકો સાંભળીને ગુરથારીના લોકો એક્સપ્રેસવે પર દોડી આવ્યા હતા. તેમણે પોલીસને જાણ કરી હતી અને સડક સુરક્ષા ફોર્સ સાથે બચાવ કામગીરી શરૂ કરી હતી. ભોગ બનેલાઓને એઈમ્સ બઠિંડામાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેમને મૃત થયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

બઠિંડા સિટીના એસપી નરિન્દર સિંહે કહ્યું હતું કે તેઓ પરોઢિયે બઠિંડાથી નીકળી ગયા હતા. અકસ્માત સવારે સાડા સાત વાગ્યે થયો. મૃતકોને સતીશ, ભરત, જનક અને અમિતા તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. અમીતા ગુજરાત પોલીસમાં મહિલા કોન્સ્ટેબલ હતા. (એજન્સી)

## હર્ષ સંઘવી વર્લ્ડ ઈકોનોમિક ફોરમ-૨૦૨૬માં ભાગ લેવા સ્વિટ્ઝર્લેન્ડ જશેઃ ૫૮થી વધુ ગ્લોબલ દિગ્ગજો સાથે મેરથન બેઠકો કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ૨૦૨૬ (WEF)માં ભાગ લેવા જશે. ગુજરાતને વૈશ્વિક વિકાસના નકશા પર અગ્રેસર રાખવા અને ‘‘ વિકસિત ગુજરાત ૨૦૪૭’’ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે આ ફોરમમાં રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે.

સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં ૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ મહત્ત્વપૂર્ણ વાર્ષિક બેઠકમાં ગુજરાતની સહભાગીતા, આંતરરાષ્ટ્રીય સહયોગ અને ઝડપી આર્થિક વિકાસ પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિવિધ બેઠકોમાં ભાગ લેશે. ગુજરાતમાં રોજગારી અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તેઓ એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ટેક્સટાઈલ, સેમિકન્ડક્ટર, ફાર્માસ્યુટિકલ્સ, રિન્યુએબલ એનર્જી, ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ, શિપિંગ-લોજિસ્ટિક્સ અને એરોસ્પેસ જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા માટે વિશ્વના ટોચના ઉદ્યોગપતિઓ અને નેતાઓ સાથે ૫૮ જેટલી હાઈ-લેવલ ‘‘વન-ટુ-વન’’ બેઠકો યોજશે.

રાજ્યના ઉદ્યોગમંત્રી હર્ષ સંઘવીનો મુખ્ય હેતુ ગુજરાતની ઔદ્યોગિક ઇકોસિસ્ટમને મજબૂત કરવાનો અને રાજ્યના યુવાનો માટે મોટા પાયે નવી રોજગારીની તકો ઉભી કરવાનો છે. રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ આ મુલાકાત દરમિયાન વિશ્વની નામાંકિત કંપનીઓ જેવી કે AP Moller Maersk, Engie, EDF, Johnson Controls, Sumitomo Group, Linde, SEALSQ A Tillman Global ના વડાઓ સાથે રૂબરૂ ચર્ચા કરશે. આ બેઠકો દ્વારા ગુજરાતમાં નવી ટેકનોલોજી લાવવા, ઇનોવેશનને પ્રોત્સાહન આપવા અને લાંબા ગાળાના આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ગુજરાત સરકારનો પ્રયાસ છે કે ગ્લોબલ વેલ્યુ ચેઈનમાં ગુજરાત એક મહત્વના ભાગીદાર તરીકે ઊભરી આવે. આ ફોરમમાં રોકાણ આકર્ષવા ઉપરાંત, વૈશ્વિક નીતિવિષયક ચર્ચાઓમાં પણ ગુજરાતનો અવાજ બુલંદ રહેશે. હર્ષ સંઘવી વિવિધ પ્રતિષ્ઠિત સત્રોમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને ગુજરાતનું વિઝન રજૂ કરશે. તેઓ ‘‘નવી ભૌગોલિક-આર્થિક વ્યવસ્થામાં ભારત’’, સ્પોર્ટ્સની શક્તિઃ ભવ્યતાથી વારસા તરફ, ‘‘કોલ ટુ ક્લીન ઇનિશિયેટિવ’’ અંતર્ગત એનર્જી ટ્રાન્ઝિશન, ‘‘મિશન વોટર’’ દ્વારા જળ સુરક્ષા અને ‘‘સસ્ટેનેબિલિટી’’ જેવા વિષયો પર ગુજરાતના સફળ વિકાસ મોડલની વાત દુનિયા સમક્ષ મૂકશે. આ સત્રો દ્વારા ગુજરાત પોતાની વિકાસગાથાને વૈશ્વિક ફલક પર ઉજાગર કરશે.

## વડોદરા હરણી બોટકાંડ મામલે ન્યૂ સનરાઈઝ સ્કૂલ સામે વાલીઓએ ₹૧૬.૬૧ કરોડના વળતરનો દાવો માંડ્યો

અમદાવાદઃ વડોદરાના હરણી લેકઝોનમાં થયેલા બોટકાંડ મામલે હવે પીડિત પરિવારોએ ન્યૂ સનરાઈઝ સ્કૂલ સામે મોરચો માંડ્યો હતો. શાળાની ગંભીર બેદરકારીને કારણે વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાયા હોવાનો આક્ષેપ કરી ૧૧ વાલીઓએ વડોદરાની ગ્રાહક સુરક્ષા કોર્ટના દ્વાર ખખડાવ્યા હત. વાલીઓએ અલગ-અલગ ફરિયાદો દાખલ કરી પ્રત્યેક કેસમાં રૂ. ૧ કરોડ ૫૧ લાખના વળતરની માગ કરી હતી, જે મુજબ કુલ રૂ. ૧૬ કરોડ ૬૧ લાખનો જંગી વળતર દાવો માંડવામાં આવ્યો હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર, વાલીઓની ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ શાળા દ્વારા પ્રતિ વિદ્યાર્થી રૂ. ૭૫૦ વસૂલ કરી હરણી લેકઝોન ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોપ છે કે આ પ્રવાસ માટે જરૂરી સરકારી મંજૂરી મેળવવામાં આવી નહોતી અને સલામતીના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરાયું હતું. યોગ્ય દેખરેખના અભાવે આ કરુણ દુર્ઘટના સર્જાઈ હતી. દુર્ઘટના બાદ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા શાળાને માત્ર રૂ. ૧૦,૦૦૦નો નજીવો દંડ ફટકારાયો હતો.

ગ્રાહક કોર્ટમાં રજૂ કરેલી દલીલોમાં વાલીઓએ જણાવ્યું હતું કે, શાળાએ ફી વસૂલવા છતાં સુરક્ષિત સેવા આપવામાં નિષ્ફળ રહી હતી, જે સ્પષ્ટપણે સેવામાં ખામી અને ગુનાહિત બેદરકારી દર્શાવે છે. પોતાના વહાલસોયા સંતાનો ગુમાવનારા પરિવારોએ માનસિક આઘાત અને આર્થિક નુકસાનના બદલામાં આ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસની વધુ સુનાવણી ગ્રાહક કોર્ટમાં આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રહેમાને બોલિવૂડમાં કોમવાદની વાત કરીને ગૌરવ ઘટાડ્યું

**ભારતીય** સિનેમાના મહાનતમ સંગીતકારોમાંથી એક એ. આર. રહેમાને આપેલા એક નિવેદનના કારણે બબાલ થઈ ગઈ છે. રહેમાનને છેલ્લાં કેટલાંક વરસોથી બોલિવૂડમાં કામ ઓછું મળી રહ્યું છે. રહેમાને એ અંગે બળાપો કાઢ્યો છે કે, બોલિવૂડમાં હવે ક્રિયેટિવિટી ઓછી થતી જાય છે એ પોતાના જેવા સંગીતકારની ડીમાન્ડ ઓછી થઈ હોવા પાછળનું કારણ છે અને સાથે સાથે બોલિવૂડમાં કોમવાદ વધી રહ્યો હોવાનું કારણ પણ હોઈ શકે છે.

રહેમાનના આ નિવેદને તેમના ચાહકોને પણ આંચકો આપી દીધો છે કેમ કે રહેમાન જેવા માણસ પાસેથી કોઈને આવી બકવાસ વાતની અપેક્ષા નહોતી. રહેમાન લગભગ ત્રણ દાયકા સુધી બોલિવૂડના સૌથી વ્યસ્ત સંગીતકાર રહ્યા ને દેશના સૌથી લોકપ્રિય સંગીતકાર પણ રહ્યા. એ વખતે રહેમાનને બોલિવૂડમાં કોમવાદ નહોતો દેખાતો ને હવે કામ ઓછું મળવા માંડ્યું તેથી કોમવાદની વાતે ચડી ગયા તેનો આઘાત લાગે જ.

રહેમાનને બોલિવૂડમાં કામ ઓછું મળી રહ્યું હોવાના બીજાં ઘણાં કારણો હોઈ શકે છે પણ કોમવાદ તો કારણ નથી જ. રહેમાન ભારતમાં તો અત્યારે સૌથી મોટા સંગીતકાર છે જ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના નામના ડંકા વાગે છે. અનેક આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટમાં કામ કરી ચૂકેલા રહેમાન બબ્બે ઓસ્કાર એવૉર્ડ જીતી ચૂક્યા છે. આ કારણે તેમની ફી બીજા સંગીતકારો કરતાં ઉંચી હોય તેથી બધાંને ના પરવડે. આ ઊંચી ફીના કારણે નિર્માતા રહેમાનનો સંપર્ક કરવાનું ટાળતા હોય એ શક્ય છે.

છેલ્લાં કેટલાંક વરસોમાં બોલિવૂડની ફિલ્મોનું સ્વરૂપ પણ બદલાયું છે. રહેમાન ૧૯૯૦ના દાયકામાં આવ્યા ત્યારે રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મો બનતી. એ વખતે ફિલ્મોમાં પાંચ-છ ગીતો હોય એ સામાન્ય ગણાતું કેમ કે ફિલ્મના મ્યુઝિકમાંથી નિર્માતાઓને તગડી કમાણી થતી. રહેમાનની કારકિર્દીના શરૂઆત વખતે કેસેટ્સનો જમાનો હતો તેથી બહુ જંગી કમાણી થતી.

રહેમાનની ફી એ વખતે પણ ઊંચી જ હશે પણ રહેમાન બહુ સારું મ્યુઝિક આપતા ને તેમનાં મોટા ભાગનાં ગીતો સુપરહીટ થતાં તેથી કમાણીની લાલચમાં રહેમાનને નિર્માતાઓ ઉંચી ફી આપીને સાઈન કરતા. હવે ફિલ્મના મ્યુઝિકમાંથી એવી તોતિંગ કમાણી થતી નથી. કેસેટ્સ જતી રહી ને તેના બદલે સીડી આવી. સીડી ગઈ પછી પેન ડ્રાઈવમાં લોકો સોંગ ડાઉનલોડ કરતા ને હવે તો કશાની જરૂર નથી. સીધા મોબાઈલમાં જ ગીત આવી જાય છે ને નિર્માતાઓને સોંગની એપ્સ પહેલાં જેવી કમાણી કરાવી આપતી નથી તેથી મ્યુઝિક પહેલાં જેવો મલાઈદાર બિઝનેસ નથી રહ્યો. આ કારણે પણ નિર્માતાઓને મોંઘા સંગીતકારોને લેવામાં રસ નથી પડતો.

ઘણા નિર્માતાઓ તો સાવ સસ્તામાં કામ કરતા ડી.જે. ટાઈપ સંગીતકારો પાસે જૂનાં ગીતો રિમિક્સ કરાવીને જ કામ ચલાવી લે છે પછી રહેમાન જેવા મોંઘાદાટ સંગીતકારોને કામ આપીને બજેટ શું કરવા વધારે ? છેલ્લાં કેટલાંક વરસોમાં બોલિવૂડની ફિલ્મો બહુ ચાલતી જ નથી તેથી હવે લો બજેટ ફિલ્મોનું ચલણ વધ્યું છે. બજેટ ઘટાડવાના ચક્કરમાં કહેવાતા સુપરસ્ટાર્સને બાજુ પર મૂકીને સસ્તા એક્ટર્સને લેવાય છે તો પછી સંગીતના બજેટમાં કાપ આવે તેમાં તો કોઈ નવાઈ જ નથી.

બીજું એ કે, હવે ફિલ્મોમાં વધારે ગીતો જ નથી હોતાં. બહુ બહુ તો ચારેક ગીતો હોય. ગયા વરસે આવેલી સૈયાંરા તેના મ્યુઝિકના કારણે હીટ થઈ હતી. સૈયારા ફિલ્મમાં કુલ સાત ગીત હતાં ને તેમાંથી બે ગીત તો રિપીટ હતાં તેથી કુલ ગીત પાંચ જ હતાં. સૈયારા તો રોમેન્ટિક મ્યુઝિકલ મૂવી હતી છતાં તેમાં પાંચ જ ટ્યૂન હતી તેના પરથી જ ફિલ્મોમાં સંગીતનું મહત્ત્વ કેટલું ઘટ્યું છે એ સ્પષ્ટ છે.

ગીતોના કારણે ફિલ્મોની લંબાઈ વધી જાય છે તેના કારણે આ ફેરફાર આવ્યો છે. ૧૯૯૦ના દાયકામાં હિંદી ફિલ્મો સામાન્ય રીતે પણ અઢી કલાકની બનતી. હવે આટલી લાંબી ફિલ્મો જ નથી બનતી. મોટા ભાગની ફિલ્મો બે કલાકથી ઓછી લેંથની જ હોય છે તેના કારણે પણ રહેમાન જેવા સંગીતકારોને કામ મળતું ઓછું થયું છે.

રહેમાન જેવા સેલિબ્રિટી સંગીતકાર સાથે કામ કરવા કરતાં નવા સંગીતકાર સાથે કામ કરવું નિર્માતા માટે સરળ હોય છે તેથી પણ રહેમાનની માગ ઘટી છે. નવા સંગીતકારને ગમે તે કહી શકાય ને તેની પાસે મજૂરી કરાવીને સારું કામ કઢાવી શકાય જ્યારે રહેમાનને બે શબ્દો કહેવા હોય તો નિર્માતાએ બહુ હિંમત બતાવવી પડે એ પણ કામ ઓછું મળવાનું કારણ હોઈ શકે.

રહેમાન વચ્ચેનાં વરસોમાં આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં બહુ બિઝી થઈ ગયેલા સ્લમડોગ મિલિયોનેર માટે ઓસ્કાર એવોર્ડ મળ્યો પછી રહેમાન વિદેશી ફિલ્મોમાં જ વ્યસ્ત રહેતા તેથી બોલિવૂડ સાથેનો સંપર્ક તૂટી ગયો એ પણ કારણ હોઈ શકે.

આપણને રહેમાનને કામ ઓછું મળવા માટે ખરેખર શું કારણ જવાબદાર છે એ ખબર નથી પણ કોમવાદ તો કારણ નથી જ એ ખબર છે. કોમવાદ કારણ હોય તો શાહરૂખ ખાન, સલમાન ખાન કે નવાઝુદ્દીન સિદ્દીકી જેવા એક્ટર પણ નવરા થઈ જાય ને અનીસ બઝમી કે કબીર ખાન જેવા ડિરેક્ટર્સને પણ કામ મળતું બંધ થઈ જાય.

રહેમાન મહાન સંગીતકાર છે તેમાં બેમત નથી. હિંદી ફિલ્મોના બિબાંઢાળ સંગીતથી અલગ સંગીત આપીને રહેમાને લોકોનું બહુ મનોરંજન કર્યું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ દેશને નામના આપવી જ છે તેથી તેમના યોગદાનને સલામ કરવી જ પડે. બદલામાં આ દેશનાં લોકોએ રહેમાનને અભૂતપૂર્વ પ્રેમ અને માન આપ્યાં છે ત્યારે રહેમાને દેશમાં સૌથી સેક્યુલર મનાતી ઈન્ડસ્ટ્રી પર કોમવાદનું લેબલ લગાવવાથી દૂર રહેવું જોઈએ. આવી વાત કરવી રહેમાન જેવા મહાન સંગીતકાર માટે શોભાસ્પદ નથી, તેમના માટે ગૌરવપ્રદ પણ નથી. જે બોલિવૂડે બહારના હોવા છતાં રહેમાનને માથા પર બેસાડ્યા તેને હવે કામ નથી મળતું એ કારણે કોમવાદી ગણાવીને સાવ નગુણા બનવાથી રહેમાને દૂર રહેવું જોઈએ.

રહેમાને એક વાસ્તવિકતા પણ સ્વીકારવી જરૂરી છે. બોલિવૂડમાં રહેમાન પહેલા એવા સંગીતકાર નથી કે જેમની આ હાલત થઈ હોય. હિંદી ફિલ્મોમાં ઈતિહાસ રચનારા મહાન સંગીતકારોને પણ એક તબક્કા પછી કામ મળવાનું બંધ થઈ ગયું હોય એવી સ્થિતી થઈ જ છે. નૌશાદ અલી, શંકર જયકિશન, ઓ.પી. નૈયર, લક્ષ્મીકાન્ત-પ્યારેલાલ, કલ્યાણજી-આણંદજી, રાહુલ દેવ બર્મન સહિતના ધુરંધર સંગીતકારોને પણ એક તબક્કા પછી કામ મળતું બંધ થઈ ગયું હતું.

આ યાદીમાં બીજા પણ ઘણાં નામો છે. નૌશાદ અને નૈયર ઘણા સંગીતકારો વાસ્તવિકતા સ્વીકારીને ગૌરવભેર ખસી ગયા ને જે ના ખસ્યા તેમણે નાલેશી સહન કરવી પડી. રહેમાને પણ મળે એ કામ કરવું એવો અભિગમ અપનાવીને ગૌરવ જાળવવું જોઈએ, બીજો બકવાસ ના કરવો જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, સોમવાર, તા. ૧૯–૧–૨૦૨૬, ઈષ્ટિ

- ભારતીય દિનાંક ૨૯, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ–૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ–૧
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧લો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૧૧–૫૧ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨–૧૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૦૧ (તા. ૨૦)
- ઓટઃ સાંજે ક.૧૮–૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૭–૧૧ (તા. ૨૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ શુક્લ – પ્રતિપદા. ઈષ્ટિ, માઘ શુક્લાદિ. સવારે ક. ૧૧–૫૧ પછી શુભ.

શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૧–૫૧ પછી શુભ.

મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, શાંતિ પૌષ્ટિક, સર્વ શાંતિ પૂજા, શુકલ પ્રતિપદાના વિશેષરૂપે દેવદર્શન, દેવનૈવેદ્ય અર્પણ, કંસાર, લાપસીના નૈવેદ્ય, અન્નપ્રાશન, દેવદર્શન, નામકરણ, દુકાન વેપાર, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, વિશ્વદેવતા, ધ્રુવદેવતાનું પૂજન.

- માઘ માસ સંક્ષિપ્તઃ માઘ શુક્લ પક્ષમાં ચતુર્દશી તિથિનો ક્ષય, દિવસ–૧૪, કૃષ્ણપક્ષમાં આઠમની વૃદ્ધિ, દિવસ–૧૬ એમ કુલ ૩૦ દિવસનો આ માસ છે. માઘ પૂર્ણિમાનું પૂનમનું ગ્રહણ નથી. માઘ અમાસ તા. ૧૭ ફેબ્રુઆરીનું કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ. આ માસમાં તા. ૧૫મી ફેબ્રુઆરી, રવિવારે મહાશિવરાત્રિ મુખ્ય પર્વ છે. આ માસના મુહૂર્તોઃ લગ્ન જાન્યુ. તા. ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ફેબ્રુઆરી તા. ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૩, ખાત, ઉપનયનઃ તા. ૫ ફેબ્રુઆરી.
- આચમનઃ ચંદ્ર–શુક્ર યુતિ કુટુંબમાં જવાબદારી આવી પડે. બુધ–હર્ષલ ત્રિકોણ શોધક બુદ્ધિના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર યુતિ, બુધ–હર્ષલ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–મકર, મંગળ–મકર માર્ગી બુધ–મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## કાશ્મીરના સોનમર્ગમાં ઠંડી માઈનસ ૮.૯ ડિગ્રી

નવી દિલ્હીઃ ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું યથાવત્ રહ્યું હતું અને રવિવારે કાશ્મીરના સોનમર્ગમાં માઈનસ ૮.૯ ડિગ્રી તેમ જ પંજાબના અમૃતસરમાં ૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દક્ષિણ કાશ્મીરના સોપિયાં જિલ્લામાં માઈનસ ૬.૭ ડિગ્રી અને શ્રીનગરમાં માઈનસ ૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હરિયાણાના નૂહમાં ભારે ધુમ્મસને કારણે કુંડલી-માનેસર-પાલવલ (કેએમપી) એક્સપ્રેસવે પર થયેલા અકસ્માતમાં એક ટ્રક ડ્રાઈવર સહિત બે જણનાં મોત થયાં હતાં. અકસ્માતને કારણે વાહનવ્યવહાર ખોરવાઈ જતાં ટ્રાફિકજૅમની સમસ્યા સર્જાઈ હતી.

પંજાબ અને હરિયાણાની રાજધાની ચંડીગઢમાં ૫.૫ ડિગ્રી, પટિયાલામાં ૫.૪ ડિગ્રી, ફરીદકોટમાં ૬.૪ ડિગ્રી, ગુરુદાસપુરમાં ૫.૮ ડિગ્રી અને ભટિંડામાં ૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રવિવારે સવારે દિલ્હીમાં પણ ભારે ધુમ્મસ છવાઈ ગયું હતું અને તાપમાન ૫.૩ ડિગ્રી રહ્યું હતું.

ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં ભારે ધુમ્મસને કારણે ૨૦ જેટલા વાહનો અથડાયાં હતાં. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હોવા ઉપરાંત ઓછામાં ઓછા ૨૪ જણ ઘાયલ થયા હોવાનું પોલીસે કહ્યું હતું. (એજન્સી)

## છત્તીસગઢમાં છ નક્સલવાદી ઠાર

બિજાપુરઃ છત્તીસગઢના બિજાપુરમાં સુરક્ષા દળ સાથેની અથડામણમાં ચાર નક્સલવાદી ઠાર મરાયાના એક દિવસ બાદ ચાલુ રહેલી એ જ કાર્યવાહી દરમિયાન રવિવારે વધુ બે નક્સલવાદી ઠાર મરાતાં આ આંકડો છ પર પહોંચ્યો હોવાનું પોલીસે કહ્યું હતું. જિલ્લાના વાયવ્ય વિસ્તારના જંગલ વિસ્તારમાં રવિવારે સવારે સુરક્ષા દળ સાથે થયેલી અથડામણમાં વધુ બે નક્સલવાદી ઠાર મરાયા હોવાનું જણાવતાં બિજાપુરના સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ જિતેન્દ્ર યાદવે કહ્યું હતું કે સુરક્ષા દળની સંયુક્ત ટુકડી દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જોકે રવિવારે ઠાર મરાયેલા બે નક્સલવાદીની ઓળખ કરવાની હજુ બાકી છે. ઘટનાસ્થળેથી એક એકે-૪૭ સહિત આઈએનએસએએસ રાઈફલ, કાર્બાઈન અને ૦.૩૦૩ રાઈફલ કબજે કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

અગાઉ ૩ જાન્યુઆરીએ ૧૪ નક્સલવાદીને ઠાર મારવામાં આવ્યા હતા. આ સાથે જ આ વરસે રાજ્યમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૦ નક્સલવાદી ઠાર મરાયા હોવાનું તેમણે કહ્યું હતું.

અગાઉ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં વરિષ્ઠ કેડર દિલીપ બેડજા સહિત બે નક્સલવાદીઓને ઠાર કરાયા હતા. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર જિલ્લાના ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રના પહાડી જંગલમાં સવારે એન્કાઉન્ટર થયું હતું. જ્યાં સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમ નક્સલ વિરોધી અભિયાન ચલાવી રહી હતી. અધિકારીએ જણાવ્યું કે ગોળીબારમાં માર્યા ગયેલા બીજા કેડરની ઓળખ હજુ સુધી થઇ શકી નથી. (એજન્સી)

## અમેરિકાનો સિરિયા પર વધુ એક હુમલો

વૉશિંગ્ટનઃ અમેરિકાએ સિરિયા પર કરેલા જવાબી હુમલાના ત્રીજા રાઉન્ડમાં અલ કાયદા સાથે સંકળાયેલા એક નેતાને ઠાર મરાયો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ આને ગયા મહિને ઈસ્લામિક સ્ટેટના સભ્યે મારેલા છાપામાં અમેરિકાના બે સૈનિક અને અમેરિકાના દુભાષીયા માર્યા ગયા હતા.અમરિકન અધિકારીઓ દાવો કરે છે કે આ છાપા મારવા માટે સીધો જવાબદાર ઈસ્લામિક સ્ટેટ મેમ્બરને મારી નખાયો હતો. અમેરિકના સેન્ટ્રલ કમાન્ડે જાહેરાત કરી હતી કે શુક્રવારે વાયવ્ય સિરિયામાં કરેલા હુમલામાં અનુભવી આતંકવાદી નેતા બિલાલ હસન અલ-જાસીમને મારી નખાયો હતો. આ આતંકવાદી નેતા ૧૩ ડિસેમ્બરના હુમલાનો કાવતરાબાજ હતો. . ૧૩ ડિસેમ્બરના હુમલામાં સાર્જન્ટ એજગર બ્રાયન ટોરીસ -ટોવર, વિલયમ માથાનીયેલ હાવર્ડ અને દુભાશિષયા અયદ મન્સૂર સાકત માર્યા ગયા હતા. સેન્ટ્રલ કમાન્ડે કહ્યું હતું કે ત્રણ અમેરિકનોના મરણ સાથે સંકળાયેલા આતંકવાદીને મારી નાખવામાં આવ્યો છે. આ બતાડે છે કે આતંકવાદી હુમલો કરનાર માટે કોઈ સલામત જગ્યા નથી. (એજન્સી)

## ઝારખંડમાં જાનને અકસ્માતઃ પાંચનાં મોત

ઝારખંડઃ ઝારખંડના લાટેહર જિલ્લામાં રવિવારે જાનૈયાઓને લઈને જઈ રહેલી બસને નડેલા અકસ્માતમાં ઓછામાં ઓછા પાંચ જણનાં મોત થયાં હોવા ઉપરાંત પચીસ જણ ઘાયલ થયા હોવાનું પોલીસે કહ્યું હતું.

માહુઆદન પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ઓરસા વેલી વિસ્તારમાં આ અકસ્માત થયો હતો. છત્તીસઘઢના બલરામપુર જિલ્લાથી જાનૈયાઓને લઈને લાટેહર જતાં આ બસ અકસ્માત થયો હોવાનું જણાવતાં સુપરિટેન્ડ્ન્ટ ઑફ પોલીસ કુમાર ગૌરવે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે પાંચ જણનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં અને ઈજાગ્રસ્તોને સાપવાપાખે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઘટનાને મામલે તપાસ ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

## માલગાડી પાટા પરથી ખડી પડી

પલક્કડઃ પટ્ટામ્બીમાં રવિવારે એક માલગાડી પાટા પરથી ખડી પડી હતી અને આને લીધે અનેક પેસેન્જર ટ્રેન મોડી પડી હતી, એવી માહિતી રેલવે અધિકારીએ આપી હતી.

સધર્ન રેલવેના પલક્કડ ડિવિઝનના પ્રવક્તાએ કહ્યું હતું કે સાવારના સાડાઅગિયાર વાગ્યે માલગાડીના એક ડબ્બાના પૈડા પાટા પરથી ઊતરી ગયા હતા. બપોરના એક કલાકે સેવાઓ યથાવત્ કરાઈ હતી

રેલવે પેસેન્જર અસોસિયેશનના સભ્યોએ કહ્યું હતું કે ચાર પેસેન્જર ટ્રેન એક કલાક માટે મોડી દોડતી હતી. આ ગાડી પાલીપુરમ સ્ટેશનથી પસાર થવાની હતી.

માલગાડી પાટા પરથી ખડી પડતા બે લોકલ ટ્રેન રદ કરાઈ હતી અને સેવા ખોરવાઈ ગઈ હતી. (એજન્સી)

## સરહદે એકે-૪૭ રાઈફલ, પિસ્તોલ, દારૂગોળો જપ્ત

નવી દિલ્હીઃ પંજાબની પઠાણકોટ પોલીસે કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ સાથે મળીને ભારત-પાકિસ્તાન સરહદ નજીક નરોટ જમાલ સિંહના સરહદી વિસ્તારમાંથી ભારે માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો.

આ જથ્થો રાજ્યમાં શાંતિ ભંગ કરવા માટે પાકિસ્તાનથી મોકલવામાં આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. જપ્ત કરાયેલા જથ્થામાં ત્રણ એકે-૪૭ રાઇફલ, પાંચ મેગેઝિન, બે પિસ્તોલ(તુર્કી અને ચીનમાં બનેલી), બે મેગેઝિન અને ૯૮ જીવતા કારતૂસોનો સમાવેશ થાય છે.ડીઆઇજી બોર્ડર રેન્જ સંદીપ ગોયલે જણાવ્યું કે ગુપ્ત માહિતીના આધારે જાણવા મળે છે કે આ જથ્થો પાકિસ્તાનની જમીન પર કાર્યરત અપરાધીમાંથી આતંકવાદી બનેલા રિંડાએ મોકલ્યો હતો. તે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, ઇન્ટર-સર્વિસિસ ઇન્ટેલિજન્સ(આઇએસઆઇ)ના સંપૂર્ણ સમર્થનથી કામ કરી રહ્યો હોવાનું માનવામાં આવે છે. આ જપ્તી બાદ પોલીસે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન વધુ તેજ બનાવ્યું છે. તેમજ આમાં સંડોવાયેલા લોકોની ધરપકડ કરવા માટે અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ આ નેટવર્કને તોડવા અને ભવિષ્યમાં કોઇપણ જોખમને નાથવા માટે સાથે મળીને કામ કરી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

## આસામમાં ₹ ૯,૬૫૭ કરોડના કોરિડોરનો શિલાન્યાસ

કાલયિબોરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આસામના નાગાંવ જિલ્લામાં રૂ. ૯૬૫૭ કરોડના કાઝિરંગા ઍલિવેટેડ કોરિડોરનો શિલાન્યાસ કર્યો હતો અને બે અમૃત ભારત ટ્રેનને વર્ચ્યુઅલી લીલી ઝંડી આપી હતી. રાજ્યની બે દિવસની મુલાકાતના અંતિમ તબક્કામાં ગુવાહાટી આવી પહોંચેલા મોદીએ કાઝિરંગા પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું હતું. આ કોરિડોરનો મુખ્ય આશય કાઝિરંગા નેશનલ પાર્કમાં વન્યજીવોની ગતિવિધિઓ અને ટાઈગર રિઝર્વને વધુ સુરક્ષિત કરવાનો, નેશનલ હાઈવે-૭૧૫ પર અકસ્માત ઘટાડવાનો, ઈકો ટૂરિઝમને વેગ આપવાનો અને સ્થાનિક સ્તરે રોજગારની તક ઊભી કરવાનો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. મોદીએ કાઝિરંગા ઍલિવેટેડ કોરિડોરના મૉડેલની સમીક્ષા કરી હતી. મોદીએ દિબ્રુગઢ-ગોમતીનગર (લખનઊ) અને કામાખ્યા-રોહતક એમ બે અમૃત ભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. આ ટ્રેન પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણા સહિત દેશના વિવિધ રાજ્યો સાથે આસામની કનેક્ટિવિટી વધારશે, પ્રવાસનો સમય ઘટાડશે અને પ્રવાસીઓને અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### બંગાળમાં ₹ ૮૩૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ શરૂ કરાયા

સિંગૂરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પશ્ચિમ બંગાળમાં રૂ. ૮૩૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ લૉન્ચ કર્યા હતા અને કોલકાતાને દેશના અન્ય વિસ્તારો સાથે જોડતી ત્રણ અમૃત ભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. હૂગલી જિલ્લાના સિંગૂર ખાતે યોજાયેલા એક સમારોહ દરમિયાન વડા પ્રધાને જયરામબાતી-બારોગોપિનાથપુર-માયનાપુર રેલવે લાઈનનું ઉદ્ઘાટન કર્યું હતું તેમ જ માયનાપુર અને જયરામબાતી વચ્ચે ટ્રેનને લીલી ઝંડી આપી હતી. કેન્દ્ર સરકારની આ તમામ યોજનાઓ પશ્ચિમ બંગાળના વિકાસને વેગ આપશે. વિકસિત પૂર્વ ભારતના લક્ષ્યને પાર પાડવા કેન્દ્ર સરકાર કામ કરી રહી હોવાનું મોદીએ કહ્યું હતું. મોદીએ હૂગલીના બાલાગઢ જિલ્લા ખાતે ઈનલેન્ડ વૉટર ટ્રાન્સપોર્ટ (આઈડબ્લ્યુટી) ટર્મિનલ અને પોડ ઑવર બ્રિજ (આરઓબી) સહિત એક્સટેન્ડેડ પોર્ટ ગૅટ સિસ્ટમની શીલારોપણવિધિ પણ કરી હતી, એમ વડા પ્રધાનના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. મોદીએ કોલકાતાને દિલ્હી, વારાણસી અને ચેન્નઈ સાથે જોડતી ત્રણ અમૃત ભારત ટ્રેનને પણ લીલી ઝંડી આપી હતી. આ ટ્રેન હાવડા-આનંદવિહાર ટર્મિનલ, સિલદાહ-બનારસ અને સાન્ત્રાગાચી-તામ્બારામ રૂટ પર દોડશે.

## ગોવામાં ચાર્લ્સ શોભરાજની સ્ટાઈલથી અનેક હત્યા કરનારો ઝડપાયો

પણજીઃ ગોવામાં ચાર્લ્સ શોભરાજની સ્ટાઇલથી અનેક હત્યા કરનારો એક રશિયન પુરુષ પકડાયો છે. બે રશિયન મહિલાઓની હત્યાના આરોપી ૩૭ વર્ષીય રશિયન પુરુષે ગોવા સહિત વિવિધ સ્થળોએ અનેક હત્યાઓ કર્યાની કબૂલાત કરી છે. અત્યાર સુધીમાં બે મહિલાઓના મૃતદેહ મળી આવ્યા છે. આ જાણકારી પોલીસ શનિવારે આપી હતી.

એલેક્સી લિયોનોવની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી. તેની લિવ-ઇન પાર્ટનર ગણાતી એલેના કાસ્તાનોવા(૩૭)નો મૃતદેહ ઉત્તર ગોવાના અરમ્બોલમાં ગળું કાપેલી હાલતમાં મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન અપરાધી પોલીસને મોરજિમ ગામમાં બીજી મહિલા એલેના વાનીવા(૩૭)ના મૃતદેહ તરફ દોરી ગયો હતો. પોલીસનું માનવું છે કે તેની હત્યા ૧૪ જાન્યુઆરીની રાત્રે કરવામાં આવી હતી.

શનિવારે લિયોનોવ પોલીસને કોરગાંવ ગામ લઇ ગયો હતો. જ્યાં તેણે દાવો કર્યો કે તેણે ૪૦ વર્ષીય આસામી મહિલાની ડ્રગ આપીને હત્યા કરી હતી. આ કેસ સાથે જોડાયેલા ગોવા પોલીસ અધિકારીએ જણાવ્યું કે પૂછપરછ દરમિયાન તેણે કહ્યું કે તેણે જે બે મહિલાઓના મૃતદેહ મળી આવ્યા માત્ર તેની જ હત્યા કરી નથી. અમે તેના દાવાઓની તપાસ કરી રહ્યા છીએ અને જો અમને પુરાવા મળશે તો કાર્યવાહી કરીશું.

અધિકારીએ વધુમાં જણાવ્યું કે આરોપી પોતાના નિવેદનો બદલી રહ્યો છે. અમે હજુ સુધી તેના ઉદ્દેશ્યનું કારણ જાણી શક્યા નથી. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે તે સાઇકોટ્રોપિક પદાર્થોના પ્રભાવ હેઠળ છે. તેથી તેના નિવેદનોની ચકાસણી કરવાની જરૂર છે.

પેરનેમમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસે બે રશિયન મહિલાઓની હત્યાના આરોપસર લિયોનોવને ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો છે. લિયોનોવ ૨૦૨૩થી લાંબા ગાળાના વિઝા પર આરામબોલ વિસ્તારમાં રહેતો હતો. પોલીસે લિયોનોવ વિરુદ્ધ અલગ અલગ કેસ નોંધ્યા છે.

## બાંગ્લાદેશમાં એક વધુ હિન્દુની હત્યા

ઢાકાઃ બાંગ્લાદેશના ગાઝીપુર ખાતે કેળા અંગે ઝઘડો થતાં એક કુટુંબના ત્રણ સભ્યોએ એક હિન્દુને મરણોતલ માર માર્યો હતો, એવો અહેવાલ સ્થાનિક પ્રસાર માધ્યમોએ આપ્યો હતો. એ વાતને સમર્થન મળ્યું નથી કે ગાઝીપુર જિલ્લાના કાલિગંજ વિસ્તારમાં શનિવારે બનેલા બનાવને તાજેતરમાં બાંગ્લાદેશમાં જોવા મળતી હિંદુઓ સામેની હિંસા સાથે સંબંધ છે કે નહીં. મૃતકનું નામ લિટન ચંદ્ર ઘોષ હતું અને તેઓ પંચાવન વર્ષના હતા એક અખબારના જણાવ્યા પ્રમાણે ઘોષ બૈશાખી સ્વીટમીટ ઍન્ડ હોટેલના માલિક હતા.

કાલિગંજ પોલીસ સ્ટેશનના ઑફિસર-ઈન-ચાર્જ ઝાકીર હુસેનના જણાવ્યા પ્રમાણે એક કુટુંબના ત્રણ સભ્યો સ્વપ્ન મિયા (૫૫), તેમના તેમનાં પત્ની માજેદા ખાતુન (૪૫) અને તેમના પુત્ર માસુમ મિયા (૨૮) ને આ હત્યા માટે સંડોવાયા હોવાથી ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે કહ્યું હતું કે માસભન કેળાની ખેતી કરે છે. માસુમે કેળાના ઘણા ઝૂંડ ગાયબ જોયા હતા. લિટનની હોટેલમાં કેળા દેખાતા બન્ને કુટંબો વચ્ચે દલીલ થઈ હતી. પોલીસે કહ્યું હતું કે આરોપીએ લિટનને મુક્કા અને લાત મારવામાં આવતા તે જમીન પર પડી ગયો હતો અને ઘટનાસ્થળે જ મરણ પામ્યો હતો. લિટનના કુટુંબના જણાવ્યા પ્રમાણે માસુમ સવારે અગિયાર વાગ્યે હોટેલ આવ્યો હતો. તેને ત્યારે નજીવી બાબતે હોટેલના કર્મચારી સાથે બોલાચાલી થઈ હતી. ત્યાર બાદ માસુમના માતાપિતા હોટેલ આવ્યા હતા અને લડાઈમાં જોડાયાં હતાં.

## રાજ્યસભામાં ૧૯ બિલ પેન્ડિંગ, સૌથી જૂનું ૧૯૯૨નું છે

નવી દિલ્હીઃ રાજ્યસભામાં ૧૯ સરકારી બિલ પેન્ડિંગ છે. જેમાંથી સૌથી જૂનું વસ્તી નિયંત્રણ સંબંધિત વર્ષ ૧૯૯૨નું છે. રાજ્યસભા એક કાયમી ગૃહ છે જે ક્યારેય ભંગ થતું નથી. તેના એક તૃતીયાંશ સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થાય છે.

લોકસભામાં પેન્ડિંગ બિલો ગૃહ ભંગ થયા બાદ સમાપ્ત થઇ જાય છે. રાજ્યસભામાં પેન્ડિંગ બિલો ક્યારેય સમાપ્ત થતા નથી. ઉપલા ગૃહના બુલેટિન અનુસાર હાલમાં ૧૯ બિલ પેન્ડિંગ છે. જેમાં સૌથી જૂનું બંધારણ(૭૯મો સુધારો) બિલ, ૧૯૯૨ છે.

આ બિલમાં રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોમાં સુધારો કરવાનો પ્રસ્તાવ છે, જેથી એ જોગવાઇ કરી શકાય કે રાજ્ય વસ્તી નિયંત્રણ અને નાના કુટુંબના નિયમને પ્રોત્સાહન આપે અને નાના કુટુંબના ધોરણને પ્રોત્સાહન આપવાનો અને અપનાવવાનો સમાવેશ મૂળભૂળ ફરજોમાં કરવામાં આવે. તેમાં એવો પણ પ્રસ્તાવ હતો કે જો કોઇ સાંસદ કે ધારાસભ્યને બે કરતાં વધુ બાળકો છે તો તેને અયોગ્ય જાહેર કરવામાં આવે.

પેન્ડિંગ બિલોમાં દિલ્હી ભાડું(સુધારા) બિલ, ૧૯૯૭નો પણ સમાવેશ થાય છે. જેને દિલ્હી ભાડું અધિનિયમ, ૧૯૯૫માં સુધારો કરવા માટે લાવવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય ભાડા નિયંત્રણ કાયદાઓને આધુનિક બનાવવાનો હતો. પરંતુ તેને ભાડૂઆતો અને મકાનમાલિકોના જૂથો તરફથી ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

અન્ય પેન્ડિંગ બિલોમાં બીજ બિલ-૨૦૦૪, આંતર-રાજ્ય પ્રવાસી કામદારો(રોજગાર અને સેવાની શરતોનું નિયમન) સુધારો બિલ-૨૦૧૧નો સમાવેશ થાય છે. યુપીએ-બેમાં રજૂ કરવામાં આવેલા અન્ય પડતર બિલોમાં મકાન અને અન્ય બાંધકામ કામદારો સંબંધિત કાયદા(સુધારા)બિલ-૨૦૧૩, રોજગાર વિનિમય(ખાલી જગ્યાઓની ફરજિયાત સૂચના) સુધારા બિલ-૨૦૧૩ અને સંસદીય અને વિધાનસભા મતવિસ્તારોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વનું પુનર્ગઠન(ત્રીજું) બિલ-૨૦૧૩નો સમાવેશ થાય છે.

એનડીએ શાસન દરમિયાન રજૂ કરવામાં આવેલા પેન્ડિંગ બિલોમાં બંધારણ(૧૨૫મો સુધારો)બિલ-૨૦૧૯ અને બિન-નિવાસી ભારતીયોના લગ્ન નોંધણી બિલ-૨૦૧૯નો સમાવેશ થાય છે. સૌથી નવું પેન્ડિંગ બિલ જંતુનાશક વ્યવસ્થાપન બિલ, ૨૦૨૦ છે.

# અમદાવાદ મહાનગરપાલિકામાં મેયરના ખર્ચના બોગસ બિલો ચૂકવાયાના કૌભાંડના આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મહાનગરપાલિકામાં ખુદ મેયરના નામે લાખો રૂપિયાનું બોગસ બિલ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની વિગતો બહાર આવતા મ્યુનિસિપલ આલમમાં ખળભળાટ મચી ગયો હતો.

મેયરને ફાળવવામાં આવતા વિશેષ ખર્ચના ભંડોળમાં જે કાર્યક્રમો યોજાયા જ નથી, તેના નામે નાણાં વિભાગમાં ખોટાં બિલો રજૂ કરી નાણાં હડપવાનું કારસ્તાન સામે આવ્યું હતું. એક આરટીઆઈ દ્વારા મગાવવામાં આવેલી વિગતોની ચકાસણી દરમિયાન ભાજપના સત્તાધીશોને શંકા જતા આ સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો.

મળતી વિગતો અનુસાર, આ ગંભીર મામલે મેયર પ્રતિભા જૈન, ડેપ્યુટી મેયર જતીન પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની સાથે તાકીદની બેઠક યોજી હતી.

બેઠકમાં જ્યારે બોગસ બિલોના પુરાવા રજૂ કરાયા ત્યારે કમિશનર નાણાં વિભાગના અધિકારીઓ પર ભારોભાર ગુસ્સે થયા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ખર્ચ ઓછો થયો હોય અથવા કાર્યક્રમ જ ન થયો હોય તેવા કિસ્સામાં પણ મોટી રકમના બિલો પાસ કરાવી દેવામાં આવ્યાં હતાં. આ મામલે ભાજપના પદાધિકારીઓએ ઉચ્ચ અધિકારીઓની મિલીભગત વગર આટલું મોટું કૌભાંડ શક્ય ન હોવાનો આરોપ કર્યો હોવાનું જણાવ્યું હતું.

કાર્યવાહીના ભાગરૂપે નાણાં વિભાગના ચીફ એકાઉન્ટન્ટ અમીષ શાહને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. આ પ્રકરણમાં કૌભાંડ દબાવવા માટે બે ક્લાર્કને સસ્પેન્ડ કરી દેવાયા હતા, પરંતુ કમિશનરે આ સસ્પેન્શન રદ કરી ઊંડાણપૂર્વક તપાસના આદેશ આપ્યા હતા. સમગ્ર પ્રકરણની તપાસ હવે વિજિલન્સ વિભાગને સોંપવામાં આવી હતી. સત્તાધારી પક્ષે માગ કરી હતી કે માત્ર નાના કર્મચારીઓને બલિનો બકરો બનાવવાને બદલે જવાબદાર તમામ ઉચ્ચ અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે. આ તપાસને પગલે મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટી તંત્રમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# અમદાવાદમાં એસ.જી. હાઈવે પર ટ્રિપલ અકસ્માત: ગાંધીનગરના વકીલના પુત્રનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના એસ.જી. હાઈવે પર વૈષ્ણોદેવી સર્કલ પાસે એક ભયાનક ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. ૧૮ જાન્યુઆરીની સવારે આશરે ૬:૩૦ વાગ્યે ભારે ધુમ્મસ વચ્ચે ફોર્ચ્યુનર કાર, બ્રેઝા કાર અને એસ.ટી. બસ વચ્ચે થયેલી આ અથડામણમાં એક યુવકનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને એસ.ટી. બસ પણ ડિવાઈડર પર ચઢી ગઈ હતી. અકસ્માતની વિગતો મુજબ, ગાંધીનગર તરફ પૂરપાટ ઝડપે જઈ રહેલી ફોર્ચ્યુનર કારના ચાલકે ઓવરટેક કરવાના પ્રયાસમાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર ડિવાઈડર કૂદીને સામેના ટ્રેક પર આવી ગઈ હતી અને હિંમતનગર-રાજકોટ રૂટની એસ.ટી. બસ સાથે જોરદાર અથડાઈ હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી બ્રેઝા કાર પણ અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં ફોર્ચ્યુનર કાર ચલાવી રહેલા ગાંધીનગરના જાણીતા વકીલ આઈ. બી. વાઘેલાના પુત્ર ધવલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ દુર્ઘટનામાં ફોર્ચ્યુનરની સહ-મુસાફર યુવતીને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ ઉપરાંત અફસાનાબાનુ ખલીફા (૨૩) અને રસૂલભાઈ આઝમ (૩૨) નામના અન્ય બે વ્યક્તિઓ પણ ઇજાગ્રસ્ત થયા હતા, જેની સારવાર ચાલી રહી હતી. સદનસીબે બસમાં સવાર મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો, જેને ગાંધીનગર પોલીસે ક્રેન દ્વારા વાહનો હટાવીને પુન: કાર્યરત કરાવ્યો હતો.

# એસઆઈઆરથી બોગસ નામો દૂર થશે અને લોકશાહી મજબૂત બનશે: સી. આર. પાટીલ

અમદાવાદ: સુરતમાં નવસારી જિલ્લા ભાજપ દ્વારા આયોજિત સંવાદ કાર્યક્રમમાં ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટીલે જનપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓને સંબોધિત કરતા મતદાર યાદી સુધારણા ઝુંબેશ પર ભાર મૂક્યો હતો. મોટી સંખ્યામાં હાજર રહેલા સરપંચો, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો અને કોર્પોરેટરોને સંબોધતા પાટીલે જણાવ્યું હતું કે, આ પ્રક્રિયા દેશના ભવિષ્ય માટે અત્યંત મહત્ત્વની છે. આ ઝુંબેશ દ્વારા યાદીમાં રહેલાં બોગસ નામો અને મૃતકોના નામ કમી કરવામાં આવશે, જ્યારે ૧૮ વર્ષ પૂર્ણ કરનારા તમામ યુવાનોના નામ ઉમેરીને પારદર્શક મતદાર યાદી તૈયાર કરવામાં આવશે, જેથી લોકશાહી વધુ સુદ્રઢ બને.

આ પ્રસંગે વિરોધ પક્ષો પર પ્રહાર કરતા પાટીલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ સહિતના પક્ષો આ પારદર્શક પ્રક્રિયામાં અડચણો ઊભી કરીને નાગરિકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

# વડોદરામાં ૧૦ લાખના લૂંટ કેસમાં અણધાર્યો વળાંક, ૨૦ દેશની ૨.૭૧ કરોડની ચલણી નોટ મળતા ચકચાર

(અમારાપ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરના હરણી વારસિયા રિંગરોડ પર આવેલી ચતુરભાઈ પાર્ક સોસાયટીમાં ૧૦ લાખની લૂંટ થઈ હતી. ગત ૧૬ જાન્યુઆરીના રોજ રાત્રિના આશરે ૮:૩૦ વાગ્યે ૬૮ વર્ષીય વૃદ્ધ લીલારામ રેવાણીની આંખમાં મરચાની ભૂકી નાખી રોકડ ભરેલી બેગની લૂંટ ચલાવવામાં આવી હતી. આ મામલે વડોદરા ક્રાઇમ બ્રાન્ચે વધુ પાંચ આરોપીની ધરપકડ કરી હતી. અત્યાર સુધી આ કેસમાં સાત આરોપી પકડાયા છે.

પોલીસે આ લૂંટની સંપૂર્ણ રોકડ તથા વિદેશી ચલણી નોટો પણ જપ્ત કરી હતી. આ સાથે જ ૨૦ દેશોની ૭૮૦૮ ચલણી નોટો પણ મળી આવી હતી. જેની રકમ ભારતીય ચલણ પ્રમાણે ૨.૭૧ કરોડ રૂપિયા થાય છે, ત્યારે સવાલ એ થાય છે કે લૂંટ માત્ર ૧૦ લાખ રૂપિયાની થઈ હતી તો આટલી મોટી રકમ ક્યાંથી આવી?

આ બાબતે ક્રાઈમ બ્રાન્ચ વેપારીની પણ પૂછપરછ કરશે. સવાલ એ થાય છે કે શું લૂંટ ૨.૭૧ કરોડ રૂપિયાની થઈ હતી. જોકે આટલી મોટી રકમ બાબતે ક્રાઈમ બ્રાન્ચ પાસે પણ હજી કોઈ જવાબ નથી.

# ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ૩૩ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી એટલે વિદ્યાર્થીઓની ઉઘાડી લૂંટ: કૉંગ્રેસ

અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટી સંચાલિત વિવિધ ૩૩ સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફીમાંથી રાહત આપવા અને અન્ય શૈક્ષણિક સુવિધા અંગે વ્યાજબી પગલાં ભરવાની માગ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસે કરી હતી. કૉંગ્રેસે સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફીને વિદ્યાર્થીની ઉઘાડી લૂંટ ગણાવી હતી. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને મુક્ત કરવાથી તમામ ફીની આવક ગુજરાત યુનિવર્સિટીના એકાઉન્ટમાં જમા થાય છે. અગાઉ ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને જે હિસ્સો આપવામાં આવતો હતો તેમાંથી યુનિવર્સિટી મુક્ત થઈ છે. તેમ છતાં અગાઉના ફીના ધોરણો ઘણા ઊંચા હતા તે જ ફી લેવામાં આવી રહી છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૩૩ થી વધુ સેલ્ફ ફાયનાન્સ સ્નાતક (ગ્રૅજ્યુ) અને અનુસ્નાતક (પીજી) જેમાં ૨૭૫૬ વિદ્યાર્થીઓની બેઠક સંખ્યા (ઈંગ-ઝઅઊંઊ) હાલમાં ઉપલબ્ધ છે. જેમાં વિવિધ સેલ્ફ અભ્યાસક્રમો માટે રૂ. ૪૦,૦૦૦ થી ૫૫,૦૦૦, રૂ. ૫૦,૦૦૦ થી ૬૫,૦૦૦, રૂ. ૭૫,૦૦૦ થી ૯૦,૦૦૦ અને અમુક અભ્યાસક્રમોના વાર્ષિક ૧,૨૦,૦૦૦ જેટલી માતબર ફી વસૂલવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ઊંચી ફી માંથી સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને રાહત આપવામાં આવે. હાલમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ફેકલ્ટી તરીકે તાજેતરમાં પાસ આઉટ થયેલાને નિમણૂક અપાઈ છે. અગાઉ જેમની સામે અનેક ફરિયાદો થઈ હતી, વિવાદાસ્પદ કામગીરી કરી ચૂકેલા અનેક કર્મચારીઓને ગોઠવણ કરી દેવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઘણા સમયથી સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યાં છે. જે અભ્યાસક્રમો જુદી જુદી કંપનીઓ સાથે એમ.ઓ.યુ. (MOU) કરીને ગુજરાત યુનિવર્સિટી ખાતે ચલાવવામાં આવતા હતા જેમાં તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત વિવિધ લાભો જે તે કંપનીઓને આપવામાં આવ્યા હતા. આ અભ્યાસક્રમોમાં એમ.ઓ.યુ. માં વિવિધ શરતો કરીને આવકની નિશ્ચિત વહેંચણી પણ સુનિશ્ચિત ઠરાવવામાં આવી હતી. ત્યારબાદ, જે તે કંપનીઓ અને વિશેષ વ્યક્તિઓની ભાગીદારી સાથે લાંબો વિવાદ ઊભો થતાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા તમામ અભ્યાસક્રમો ચલાવતી ખાનગી કંપનીઓ અને વિશેષ ભાગીદારોને મુક્ત કરવામાં આવ્યા તે આવકારદાયક બાબત છે.

# છેલ્લી ઘડીએ પાર્ટી પ્લોટનું બુકિંગ કેન્સલ થતા અમદાવાદમાં અરવિંદ કેજરીવાલના કાર્યક્રમનું સ્થળ બદલાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે છે. અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરતા જ આપના નેતાઓ અને કાર્યકર્તાઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. એરપોર્ટ પર મીડિયા સાથેની વાતચીતમાં કેજરીવાલે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, છેલ્લાં ૩૦ વર્ષમાં ભાજપે ગુજરાતને ખાડામાં ધકેલી દીધું છે. તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં હાલ ભાજપનું શાસન નહીં, પરંતુ ભયનું શાસન ચાલી રહ્યું છે અને ભ્રષ્ટાચાર સામે કોઈ અવાજ ઉઠાવી શકતું નથી.

ગુજરાત પ્રવાસના પ્રથમ દિવસે જ અમદાવાદના નિકોલમાં યોજાનારા મધ્ય ઝોન બુથ કાર્યકર્તા સંમેલનમાં મોટો વળાંક આવ્યો હતો. આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે ભાજપના દબાણ અને ધાક-ધમકીને કારણે પાર્ટી પ્લોટના માલિકે છેલ્લી ઘડીએ બુકિંગ કેન્સલ કર્યું હતું. રૂ. ૨.૩૦ લાખ ચૂકવ્યા હોવા છતાં સ્થળ ન મળતા, આ કાર્યક્રમ સાણંદ-બાવળા રોડ પર આવેલા લોદરીયાલ ગામે ખસેડવામાં આવ્યો હતો. આપે આક્ષેપ કર્યો હતો કે આ પ્રકારની કાર્યવાહી વિપક્ષના અવાજને દબાવવાનો પ્રયાસ છે. ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં આમ આદમી પાર્ટી રાજ્યના સાત ઝોનમાં બુથ કાર્યકર્તા સંમેલનો યોજીને સંગઠનને મજબૂત કરવા જઈ રહી છે.

## વેપાર વાણિજ્ય

# એફપીઆઇએ ₹ ૨૨,૫૩૦ કરોડના શૅર વેચી નાખ્યા

મુંબઇ: વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ગયા વર્ષની સરખામણીમાં વધી રહેલા યુએસ બોન્ડ યીલ્ડ અને મજબૂત ડોલર વચ્ચે ભારતીય ઇક્વિટીમાંથી ચાલુ મહિનામાં અત્યાર સુધીમાં રૂ. ૨૨,૫૩૦ કરોડ (યુએસડી ૨.૫ બિલિયન ડોલર)થી વધુ પાછા ખેંચી લીધા છે. આ ૨૦૨૫માં નોંધાયેલા રૂ. ૧.૬૬ લાખ કરોડ (યુએસડી ૧૮.૯ બિલિયન ડોલર)ના આઉટફ્લો પછી આવ્યું છે, જે અસ્થિર ચલણની હિલચાલ, વૈશ્વિક વેપાર તણાવ અને સંભવિત યુએસ ટેરિફ અંગેની ચિંતાઓ અને બજાર મૂલ્યાંકનમાં વધારો થવાને કારણે થયું હતું.

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ) દ્વારા આ સતત વેચાણ દબાણે ૨૦૨૫ દરમિયાન ડોલર સામે રૂપિયાના લગભગ પાંચ ટકાના ઘટાડામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. એનએસડીએલના ડેટા અનુસાર, વિદેશી ફંડોએ પહેલીથી ૧૬ જાન્યુઆરી વચ્ચે ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૨૨,૫૩૦ કરોડ પાછા ખેંચી લીધા છે. બજાર નિષ્ણાતો અનુસાર એફપીઆઇ દ્વારા ભારતીય શેરબજારમાં એકધારી વેચાવાલી વૈશ્વિક અને સ્થાનિક પરિબળોના સંયોજનને આભારી હોવાનું જણાવ્યું છે. યુએસ બોન્ડ યીલ્ડના સતત વધારા અને મજબૂત ડોલરને કારણે વિકસિત બજારોમાં રિસ્ક એડજસ્ટેડ અર્નિંગમાં સુધારો થયો છે, જેના કારણે ઉભરતા બજારોમાંથી મૂડીનું પુનઃસ્થાપન થયું છે.

# બજેટ અગાઉ બજારને એલટીસીજીની ચિંતા

મુંબઇ: ૨૦૨૬-૨૭ના કેન્દ્રીય બજેટ પહેલા, બજારના સહભાગીઓએ સરકારને કરવેરા હળવો કરવા વિનંતી કરી છે, ખાસ કરીને લાંબા ગાળાના મૂડી લાભ (એલટીસીજી) પર મુક્તિ મર્યાદા વધારવાની અપીલ સાથે ટ્રાન્ઝેકશન ટેક્સમાં વધુ વધારો કરવા સામે લાલબત્તી ધરી છે. કેન્દ્રીય બજેટ પહેલી ફેબ્રુઆરીના રોજ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવશે, જે દિવસે એનએસઇ અને બીએસઇ બંને લાઇવ ટ્રેડિંગ સત્રો યોજશે.

# આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલે નોંધાવ્યો ૨૧ ટકાનો ગ્રોથ રેટ

મુંબઇ: કોરોના મહામારીથી લઈને ગ્લોબલ રેટમાં વધારા અને ચાલુ ભૂ-રાજકીય અનિશ્ચિતતા સુધીના સાત વર્ષના સમયગાળામાં બેન્ચમાર્ક નિફ્ટી-૫૦૦ ટીઆરઆઇએ ૧૫.૯૭ ટકા સીએજીઆર નોંધાવ્યો છે, જ્યારે જાન્યુઆરી ૨૦૧૯માં શરૂ કરાયેલી, ઓપન-એન્ડેડ ઇક્વિટી સ્કીમ આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ ઇન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ ફંડે ૨૧.૦૨ ટકા એકત્રિત વાર્ષિક વિકાસ દર નોંધાવ્યો છે. સરળ શબ્દોમાં, ૧૫ જાન્યુઆરી, ૨૦૧૯થી ઉપરોક્ત ફંડમાં કરેલું રૂ. ૧૦ લાખનું રોકાણ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં વધીને રૂ. ૩૭.૭૬ લાખ અને બેન્ચમાર્કના ધોરણે રૂ. ૨૮.૦૫ લાખ સુધી પહોંચ્યુ હોત, જે લગભગ રૂ. ૯.૭ લાખનો વધારો દર્શાવે છે.

એસઆઇપી કામગીરીના સંદર્ભમાં, માસિક રૂ.૧૦,૦૦૦નું રોકાણ, જે સાત વર્ષમાં કુલ રૂ. ૮.૪ લાખ થયું હોત, તે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં વધીને આશરે રૂ. ૧૯.૮૮ લાખ સુધી પહોંચ્યું હોત, જે ૨૪.૧૯ ટકા સીએજીઆર દર્શાવે છે. જ્યારે બેન્ચમાર્કમાં સમાન રોકાણથી ૧૭.૦૨ ટકા સીએજીઆર આવે છે.

# વૈશ્વિક સંકેત અને કંપની પરિણામ નક્કી કરશે બજારની દિશા, સટોડિયાઓનું ફોકસ બેંકિંગ અને હેવીવેઇટ સ્ટોક્સ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ભારતીય ઇક્વિટી બજારોમાં આ અઠવાડિયે સ્ટોક-સ્પેસિફિક અને રેન્જ-બાઉન્ડ મૂવમેન્ટ જોવા મળે તેવી શક્યતા છે. મુખ્યત્વે કોર્પોરેટ સેક્ટરના ત્રીજા કાવાર્ટરના પરિણામોની જાહેરાત, વૈશ્વિક બજારના સંકેતો અને વિદેશી સંસ્થાકીય રોકાણકાર (એફઆઇઆઇ)ના વલણને આધારિત ચાલ જોવા મળશે. એ જ સાથે અમેરિકાની ગ્રીનલેન્ડ તથા ઇરાન સંદર્ભની હિલચલા પર પમ રોકાણકારો ચાંપતી નજર રાખશે.

આ ઉપરાંત વૈશ્વિક વેપાર વાટાઘાટો પર ભૌગોલિક રાજકીય ઘટનાઓની અસર અને અપડેટ્સ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળો રહેશે. આ બધામાં કોર્પોરેટ કમાણીની મોસમ કેન્દ્ર તબક્કામાં છે, જેને આધારે શેરલશ્રી કામકાજ બજારમાં અફડાતફડી મચાવતા રહેશે. બજારમાં સૌથી પહેલા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક અને આઇસીઆઇસીઆઇ બેંક જેવી હેવીવેઇટ કંપનીઓની કમાણી સામેનો પ્રતિભાવ જોવા મળશે.

આ પછી, રોકાણકારોનું ધ્યાન વિવિધ ક્ષેત્રોમાં ઘણી મોટી અને મિડ-કેપ કંપનીઓના પરિણામો પર જશે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે ડિસેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૧૮,૬૪૫ કરોડનો લગભગ ફ્લેટ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બેંકિંગ ક્ષેત્રમાં, એચડીએફસી બેંકે ૧૨.૧૭ ટકાનો મજબૂત ઉછાળો નોંધાવ્યો છે, જે રૂ. ૧૯,૮૦૭ કરોડ થયો છે, જ્યારે આઇસીઆઇસીઆઇ બેંકે ચોખ્ખા નફામાં ૨.૬૮ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે, જે રૂ. ૧૨,૫૩૭.૯૮ કરોડ થયો છે. રોકાણકારો સંપત્તિ ગુણવત્તા, માર્જિન અને ક્રેડિટ વૃદ્ધિના દૃષ્ટિકોણનું મૂલ્યાંકન કરે છે તેથી બેંકિંગ શેરો સ્પોટલાઇટમાં રહેવાની અપેક્ષા છે.

વૈશ્વિક મોરચે, રોકાણકારો જીડીપી વૃદ્ધિ, જોબલેસ કલેઇમ્સ અને પીએમઆઇ ડેટા સહિત યુએસ આર્થિક ડેટાને નજીકથી ટ્રેક કરશે. આ ડેટા વૈશ્વિક રિસ્ક એપીટીટી અને ચલણની હિલચાલને પ્રભાવિત કરી શકે છે.

યુએસ વેપાર વાટાઘાટો અને ભારતીય આયાત પર ટેરિફની આસપાસની અનિશ્ચિતતા બજારના સેન્ટિમેન્ટ પર ભાર મૂકે છે.

જો કે, બજારના સહભાગીઓ ભારત અને અમેરિકા વચ્ચેના મુક્ત વેપાર કરાર વિશે વધુને વધુ આશાવાદી છે, જે આ મહિનાના અંતમાં જાહેર થવાની અપેક્ષા છે. જો આ પાર પડે તો, રોકાણકારોના વિશ્વાસમાં વધારો થઇ શકે છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે ગુરુવારે જણાવ્યું હતું કે, ભારત અને યુએસ વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાની ખૂબ નજીક છે અને જ્યારે બંને પક્ષો તૈયાર થશે ત્યારે તેની જાહેરાત કરવામાં આવશે. બંને પક્ષોની વાટાઘાટ ટીમો લગભગ તમામ બાકી મુદ્દાઓ પર ચર્ચા કરી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

કેન્દ્રીય બજેટ નજીક આવી રહ્યું હોવાથી વિવિધ અટકળો અને અપેક્ષાઓ પર આધારિત સેક્ટરલ હિલચાલ વેગ પકડે એવી સંભાવના છે.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉર્જા, બેંકિંગ અને વપરાશ સાથે જોડાયેલા શેરોમાં પ્રવૃત્તિમાં વધારો જોવા મળી શકે છે. આ અઠવાડિયે પરિણામો જાહેર કરવા માટે નિર્ધારિત મુખ્ય કંપનીઓમાં ભેલ, એસટીઆઇમાઇન્ડટ્રી, પીએનબી, એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, બેંક ઓફ ઇન્ડિયા, ઇન્ટરગ્લોબ એવિએશન, ડીએલએફ, બીપીસીએલ, અદાણી એનર્જી સોલ્યુશન્સ અને અદાણી ગ્રીન એનર્જીનો સમાવેશ થાય છે. પાછલા સપ્તાહે બજારો મોટાભાગે અસ્થિર અને ફ્લેટ રહ્યા હતા,

મિશ્ર વૈશ્વિક અને સ્થાનિક સંકેતો વચ્ચે લગભગ યથાવત રહ્યા. રજાને કારણે ટૂંકાયેલા સપ્તાહમાં, સેન્સેક્સમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે નિફ્ટી થોડો ઊંચો બંધ થયો, જે રોકાણકારોના સાવચેતીભર્યા અભિગમને પ્રતિબિંબિત કરે છે.

# ક્રિપ્ટો હવાલાનો ઉપયોગ ટેરર ફંડિંગ માટે!

શ્રીનગર/નવી દિલ્હી: સટ્ટાખોરી માટે બદનામ ક્રિપ્ટો કરન્સીનો ઉપયોગ ટેરર ફંડિંગ માટે પણ થઇ રહ્યો હોવાની શંકા ઉપજી છે. ક્રિપ્ટો હવાલાનો ઉપયોગ અલગતાવાદી તત્વોને પુનર્જીવિત કરવા માટે થઈ શકે છે! સુરક્ષા એજન્સીઓએ એક અત્યાધુનિક ક્રિપ્ટો હવાલા નેટવર્ક શોધી કાઢ્યું છે, જે દેશના નાણાકીય સુરક્ષા પગલાંને બાયપાસ કરીને જમ્મુ અને કાશ્મીરમાં વિદેશી ભંડોળ પહોંચાડી રહ્યું છે, જેના કારણે ગંભીર ચિંતાઓ ઉભી થઈ છે કે આ નાણાંનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે થઈ રહ્યો છે, એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આનાથી સુરક્ષા સંસ્થાને ઉચ્ચ ચેતવણી આપવામાં આવી છે, અધિકારીઓએ ચેતવણી આપી છે કે આ શેડો ફંડ્સ અલગતાવાદી તત્વોને નવી જીંદગી આપવા અને કેન્દ્રશાસિત પ્રદેશમાં રાષ્ટ્ર વિરોધી વાણીકતાને ફરીથી જીવંત કરવાનો છે, જેને પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓ દ્વારા કાર્યવાહી દ્વારા વર્ચ્યુઅલ રીતે તટસ્થ કરવામાં આવ્યું હતું, તેમણે જણાવ્યું હતું.

પરંપરાગત હવાલા સિસ્ટમનું પ્રતિબિંબ, જ્યાં નોન-બેંકિંગ ચેનલો દ્વારા પૈસા મોકલવામાં આવે છે, આ ડિજિટલ સંસ્કરણ નાણાકીય ટ્રેસને ભૂંસી નાખવા અને સ્થાનિક અર્થતંત્રમાં રોકડ દાખલ કરવા માટે અનિયંત્રિત ક્રિપ્ટોકરન્સીની અનામીતાનો ઉપયોગ કરે છે.

# સર રતન ટાટા ટ્રસ્ટમાં નેવિલ ટાટાની નિયુક્તિની બોર્ડ મીટિંગ રદ!

નવી દિલ્હી: ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટાના પુત્ર નેવિલ ટાટાની ટ્રસ્ટી તરીકે નિમણૂક કરવા માટે સર રતન ટાટા ટ્રસ્ટ (એસઆરટીટી)ની શનિવારે પ્રસ્તાવિત બોર્ડ મીટિંગ કોરમના અભાવે રદ કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. ઉક્ત ટ્રસ્ટના બોર્ડમાં નેવિલ ટાટાને સામેલ કરવાના પ્રથમ પ્રયાસની નિષ્ફળતાના બે મહિના પછી આ મીટિંગ રદ કરવામાં આવી છે, જે ૧૮૦ અબજ ડોલરથી વધુના ટાટા ગ્રુપની પ્રમોટર હોલ્ડિંગ ફર્મ ટાટા સન્સમાં ૨૩.૬ ટકા હિસ્સો ધરાવે છે.

આ ઘટનાક્રમથી સીધી જાણકારી ધરાવતા એક વ્યક્તિએ જણાવ્યુ, કે બધા ટ્રસ્ટીઓ હાજર રહી શક્યા નહીં, જે ટ્રસ્ટીની નિમણૂક માટે જરૂરી છે. આગામી થોડા દિવસોમાં બેઠક ફરીથી યોજાઇ શકે છે, એમ વ્યક્તિએ ઉમેર્યું. જોકે, અન્ય લોકોએ જણાવ્યું હતું કે નિમણૂક પર સર્વસંમતિ મેળવવા માટે ટ્રસ્ટીઓ વચ્ચે ચર્ચામાં વધુ સમય લાગવાથી બેઠક રદ થઈ શકે છે. ટાટા ટ્રસ્ટ્સને પૂછાયેલા પ્રશ્નોનો જવાબ મળ્યો ના હોવાનું સમાચાર સંસ્થા પીટીઆઇએ ટાંક્યું હતું. હાલ આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓમાં નોએલ ટાટા, વેણુ શ્રીનિવાસન, વિજય સિંહ જિમી એન ટાટા, જહાંગીર એચસી જહાંગીર અને ડેરિયસ ખંભાતાનો સમાવેશ છે.

ગયા નવેમ્બરમાં, નેવિલ ટાટા અને ભૂતપૂર્વ ગ્રુપ કંપની લીડર ભાસ્કર ભટને શ્રી દોરાબજી ટાટા ટ્રસ્ટ (એસડીટીટી)માં નિયુક્ત કરવામાં આવ્યા હતા, જે ટાટા સન્સમાં ૨૮ ટકા હિસ્સો ધરાવે છે. જોકે, તેમને એસઆરટીટીમાં નિયુક્ત કરી શકાયા નહોતા, જે ટાટા સન્સમાં ૨૩.૬ ટકા હિસ્સો ધરાવે છે. ટાટા સાથે જોડાયેલા અન્ય ટ્રસ્ટો ટાટા સન્સમાં ૧૩.૮ ટકા હિસ્સો ધરાવે છે.

# એનએફઓ એલર્ટ: એસઆઇએફ સેગમેન્ટમાં આઇપ્રુનો બે ફંડ સાથે પ્રવેશ

મુંબઇ: આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડે તેના સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સ (એસઆઇએફ) સેગમેન્ટ હેઠળ બે નવી રોકાણ વ્યૂહરચના, આઇએસઆઇએફ ઇક્વિટી એક્સ-ટોપ ૧૦૦ લોંગ-શોર્ટ ફંડ અને આઇએસઆઇએફ હાઇબ્રિડ લોંગ-શોર્ટ ફંડ સાથે મૂડીબજારમાં પ્રવેશી છે અને તેને એનએફઓ ત્રીસમી જાન્યુઆરીના રોજ બંધ થશે. આ ઓફરિંગ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ની એસઆઇએફ ફ્રેમવર્ક હેઠળ શરૂ કરવામાં આવી છે, જે મ્યુચ્યુઅલ ફંડ્સ અને પીએમએસ, એઆઇએફ પ્રોડક્ટ્સની વચ્ચે સ્થિત છે. બંને રોકાણ વ્યૂહરચનાઓ અસ્થિર અને અસમાન બજાર પરિસ્થિતિઓમાંથી માર્ગ કાઢવા માટે તૈયાર કરવામાં આવેલા લાંબા-ટૂંકા અભિગમો અપનાવે છે. આ રોકાણ વ્યૂહરચનાઓનો હેતુ ડેરિવેટિવ્ઝના સક્રિય ઉપયોગ, સંપત્તિ ફાળવણી અને બોટમ-અપ સ્ટોક પસંદગી દ્વારા ઓછી અસ્થિરતા સાથે જોખમ-સમાયોજિત વળતર પહોંચાડવાનો છે.

બજાર નિયામક સેબીએ મ્યુચ્યુઅલ ફંડ્સ અને પીએમએસ અથવા એઆઇએફ પ્રોડક્ટ્સ વચ્ચેના માળખાકીય અંતરને દૂર કરવા માટે, સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સ ફ્રેમવર્ક રજૂ કર્યું જ્યાં લઘુત્તમ રોકાણ થ્રેશોલ્ડ પ્રતિ એસઆઇએફ દીઠ, પ્રત્યેક પર્મેનન્ટ અકાઉન્ટ નંબર સામે રૂ. ૧૦ લાખ છે. એસઆઇએફને મધ્યમ માધ્યમ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, જે મ્યુચ્યુઅલ ફંડ્સની પારદર્શિતા અને નિયમનકારી નિરીક્ષણને સુગમતા સાથે જોડે છે, જેમાં લાંબા-શોર્ટ વ્યૂહરચના અને અનહેજ્ડ ડેરિવેટિવ્ઝ (ચોક્કસ મર્યાદા સુધી)નો ઉપયોગ શામેલ છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નવા પરિમાણોને કારણે યુદ્ધો હવે જટિલ બન્યાં છેઃ રાજનાથ સિંહ

## સંશોધન અને વિકાસના ખાનગી ક્ષેત્રની સંરક્ષણ ઉત્પાદનમાં ભૂમિકાની પ્રશંસા કરી

નાગપુરઃ આધુનિક વિશ્વમાં પોતાનું પ્રભુત્વ જાળવી રાખવા માટે વિશ્વના શક્તિશાળી દેશો માત્ર પરંપરાગત યુદ્ધનીતિને બદલે બહુઆયામી વ્યૂહરચનાનો ઉપયોગ કરે છે. આ વાતની નોંધ ભારતે પણ લીધી છે અને પોતાની સુરક્ષા બહુઆયામી બને તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ વાતનો પડઘો તાજેતરમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પાડ્યો હતો.

યુદ્ધો ખૂબ જ જટિલ બની ગયા છે અને તે ફક્ત સરહદો સુધી મર્યાદિત નથી, પરંતુ ઊર્જા, વેપાર, ટૅરિફ, સપ્લાય ચેઇન, ટેકનોલોજી અને માહિતી પણ હવે તેના નવા પરિમાણોનો ભાગ છે, એમ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રવિવારે અહીં જણાવ્યું હતું. સોલાર ઇન્ડસ્ટ્રીઝ ખાતે મધ્યમ કેલિબર દારૂગોળા સુવિધાના ઉદ્ઘાટન સમારોહમાં એક સભાને સંબોધતા તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે સંરક્ષણ ઉત્પાદન ફક્ત જાહેર ક્ષેત્ર સુધી મર્યાદિત હતું અને કોઈ પણ ખાનગી ક્ષેત્રની ભાગીદારી ધરાવતું નહોતું. ખાનગી ક્ષેત્ર પાસે ક્ષમતા અને સંભાવના હતી પરંતુ તેની ભાગીદારી તે સ્તરે નહોતી જે હોવી જોઈએ, તેમણે ઉમેર્યું.

દેશ જ્યારે 'આત્મનિર્ભરતા' તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે ખાનગી ક્ષેત્રના સંરક્ષણ ઉત્પાદન અંગે પડકારો અને શંકાઓ હતી, પરંતુ વર્તમાન સરકારે નીતિઓમાં ફેરફાર કરીને અને પ્રક્રિયાઓને સરળ બનાવીને આ ક્ષેત્રને ખુલ્લું મૂક્યું કારણ કે તેને તેમની ક્ષમતામાં સંપૂર્ણ વિશ્વાસ હતો, સિંહે જણાવ્યું. તેના પરિણામે સારી ગુણવત્તા, સારી સમયરેખા તેમજ ઉત્પાદકતા અને ડિલિવરીમાં સુધારો થઈ રહ્યો છે. આપણી સંરક્ષણ ઇકોસિસ્ટમમાં ઘણો સુધારો થયો છે. ખાનગી સંરક્ષણ ક્ષેત્રમાં વૈજ્ઞાનિક સ્વભાવ અને ટેકનોલોજી આધારિત અભિગમ જે રીતે વિકસિત થયો છે તે ખૂબ જ પ્રશંસનીય છે, એમ તેમણે કહ્યું.

કેન્દ્રીય પ્રધાને નિર્દેશ કર્યો કે સંશોધન અને વિકાસના સંદર્ભમાં ખાનગી ક્ષેત્ર હવે જાહેર ક્ષેત્ર કરતા આગળ છે. સિંહે ભારપૂર્વક જણાવ્યું કે ભારત એક મુખ્ય શસ્ત્ર નિકાસકાર બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. દારૂગોળાના પુરવઠામાં અછત અનુભવાઈ હતી પરંતુ સરકારે આ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા લાવી છે, એમ તેમણે સોલાર ગ્રૂપની પિનાકા મિસાઇલો તેમજ ઓપરેશન સિંદૂરમાં ઉપયોગમાં લેવાતા નાગાસ્ત્ર ડ્રોન જેવી વિવિધ સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાઓ માટે પ્રશંસા કરતા જણાવ્યું હતું. સરકારની મહત્ત્વાકાંક્ષા એ છે કે ભારત દારૂગોળાના ઉત્પાદનનું વૈશ્વિક કેન્દ્ર બને, એમ સિંહે ઉમેર્યું.

તેમણે વધુમાં કહ્યું કે, ''યુદ્ધો હવે સરહદો સુધી મર્યાદિત નથી રહ્યા પરંતુ તેની અસર સીધી સામાન્ય જનતા પર પડે છે.'' યુદ્ધનું સ્વરૂપ ગમે તે હોય, સમયની જરૂરિયાત મજબૂત સંરક્ષણ ઔદ્યોગિક આધાર, ખાનગી ક્ષેત્ર દ્વારા સંશોધન અને વિકાસ અને ઉત્પાદનની છે. સરકાર ઇચ્છે છે કે સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રનું યોગદાન ઉત્પાદનના ઓછામાં ઓછા ૫૦ ટકા હોય, એમ તેમણે જણાવ્યું.

સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન ૨૦૧૪ માં રૂ. ૪૬૦૦૦ કરોડથી વધીને હવે રૂ. ૧.૫૦ લાખ કરોડથી વધુ થયું છે, જેમાં ખાનગી ક્ષેત્રનું યોગદાન રૂ. ૩૦૦૦૦ કરોડ છે, એમ સિંહે જણાવ્યું. કેન્દ્રીય પ્રધાને જણાવ્યું કે, ૧૦ વર્ષ પહેલાં સંરક્ષણ નિકાસ માત્ર રૂ. ૧૦૦૦ કરોડ હતી, પરંતુ હવે તે વધીને રૂ. ૨૫૦૦૦ કરોડ થઈ ગઈ છે, સરકારનું લક્ષ્ય ૨૦૨૯-૩૦ સુધીમાં રૂ. ૫૦૦૦૦ કરોડ સુધી પહોંચવાનું છે. (પીટીઆઈ)

# ઈરાની ગૅન્ગના બે સભ્ય પકડાતાં ચેન સ્નેચિંગના બાવન કેસ ઉકેલાયા

થાણેઃ થાણે ક્રાઈમ બ્રાન્ચના કલ્યાણ યુનિટે ચેન સ્નેચિંગમાં સંડોવાયેલી નઈરાનીથ ગૅન્ગના બે સભ્યને પકડી પાડી બાવન કેસ ઉકેલ્યા હતા. આરોપીઓ પાસેથી અંદાજે ૩૦ લાખ રૂપિયાના સોનાના દાગીના હસ્તગત કરાયા હતા.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઈમ) અમરસિંહ જાધવે જણાવ્યું હતું કે બે આરોપી કાસીમ ગરીબશાહ ઈરાની (૩૮) અને મુખ્તાર શેરુ હુસેન ઉર્ફે ઈરાની (૩૨)ને પકડી પાડવામાં આવ્યા હતા. બન્ને આરોપીની પૂછપરછમાં મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં નોંધાયેલા ચેન સ્નેચિંગ અને સોનાના દાગીના ચોરવાના બાવન ગુના ઉકેલાયા હતા.કોલસેવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસમાં બન્નેની ધરપકડ કરાઈ હતી. થાણે, મુંબઈ, નવી મુંબઈ, કલ્યાણ, અંબરનાથ, બદલાપુર, ભિવંડી અને કર્ણાટકમાં અનેક ઠેકાણે આ રીતે હાથફેરો કર્યો હોવાની કબૂલાત આરોપીઓએ કરી હતી. (પીટીઆઈ)

# પાકિસ્તાનની હાલત 'લાફો મારીને ગાલ લાલ રાખવા' જેવીઃ ઑપરેશન સિંદૂરના ડરથી બદલવું પડ્યું આખું સૈન્ય બંધારણ!

પુણેઃ ભારત અને પાકિસ્તાનના સંબંધો સતત ચર્ચાનો વિષય બની રહે છે. પહલગામ હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા ભારતે પીઓકેમાં આતંકી ઠેકાણા પર કરેલા હુમલાની ખૂબ જ ચર્ચા થઇ હતી. આ કાર્યવાહીમાં પાકિસ્તાનને ઘણું નુકસાન પહોંચ્યું હોવા છતાં વિશ્વની સામે અનેક ડંફાસો ફેકી હતી. જો કે ખરેખર તો લાફો મારીને ગાલ લાલ રાખવા સમાન જ આ વાત હતી. આ અંગે ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન સામે આવેલી પોતાની ગંભીર ખામીઓને છુપાવવા માટે પાકિસ્તાને ઉતાવળે સૈન્ય અને બંધારણીય ફેરફારો કરવા પડ્યા છે

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે પુણે પબ્લિક પોલિસી ફેસ્ટિવલમાં મહત્વપૂર્ણ સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગયા વર્ષે એપ્રિલમાં થયેલા આતંકી હુમલા બાદ મે મહિનામાં ભારત દ્વારા શરૂ કરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' એ પાકિસ્તાનને હચમચાવી દીધું હતું. આ ઓપરેશન દરમિયાન સામે આવેલી પોતાની ગંભીર ખામીઓને છુપાવવા માટે પાકિસ્તાને ઉતાવળે સૈન્ય અને બંધારણીય ફેરફારો કરવા પડ્યા છે, જે એક રીતે તેની નિષ્ફળતાનો પરોક્ષ સ્વીકાર છે.

# સરોગસી માટે અપરિણીત મહિલાઓને વિદેશમાં મોકલવાનું રૅકેટઃ બે જણની ધરપકડ

મુંબઈઃ સરોગસી માટે ઍગ ડૉનેટ કરવા અપરિણીત મહિલાઓને વિદેશ મોકલવાના રેકેટનો સહાર પોલીસે પર્દાફાશ કર્યો છે, જેમાં બે જણની ધરપકડ કરવામાં આવી છે.

ભારતીય કાયદા અનુસાર ફક્ત પરિણીત મહિલા જ ઍગ ડૉનેટ કરી શકે અને તે પણ નિશ્ચિત કારણોસર કરી શકે છે. આ પ્રકરણે પોલીસે અંધેરીમાં ક્લિનિક સહિત વિદેશમાં અનેકવાર ઍગ ડૉનેટ કરીને આવેલી થાણેની અપરિણીત મહિલાની ધરપકડ કરી છે, જ્યારે વિદેશ મુલાકાતનું આયોજન અને આર્થિક વ્યવહારો કરનાર કલ્યાણની મહિલા એજન્ટને પણ ઝડપી પાડવામાં આવી છે. તો અન્ય મહિલા એજન્સની શોધ ચલાવાઇ રહી છે.

આરોપી મહિલા શુક્રવારે બેંગકોકથી મુંબઇ આવી ત્યારે એરપોર્ટ પર ઇમિગ્રેશન ઓફિસરે શંકાને આધારે પૂછપરછ કર્યા બાદ આ રેકેટ પકડાયું હતું. આરોપીઓ થાણેના આઇવીએફ સેન્ટર સાથે સંકળાયેલી છે. સૌપ્રથમ ૪૪ વર્ષની સુનોતી બેલેલની ધરપકડ કરાઇ હતી, જેના અડધા કલાક બાદ આવેલી સીમા વિંઝારત (૨૯)ને પણ તાબામાં લેવાઇ હતી. સીમાને ઍગ ડૉનેટ પૂર્વે જરૂરી આધુનિક નિદાન પરીક્ષણો માટે સુનોતી લઇ ગઇ હતી. બંનેને મોટી રકમ ચૂકવાઇ હતી.

સુનોતી અને તેની સાથીદાર સંગીતા બાગુલે થાણેમાં આઇવીએફ સેન્ટર ૨૦૨૪માં સ્થાપ્યું હતું. તેઓ ઍગ ડૉનરને કોઇ પણ કાનૂની અવરોધો વિના વિદેશ પહોંચાડવા માટે તેમના નકલી મેરેજ સર્ટિફિકેટ તૈયાર કરી આપતી હતી. આ સેન્ટર થકી જ ઍગ ડૉનર અને સગોરેટ માતાઓને વિદેશ મોકલવામાં આવતી હતી.

આરોપીઓની પૂછપરછમાં એવું સામે આવ્યું છે કે સીમા ૨૦૨૨માં બાગુલ સાથે સંપર્કમાં આવી હતી. તે ઍગ ડૉનેટ કરવા ૨૦૨૩માં અંધેરી ખાતેની હોસ્પિટલમાં ગઇ હતી. ૨૦૨૪માં કેનિયાની ક્લિનિક, ફેબ્રુઆરી, ૨૦૨૫માં કઝાકસ્તાનની ક્લિનિક અને આ વર્ષે થાઇલેન્ડની ક્લિનિકમાં તે ગઇ હતી.

# ત્રણ દિવસીય એડવાન્ટેજ વિદર્ભ ૨૦૨૬ એક્સ્પોમાં ૨૦ દેશ ભાગ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૂર્વ મહારાષ્ટ્રને મજબૂત અને ઊભરતા વિકાસ કેન્દ્ર તરીકે સ્થાપવાના હેતુથી ત્રણ દિવસીય નએડવાન્જેટ વિદર્ભ ૨૦૨૬ નઔદ્યોગિક પ્રદર્શનપનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૨૦ દેશના રાજદૂત અને વેપારી પ્રતિનિધિઓ હાજરી પૂરાવવાના છે.

નએડવાન્જેટ વિદર્ભ ૨૦૨૬-ખાસદાર ઔદ્યોગિક મહોત્સવથની ત્રીજી આવૃત્તિ છથી આઠ ફેબ્રુઆરી દરમ્યાન રાષ્ટ્રસંત તુકાડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી કેમ્પસમાં યોજાશે.

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે આ મહોત્સવમાં મિનિસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ ઓફ ઈન્ડિયા (એમએસએમઈ)ના ૧૦૦ અને ૪૦ જિલ્લા-સ્તરીય સ્ટોલ ઊભા કરવામાં આવશે, જે વિદર્ભના વિવિધ જિલ્લાઓનું પ્રતિનિધિત્વ કરશે.

આ એક્સપોમાં રશિયા, ચીન, બ્રાઝિલ, ઈજિપ્ત, ઉરુગ્વે, નાઈજીરીયા, ઝામ્બિયા, વેનેઝુએલા, ટોગો, ગુયાના અને બેનિન સહિત લગભગ ૨૦ દેશના રાજદૂત અને વેપારી પ્રતિનિધિઓ હાજરી આપશે અને વૈશ્વિક રોકાણકારો સાથે ૨૦થી વધુ દ્વિપક્ષીય વેપાર બેઠકોનું આયોજન કરવામાં આવશે.

નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે આ એક્સોપમાં સંરક્ષણ જાહેર ક્ષેત્રના એકમો, સેબી, બીએસઈ, એનએસઈ અને અન્ય અગ્રણી નાણાકીય સંસ્થા સહિત સૌર ઊર્જા ઉત્પાદક, કાપડ, પ્લાસ્ટિક, ખનિજ, કોલસો, ઉડ્ડયન, આઈટી, હેલ્થ, ફાર્માસ્યુટિકલ, સંરક્ષણ, રિયલ એસ્ટેટ અને સ્ટાર્ટએપ જેવા ઉદ્યોગગૃહ ભાગ લેશે.

# ફ્રોડ કેસના આરોપીઓને લઇ જનારી પોલીસ વૅન મોટરસાઇકલ સાથે ટકરાઇઃ યુવકનું મૃત્યુ

બીડઃ બીડ જિલ્લામાં કરોડો રૂપિયાના ફ્રોડ કેસના આરોપીઓને લઇ જતી પોલીસની એસ્કોર્ટ વૅન મોટરસાઇકલ સાથે અથડાતાં યુવકનું મોત થયું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અંબાજોગાઇ-બીડ માર્ગ પર યેલંબ ઘાટ નજીક શનિવારે સાંજે પાંચ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, જેમાં મોટરસાઇકલસવાર અમોલ હેંડગે (૩૫)નું મૃત્યુ થયું હતું, જ્યારે પાછળ બેઠેલો વિક્રમ હેંડગે ગંભીર રીતે ઘવાયો હતો. અકસ્માતને કારણે યેલંબ-નેકનૂર માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જૅમ સર્જાયો હતો. બીડમાં જ્ઞાનરાધા મલ્ટિ-સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી દ્વારા ૩,૫૦૦ કરોડની છેતરપિંડીના કેસમાં ગયા વર્ષે સુરેશ કુટે અને તેની પત્ની અર્ચનાની ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટની સુનાવણી બાદ બંને જણને પોલીસ વૅનમાં અંબાજોગાઇથી બીડ લાવવામાં આવી રહ્યાં હતાં ત્યારે મોટરસાઇકલ સાથે વૅન અથડાઇ હતી, જેમાં અમોલ હેંડગે અને વિક્રમ હેંડગેને ગંભીર ઇજા પહોંચી હતી. બંનેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં રવિવારે સવારે અમોલ હેંડગેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

સુરેશ કુટે કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીનો ચેરમેન હતો, જ્યારે અર્ચના કુટે બિઝનેસ પ્રમોટર હતી. ક્રેડિટ સોસાયટી દ્વારા અનેક ડિપોઝિટર્સ સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. (પીટીઆઇ)

# મુંબઈના નવા મેયર માટે પાંચ ચહેરાઓની ચર્ચા

મુંબઈઃ બીએમસી ચૂંટણીના પરિણામોએ મુંબઈના રાજકારણનું આખું ચિત્ર બદલી નાખ્યું છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ આ મહાસંગ્રામમાં ઐતિહાસિક વિજય મેળવીને દેશની સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશન પર પોતાનો ઝંડો લહેરાવ્યો છે. જીત સાથે હવે બધાને એ પ્રશ્ન થઇ રહ્યો છે કે, મુંબઈનો આગામી મેયર કોણ બનશે? ચૂંટણી પ્રચાર દરમિયાન, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ખૂબ જ વ્યૂહાત્મક અને રાજનૈતિક નિવેદન આપ્યું હતું કે 'મુંબઈનો આગામી મેયર હિન્દુ અને મરાઠી હશે.' હવે જ્યારે પરિણામો ભાજપની તરફેણમાં આવ્યા છે, ત્યારે ફડણવીસનો આ વાયદો માત્ર રાજકીય નિવેદન નહીં પરંતુ ભાજપ માટે એક મોટો પડકાર અને સાથે તક બની ગયો છે. મુખ્ય પ્રધાને સ્પષ્ટતા કરી છે કે સ્થાનિક ઓળખ અને પ્રાદેશિક ગૌરવને પ્રોત્સાહન આપવું એ સંકુચિત રાજકારણ નથી પરંતુ બંધારણીય અધિકાર છે.

BMC ચૂંટણી ૨૦૨૬ ના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના 'મેયર હિન્દુ ઔર મરાઠી હોગા' ના નિવેદન પછી, પાર્ટીમાં આ માપદંડ પર ખરા ઉતરનારા ચહેરાઓ અંગે ચર્ચા તેજ થઈ ગઈ છે.

આ પાંચ નામો ચર્ચામાં છે

૧. તેજસ્વી ઘોસાળકરઃ દહિસર (વોર્ડ નંબર ૨) થી ૧૦,૦૦૦ થી વધુ મતોથી જીતનાર તેજસ્વી ઘોસાળકર હાલમાં ભાજપની સૌથી મોટી 'પોસ્ટર ગર્લ' છે. તે યુવાન છે, શિક્ષિત છે અને મુખ્ય પ્રધાનના 'મરાઠી-હિન્દુ' ફોર્મ્યુલામાં સંપૂર્ણ રીતે બંધ બેસે છે.

૨. પ્રકાશ દરેકરઃ વિધાન પરિષદમાં વિપક્ષના નેતા પ્રવીણ દરેકરના ભાઈ પ્રકાશ દરેકરે વોર્ડ નંબર ત્રણ માંથી શાનદાર જીત મેળવી છે. મુંબઈ અને ખાસ કરીને ઉત્તર-પશ્ચિમ મુંબઈમાં મરાઠી વોટ બેંક પર દરેકર પરિવારનો જબરદસ્ત પ્રભાવ છે. તેમની પાસે વહીવટી અનુભવ પણ છે, જે તેમને મેયર પદ માટે મજબૂત દાવેદાર બનાવે છે.

૩. પ્રભાકર શિંદેઃ બીએમસીમાં ભાજપના ભૂતપૂર્વ જૂથ નેતા, પ્રભાકર શિંદે પાર્ટીના સૌથી અનુભવી કાઉન્સિલરોમાંના એક છે. તેમને મહાનગરપાલિકાના કામકાજ અને નિયમોની ઊંડી સમજ છે. 'મરાઠી ચહેરો' તેમજ અનુભવી હોવાને કારણે તેમને મેયરની ખુરશી માટે યોગ્ય માનવામાં આવે છે.

૪. મકરંદ નાર્વેકરઃ વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરના ભાઈ મકરંદ નાર્વેકર દક્ષિણ મુંબઈમાં લોકપ્રિય નામ છે. તેઓ સતત જીતી રહ્યા છે અને કોલાબા વિસ્તારમાં તેમનો દબદબો છે. ભલે તેઓ 'મરાઠી' વર્ગમાંથી આવે છે, પણ તેમની છબી આધુનિક અને પ્રગતિશીલ નેતાની છે, જેનો ભાજપ લાભ લેવા માંગે છે.

૫. રાજશ્રી શિરવાડકરઃ વોર્ડ નંબર ૧૭૨ થી જીતેલી રાજશ્રી શિરવાડકર ભાજપની એક વફાદાર અને આક્રમક મરાઠી મહિલા ચહેરો છે. જો પાર્ટી મહિલા મેયર (અનામતના આધારે) બનાવવાનો નિર્ણય લે છે, તો રાજશ્રીનું નામ ટોચ પર રહેશે. તે સ્થાનિક મુદ્દાઓ પર ખૂબ જ સક્રિય હોય છે.

# સ્ટ્રાઈક રેટ ૬૪% અને બેઠકો ૧૪૨૫, જાણો મહાવિકાસઆઘાડી ભાજપ સામે કેવી રીતે હારી ગઈ

મહારાષ્ટ્રની મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામોએ રાજકીય સમીકરણો સંપૂર્ણપણે બદલી નાખ્યા છે. મહારાષ્ટ્રના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં કુલ ૨,૮૬૯ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં, ભાજપે ૬૪.૫૧% ના સ્ટ્રાઇક રેટ સાથે ૧,૪૨૫ બેઠકો જીતી. તેવી જ રીતે, ભાજપે ૬૬% ના પ્રભાવશાળી સ્ટ્રાઇક રેટ સાથે બીએમસીમાં સૌથી વધુ ૮૯ બેઠકો જીતી. તેનાથી વિપરીત, કૉંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ જૂથ)ના પ્રદર્શનમાં ઘટાડો થયો છે. જોકે, એઆઇએમઆઇએમનું પ્રદર્શન બધા માટે ચોંકાવનારું રહ્યું છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપે ૧૩૫ બેઠકો પર ચૂંટણી લડ્યું અને અને ૬૬% ના પ્રભાવશાળી સ્ટ્રાઇક રેટ સાથે સૌથી વધુ ૮૯ બેઠકો જીતી હતી, જેમાં તેનો વોટ શેર ૪૫.૩૯% રહ્યો. જ્યારે તેના સાથી પક્ષ શિવસેના (શિંદે જૂથ) એ ૯૦ માંથી ૨૯ બેઠકો જીતી. શિવસેના (યુબીટી) ૪૦.૬૨% સ્ટ્રાઇક રેટ સાથે બીજા સ્થાને છે. તેણે સૌથી વધુ ૧૬૦ બેઠકો પર ચૂંટણી લડી હતી, જ્યાં તેણે ૨૭.૩૭% મત હિસ્સા સાથે ૬૫ બેઠકો જીતી હતી. કૉંગ્રેસ પાર્ટીનું પ્રદર્શન ખૂબ જ નિરાશાજનક રહ્યું, તેનો સ્ટ્રાઇક રેટ ફક્ત ૧૫.૮૯% જ રહ્યો. શરદ પવારની એનસીપી અને રાજ ઠાકરેની એમએનએસ પણ જનતાને આકર્ષવામાં નિષ્ફળ ગઈ. તેમનો સ્ટ્રાઇક રેટ ઘટીને ૧ ટકાથી પણ ઓછો થઇ ગયો છે.

ચૂંટણીના આંકડા મુજબ, માત્ર મુંબઈમાં જ નહીં, પરંતુ સમગ્ર મહારાષ્ટ્રમાં, ભાજપે ૨૦૧૭ ની સરખામણીમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. વર્ષ ૨૦૧૭માં ભાજપ પાસે ૧,૧૨૫ બેઠકો હતી, જે હવે વધીને ૧,૪૨૫ થઈ ગઈ છે. તેનાથી વિપરીત, કૉંગ્રેસ અને (તે સમયની) અવિભાજિત શિવસેનાના પ્રદર્શનમાં ઘટાડો થયો છે, પહેલા અવિભાજિત શિવસેના પાસે ૫૦૦ થી વધુ બેઠકો હતી. પરંતુ હવે બંને પક્ષોની પાસે કુલ ૩૯૯ બેઠકો છે.

હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એઆઇએમઆઇએમએ પણ ૨૯.૭૮% ના સ્ટ્રાઇક રેટ સાથે ૧૨૬ બેઠકો જીતીને સમગ્ર રાજ્યમાં તેનો રાજકીય પ્રભાવ વધાર્યો છે.

આ ચૂંટણીના પરિણામોએ મહાવિકાસઆઘાડીના ઘટકપક્ષો પર પ્રશ્નાર્થચિહ્ન લગાવ્યું છે. આમ આદમી પાર્ટી (આપ) એ ૪૫૫ બેઠકો પર પોતાનું નસીબ અજમાવ્યું, પરંતુ તે પોતાનું ખાતું પણ ખોલી શકી નહીં. શરદ પવારની પાર્ટીએ સમગ્ર રાજ્યમાં ફક્ત ૩૬ બેઠકો જીતી હતી.

## પારસી મરણ

બાનુ દાદીબા સંજાણા (ઉં. વ. ૮૩) તા. ૧૮-૧-૨૦૨૬એ ગુજરી ગયા છે. તે મરહૂમ દાદીબા મીનોચેર સંજાણાના વાઇફ. મરહૂમ અરદેશીર કેકશરુ રબાડી અને મરહૂમ ખોર્શેદ અરદેશીર રબાડીના દીકરી. શિરીન બાનુ સુખીઆ, બેનૈફર ફરશોસ્ત્ર મહેરજીના માતા. મીનોચેર અને નરગિશ સંજાણાના વહુ. મીનુ જીમી સુખીઆ, ફરશોસ્ત્ર દારા મહેરજીના સાસુ. ઉઠમણું તા. ૨૦-૧-૨૦૨૬એ.

## હિન્દુ મરણ

**લુહાર સુથાર**

ગામ મોટા જાદરાવાળા હાલ બોરીવલી રમેશભાઇ પરસોત્તમભાઇ રાઠોડના ધર્મપત્ની અરુણાબેન (ઉં. વ. ૬૬) ગુરુવાર તા. ૧૫-૧-૨૬ના રામચરણ પામ્યા છે. તે સ્વ. વ્રજલાલભાઇ, હર્ષદભાઇ, સ્વ. ગુણવંતભાઇ, જયેશભાઇ, સ્વ. મંજુલાબેન, શારદાબેન, હર્ષાબેન, જયશ્રીબેનના ભાભી. તે ભાવેશભાઇ, શૈલેષભાઇ, રાજેશભાઇ, સમીરભાઇ, પ્રફુલ્લાબેન હિતેનભાઇ, વૈભવીના કાકી. તે ગામ ખાંભાવાળા હાલ અંધેરી સ્વ. રામજીભાઇ હરિભાઇ મકવાણાના દીકરી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૯-૧-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, અંબાજી મંદિરની બાજુમા, કાર્ટર રોડ નંબર-૩, બોરીવલી (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

ગુણવંતીબેન રમેશભાઇ ઠક્કર હાલ કાંદિવલી તે રમેશભાઇ કાનજીભાઇ ઠક્કરના ધર્મપત્ની (ઉં. વ. ૭૮) શનિવાર તા.૧૭-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ભાવનાબેન, ચેતનાબેન, યોગીનીબેન તેમ જ સમીરના માતુશ્રી. તે નિરવભાઇ મોદી, પ્રભુદાસભાઇ સાયાણી, સાકેતભાઇ શાહ તેમ જ શ્રદ્ધાબેન ઠક્કરના સાસુ. તે સુરેન્દ્રભાઇ તેમ જ નટવરલાલભાઇ લાખાણીના બહેન. તે પુષ્પાબેન ભગવાનદાસ દત્તાણીના ભાભી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૯-૧-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. શ્રી હાલાઇ લોહાણા મહાજનવાડી, શંકર મંદિરની બાજુમાં એસ. વી. રોડ, ૧લે માળે, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ ભુજના હાલે ભિવંડી ગં. સ્વ.કમળાબેન અનીલકુમાર પ્રભાશંકર વિઠાના સુપુત્ર જીતેંદ્ર (ઉં.વ ૫૨) તે સ્વ.વેલબાઈ કાનજી પુરષોત્તમ ઉગાણીના દોહિત્ર. તે સ્વ. લક્ષ્મીબેન પ્રભાશંકર નરભેરામ વિઠાના પૌત્ર. કિર્તીબેન રમેશભાઈ વિશનજી કેશવાણીના ભાઈ. તે હિતેન તથા વિવેકના મામા. શનિવાર ૧૭/૧/૨૬ના રોજ કૈલાશવાસી થયેલ છે, પ્રાર્થના સભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ**

વાંકાનેર નિવાસી હાલ બોરીવલી સ્વ.મનસુખલાલ ગોરધનદાસ સોલંકીના સુપુત્ર કિરણભાઈ (ઉં.વ.૫૩) ૧૩.૧.૨૬ ને મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે તે સોનિયાના પતિ. તે દિનેશભાઈ,સ્વ.જયશ્રીબેન હસમુખલાલ મિસ્ત્રી,ઉષાબેન સતીશકુમાર ડાંગે,અલ્પાબેન કમલેશકુમાર કાંસાગ્રાના ભાઈ,લીનાબેનના દિયર. રિધ્ધી,હસ્તી,દ્રષ્ટિના કાકા. તેમની પ્રાર્થના સભા તા.૧૯.૧.૨૬ ને સોમવારે સમય સાંજે ૪ થી ૬ રાખેલ છે. સરનામુ : આધાર હોલ, રોડ નં ૪/૧૦, હિંદુજા હોલ ની પાછળ, દૌલત નગર, બોરીવલી (ઈસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ દેપલાવાળા હાલ બોરીવલી ગં.સ્વ. શારદાબેન બચુભાઈ ડોડીયાના પુત્રવધુ તથા કનુભાઈ બચુભાઈ ડોડીયાના ધર્મપત્ની અ.સૌ. ઉષાબેન કનુભાઈ ડોડીયા (ઉં.વ.૫૪)૧૬ / ૧/૨૬ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. દિનેશભાઇ ,હરીશભાઈ, રંજનબેન નરેશકુમાર મકવાણાના ભાઈના પત્ની. મિનલ , હેમાલી અજયકુમાર શર્મા, ધાર્મિકના માતુશ્રી. મોટા ભમોદરાવાળા હાલ દહિસર સ્વ. લીલીબેન વાલજીભાઇ ગોરધનભાઈ પરમારની દીકરી તેમની પ્રાર્થનાસભા તા.૧૯/ ૧/૨૬ના રોજ સાંજે ૫ થી ૭ રાખેલ છે. સ્થળ લુહાર સુથાર વેલફેર સેન્ટર અંબાજી મંદિર પાસે દત્તપાડા રોડ બોરીવલી ઈસ્ટ.

**આજક ગિરિનારાયણ બ્રાહ્મણ**

મૂળ બામણાસા નિવાસી હાલ મુંબઈ સ્વ . ચંદ્રકાંત મોહનલાલ જોશી (ઉં.વ.૮૧) બુધવાર તા.૧૪/૦૧/૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. મોહનલાલ પ્રાગજી અને પ્રભાબેન મોહનલાલના પુત્ર. તેમજ સ્વ. પુષ્પાબેનના પતિ. તથા સ્વ. શાંતિલાલના મોટાભાઈ તથા ગીતાબેનના પિતા અને સંદીપ સંગોઈના સસરા તથા સ્વ. પ્રભાબેન અને સ્વ. કલ્યાણજી પુનશી સંગોઇના વેવાઈ. તેમની પ્રાર્થના સભા સોમવાર તા. ૧૯ /૦૧ / ૨૦૨૬ ના સમય ૫ થી ૭ રાખેલ છે . સ્થળ સત્યનારાયણ ગોએન્કા ભવન પુરાણમલ બંસલ માર્ગ , જે.બી. નગર , અંધેરી (ઈસ્ટ ) જે.બી. નગર મેટ્રો સ્ટેશનથી ૨ મિનિટ વોકિંગ.

# ટેકનોલોજીનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે થવો જોઇએ, લોકોએ તેના ગુલામ ન બનવું જોઇએઃ ભાગવત

છત્રપતિ સંભાજી નગરઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવતે શનિવારે કહ્યું હતું કે ટેકનોલોજીનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે થવો જોઈએ, લોકોએ તેના ગુલામ ન બનવું જોઈએ.

છત્રપતિ સંભાજી નગરમાં યુવા ઉદ્યોગ સાહસિકો સાથે વાતચીત કરતા ભાગવતે એમ પણ જણાવ્યું હતું કે સ્વદેશીનો ઉપયોગ કરવાનો અર્થ ટેકનોલોજીનો અસ્વીકાર કરવાનો નથી. આ સંવાદ આરએસએસ શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગ રૂપે યોજાયો હતો.આરએસએસ અધ્યક્ષે ઉમેર્યું હતું કે વ્યવસાય અને ઉદ્યોગ ફક્ત નફાના હેતુથી ન ચલાવવા જોઈએ. અમે ફક્ત પોતાના ભલા માટે જ નહીં પરંતુ સમાજના ભલા માટે પણ કામ કરીએ છીએ.

## જૈન મરણ

**વિશા પોરવાડ પારચોલા સમાજ જૈન**

મુંબઈ નિવાસી સંજય હીરાચંદ શાહ (ઉં.વ.૬૨) તે હીરાચંદ ડાહ્યાભાઈ શાહ અને સ્વ. સરોજબેન શાહના પુત્ર. ૧૫/૧/૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે શ્વેતાબેન (શૈલા બેન)ના પતિ. પ્રથમના પિતાશ્રી. મીનાબેન અને સમીરના ભાઈ. સુકૃતિ અને રચિતના કાકા. રશ્મિ સમીર શાહના જેઠ. સ્વ. ચંપકલાલ મગનલાલ શાહ (દેગામવાળા) અને સ્વ. જસવંતીબેન શાહના જમાઈ. અતુલ શાહના બનેવી. પ્રાર્થનાસભાઃ મંગળવાર ૨૦/ ૧/૨૬ સાંજે ૪:૩૦ થી ૬:૩૦. સ્થળઃ શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વલ્લભીપુર નિવાસી હાલ અંધેરી મુંબઇ સ્વ. મંજુલાબેન તથા સ્વ. શાંતિલાલ ચંપકલાલ શાહ (સંઘવી)ના સુપુત્ર સંજીવ (ઉં. વ. ૬૧) તા. ૧૭-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મનીષાબેનનાં પતિ. શિમોની અને પ્રિયમના પિતાશ્રી. અરવિંદ અને શ્રુતીના સસરા. દેવલબેન રાજેશભાઇ શાહના ભાઇ. સ્વ. જયંતિલાલ જમનાદાસ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઝરીયા (સણોસરા) નિવાસી હાલ મલાડ લાખાણી ચંદનબેન વનમાળીદાસ ફૂલચંદના સુપુત્ર લક્ષ્મીચંદભાઇના ધર્મપત્ની વિણાબેન (ઉં. વ. ૮૦), ગુરુવાર, તા. ૧૫-૧-૨૬ના અવસાન થયેલ છે. તે હિતેશ, પરેશ, ભાવેશ તથા ભાવના જીનેશકુમાર દોશી મહુવાવાળાના માતુશ્રી. મનીશા, રિયાના સાસુ. રમણીકલાલ વનમાળીદાસ લાખાણી, રસીલાબેન હરગોવિંદદાસ ડોડીયા મોખડકાવાળા, વિમળાબેન હઠીચંદ શાહ, ખાખરીયાવાળાના નાનાભાઇના પત્ની. પિયર પક્ષે જસરાજભાઇ ગીરધરલાલ તથા શાંતિલાલ ગીરધરલાલ શાહ નવાગામ (બડેલી)ની દીકરી. માતૃવંદના રાખેલ છે મંગળવાર, તા. ૨૦-૧-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. સ્વામીનારાયણ હોલ, દત્ત મંદિર રોડ, શારદા વિદ્યાપીઠ સ્કૂલની પાસે, મલાડ (ઇસ્ટ).

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જામકંડોરણા નિવાસી હાલ મલાડ સ્વ. શાંતાબેન તથા સ્વ. રતિલાલ હરજીભાઇ મહેતાના સુપુત્ર મહેશભાઇ (ઉં.વ.૭૩) તે કિરણબેનના પતિ. તથા કૃપા-નિશાંત મહેતા અને ક્રિપ્સા-કુનાલ ગાંધીના પિતાશ્રી. તથા સ્વ. વસંતભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. મનહરભાઇ અને સુશીલાબેન પ્રવિણભાઇ વસાના ભાઇ. તથા સ્વ. છગનલાલ હિરાચંદ ભણશાલીના જમાઇ. ધ્વનિ, જીયાના અને સનવના નાના. શુક્રવાર તા. ૧૬-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. આત્માશ્રેયાર્થે ભાવયાત્રા : તા.૨૦-૧-૨૬ના મંગળવારના સવારે ૧૦થી ૧૨. ઠે. મલાડ કપોળ બેન્કવેટ હોલ, રામચંદ્ર લેન, મલાડ (વેસ્ટ).

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ બોરીવલી, ઈલેશ જયંતીલાલ શાહના પત્ની અ.સૌ. નંદિની ઈલેશ શાહ (ઉં.વ.૬૦) તા. ૧૭/૦૧/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેન જયંતીલાલના પુત્રવધુ. કેયુરના માતુશ્રી. વેદાંતીના સાસુ. પિયર પક્ષે સ્વ.અવંતિકા બલિરામ ચૌધરીના દિકરી. તથા આશાલતા, ઉષા, વિજયા અને સ્વ. સુલોચના તથા સ્વ. રાજેશના બહેન.સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડા રોહા હાલે અંબરનાથના રમેશ દેઢિયા (ઉં.વ.૭૪) ૧૭-૧-૨૬ના અવસાન પામેલ છે. દેવકાબાઈ પ્રેમજીના પુત્ર. નવલના પતિ. દેવપુરના પુરબાઈ મેઘજી કચરાના જમાઈ. હેતલ, અર્ચના, કાજલ, હીનાના પિતાશ્રી. સુંદરજી, તારાચંદ, મૂલચંદ, જખી (દમયંતી)ના ભાઈ. પ્રા. ૧૯-૧-૨૬ સોમવાર, વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦.

કોડાયના ગુણવંતીબેન હરખચંદ લાલન (ઉં.વ.૭૮) ૧૫-૧-૨૬ના અવસાન પામેલ છે. ગાંગબાઈ હંસરાજના પુત્રવધૂ. હરખચંદના પત્ની. વિજય, નિલેશ, જીજ્ઞાના માતા. ખેતબાઈ ભાણજીના પુત્રી. શાંતિલાલ, ભાનુબેન ભવાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિજય હરખચંદ લાલન, ૭૦૬/૭૦૭, સાઈ અર્પણ એપા., સર્વીસ રોડ, જોગેશ્વરી (ઈ).

દેશલપુર કંઠીના સાકરબેન મુળજી (ઉં.વ.૯૨) ૧૭-૧-૨૬ અવસાન પામેલ છે. વેલબાઈ / ગોમીબાઈ મોમાયા પુનશી સાવલાના પુત્રવધૂ. હસુમતી (કુંજલ), રાજેન્દ્ર (રાજુ) સાવલાના માતુશ્રી. કાંડાગરાના મીઠાબેન શિવજી હંસરાજના દીકરી. વસનજી, લખમશી (બાબુભાઈ), ગાંગજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજુ સાવલા, ૪/એ, કેતન એ., જી. ડી. આંબેકર માર્ગ, વડાલા, મુંબઈ-૩૧.

દેવપુરના અ.સૌ. સાકરબેન (બાઈ) વિસનજી લીલાધર વીરા (ઉં.વ.૮૩) ૧૭-૧-૨૬ના અરિહંત શરણ પામેલ છે. મમીબાઈ લીલાધર વીરાના પુત્રવધૂ. વિસનજીભાઈના ધર્મપત્ની. અતુલ, યોગેશ, હર્ષાના માતુશ્રી. દેવપુરના માતુશ્રી મેઘબાઈ પાલણ નરશી મોતાના દીકરી. ભવાનજી, કેસર માવજી, લક્ષ્મી દેવરાજ, કસ્તુર ખીમજી, વિજયા સુંદરજી, રમીલા હરીશના બહેન. પ્રાર્થનાસભાઃ હાલાર વાડી, દાદર. બપોરે ૩ થી ૪.૩૦. ઠે. વિસનજી વીરા, ૩૭૪, સૌભાગ્ય એપાર્ટમેન્ટ, ત્રીજે માળે, કાંસાઇ, અંબરનાથ (ઇસ્ટ)

ગઢશીશાના લક્ષ્મીબેન હંસરાજ દેઢિયા (ઉં.વ.૭૭)૧૭/૧/૨૬ના અવસાન પામેલ છે. ગંગાબેન ખીંયશી જેઠાના પુત્રવધૂ. હંસરાજભાઇના ધર્મપત્ની. કોમલ, ડો. ચંદ્રિકાના માતુશ્રી. વિંઝાણના લહેરીબેન કેશવજી જેવતના સુપુત્રી. દેવચંદભાઇ, વસંતભાઇ, સાભરાઇના મકાબેન મુરજી, લઠેડીના તેજબાઇ અમૃતલાલ, વીંઢના સાકરબેન લક્ષ્મીચંદ, ગોધરાના ગુણવંતીબેન લક્ષ્મીચંદના બેન. ચંચલબેન, નિર્મળાબેનના નણંદ. લખમશી જેવતના ભત્રીજી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હંસરાજ દેઢીયા, ડી-૩૦૩, ન્યુ સર્વોદય સોસાયટી, વર્તક રોડ, વિલેપાર્લે (ઇસ્ટ).

**ઝાલાવાડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

મૂળ વતન વઢવાણ હાલ કાંદિવલી નિવાસી સ્વ. ચંપાબેન વાડીલાલ મોહનલાલ શાહના સુપુત્ર પ્રવીણભાઇ (ઉં. વ. ૭૧) તા. ૧૭-૧-૨૬ શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે રમીલાબેનના પતિ. તે સ્વ. કીર્તિભાઇ-કૈલાસબેન, જાગૃતિબેન રાજેશકુમાર શાહના ભાઇ. તે અમિત-ક્ષમા (રિંકુ) સેજલ હિતેનભાઇ ગુટકા, ફોરમબેન રાજભાઇ શાહના પિતા. તે જસીબેન તારાચંદ પોપટલાલ શાહના જમાઇ. તે ભાગ્ય, રાશિ, રાજવી, રિષભના દાદા/નાના. તે ચંદ્રેશ, હાર્દિકના કાકા. તે દર્શનના મામા. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# ધર્મતેજ

# ધર્મની નિંદા ન કરો,ઉપેક્ષા પણ ન કરો, જ્યારે જિજ્ઞાસા જાગે ત્યારે તેનું ચરણ પકડો





માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

સાધકે મનથી શું કરવાનું? મનથી અને બુદ્ધિથી ધર્મને સમજવાનો. જ્યારે ધર્મની જિજ્ઞાસા જાગે, ત્યારે ઋષિમુનિઓ ધર્મનું પાણી પાય. એમનેમ ન પકડાવી દે, તમે પકડી લ્યો. એવી ગતાનુગતિ ધર્મમાં ન ચાલે, બાપ! અને ગતાનુગતિ ધર્મે કેટલી વાર પ્રહારો સહન કર્યા છે. તૃષાતુરને પાણી આપો. ભૂખ લાગે ત્યારે ખૂબ જમાડો. પણ પેલો ના પાડે છે તો એને પરાણે જમવાનું ન કહો. બુદ્ધિથી ધર્મ સમજવાનો આ પહેલું સૂત્ર છે 'માનસ'નું.

અથા તો ब्रह्मजिज्ञासा
अथा तो धर्मजिज्ञासा
अथा तो भक्तिजिज्ञासा

ભૂખ લાગે ત્યારે એને આપો. આપણે શું કરીએ છીએ કે નહિ, તને ખબર ન પડે તોયે તું પાળ અને પરિણામે યુવાન ધર્મથી દૂર થાતો જાય છે. એને છૂટ આપવી જોઈએ અને આ મૂળ મંત્રો છે. એને તમે પરાણે માળા ન આપો. ઘણા મારી પાસે પોતાના છોકરાઓને લઈને આવે, કહે કે બાપુ, તમે આના ગળામાં માળા નાખો ને. હું કહું કે હું કોઈને માળા આપતો જ નથી. હું કોઈના ગળામાં કંઠી નાખતો જ નથી, મારું હાલે તો એનો કંઠ જ પકડું છું. કંઠી તો તોડી નાખે. ઘણા છોકરાઓને પરાણે પગે લગાડે, પગે લાગ બાપુને, પછી રોવે-નહીં. તમે એનામાં ભૂખ જાગવા દો, તમે એનામાં જિજ્ઞાસા જાગવા દો. પછી તમારું એ બાળક જે ધાર્મિક થશે, એ ક્રાંતિ કરશે. તમે ગતાનુગતિ પકડાવી દો, એનાથી એટલી ક્રાંતિ નહિ થાય.

શ્રી હનુમાનજી મહારાજ રામને કિષ્કિન્ધામાં મળવા માટે આવ્યા, પણ જ્યાં સુધી કંઈ દેખાયું નહિ, ત્યાં સુધી માથું નથી નમાવ્યું. દંડવત્ તો પછી જ કર્યા છે. એક વ્યક્તિ આવી, મહાપુરુષ છે, એટલે આદર આપી દીધો, મસ્તક ઝુકાવ્યું. પણ ચરણસ્પર્શ-ચરણ પકડાવો વિધિ, તો જ્યારે પૂરેપૂરું જાણી લીધું ત્યારે જ પકડ્યા. આ પાઠથી તમે પરિચિત છો. ધર્મ તત્ત્વ અતિ ગુહ્ય છે.

યુવાન ભાઈ-બહેનો, ભગવાન મહાવીર સ્વામીએ ખાસ કહ્યું છે, મને એનું વાક્ય બહુ ગમે. બુદ્ધ પણ એવું જ બોલ્યા છે. બુદ્ધનાં વાક્યો અતિ સુંદર છે.

म्हणीपरिक्ष्य, भिक्ष्यो ग्राहाः मदवाच न तु गौरवात् ।

મને દુનિયામાં લોકો બુદ્ધ કહે છે, આદર આપે છે, જ્યાં જાઉં ત્યાં હજારો લોકો મને ગ્રહે છે.बुद्धं शरणं गच्छामि।' નો નારો હિંદુસ્તાન અને એની સરહદની બહાર લાગી ગયો છે. તો પણ હે ભિક્ષુ,તું એમનેમ મને નહીં પકડીશ. 'परीक्ष्य, भिक्ष्यो ग्राह्य : मदवाच न तु गौरवात् ।- મારા ગૌરવને જોઇને તું મારા પગ ન પકડીશ. મારા મહિમાને જોઇને, મારી વાતને તું એમનેમ ન સ્વીકારી લે. ગતાનુગતિ ન કર. મારી વાણીની તું બુદ્ધિથી પરીક્ષા કર અને તારા અંતઃકરણમાં ભૂખ જાગે અને મારી વાણી જો તને ખોરાકનું કામ કરતી હોય, ત્યારે તું એ વાણીને ગ્રહણ કર.

આપણે ત્યાં જે એમનેમ પકડાવી દેવાની વાત વચ્ચે આવી, એણે ઘણું નુકસાન કર્યું. એની બુદ્ધિ પ્રમાણે એને કરવા દો. એટલા માટે તો કૃષ્ણ ગીતામાં કહે છે કે મેં તો તને ઘણું કહ્યું, પણ તું તારી બુદ્ધિ પ્રમાણે કર. મેં તો તને ઘણું કહી દીધું, આખી ગીતા કહી, પણ તું તારી બુદ્ધિ પ્રમાણે નિર્ણય કર. તને પ્રજ્ઞા આપી છે,તું એનો ઉપયોગ કર. યુવાન ભાઈ-બહેનો માટે આ સૂત્ર જરૂરી છે. નિંદા ન કરો ધર્મની, ઉપેક્ષા પણ ન કરો ધર્મની, પણ ધર્મનું ચરણ ત્યારે જ પકડો, જ્યારે તમારામાં ભૂખ જાગે. પછી તમે જે પકડશો, એ વાત કંઈક જુદી જ હશે. એ સ્વરૂપ કંઈક જુદું જ હશે.

મુંબઈમાં સચિવાલયમાં એક હાજરીપત્રક-કોઈના પ્રવચનમાં સાંભળેલું, બન્યું હશે કે નહિ એ ખબર નહિ, જોકે આજકાલ આવું બનતું જ હોય છે કે આ હાજરીપત્રકમાં મોડા પડવાનું કારણ જે કર્મચારી મોડો આવે તે લખે કે ટ્રાફિક જામ હોવાથી, ને પછી ટૂંકી સહી કરે. પછી બીજો કર્મચારી જે આવે એ કંઈ જુએ નહિ, સદર 'કરે ને સહી કરે.' એક દિવસ એક સત્સંગી માણસ મોડો પડ્યો,ખોટું બોલે નહિ. એટલે એણે સાચું કારણ લખ્યું કે મારી પત્નીને પ્રસૂતિ કાળ નજીક હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવા ગયો હતો તેથી મોડો પડ્યો, આમ કરીને સહી કરી. એના પછી જેટલા આવ્યા, એ બધાએ સદર કર્યું. મૂઢ-વ્યવહારમાં આવું થાય,ત્યાં સુધી વાંધો નહિ. ધર્મમાં ન થવું જોઈએ. ધર્મ તો બધાનું પોતાનું આગવું ફૂલ છે બાપ!

બધા દેવતાઓએ પોતપોતાની રીતે સ્વતંત્રતાથી ફૂલો પસંદ કર્યા છે. કોઈએ દૂર્વા, કોઈ આંકડો, કોઈ ગુલાબ, કોઈ કમળ તો કોઈ મોરપીંછ પસંદ કરે, ક્યાંય ગતાનુગતિ નહીં. સૌની પોતપોતાની નિજતા અને સ્વતંત્રતા હોય છે. 'મારી વાતને પરીક્ષા કરીને હે ભિક્ષુ તું પસંદ કર'. ન તું ગૌરવાત...મારા ગૌરવને જોઈને આંધળી દોટ ન મૂકીશ. મારો તો લોકો જયજયકાર કરે છે તેથી મારી વાત એમને એમ માની લેવાની જરૂર નથી. તેમ મારે તમને પણ કહેવું છે કે રામાયણનાં સૂત્રોને તમે બરાબર પરીક્ષા કરી, કસોટી કરીને અને એ બરાબર છે એમ ન લાગે ત્યાં સુધી એમ ને એમ ન પકડશો. એને બરાબર પકડજો. મહાવીર સ્વામીએ પણ આવી જ ભાષામાં કહ્યું છે કે તમે મારું આંધળું અનુસરણ ન કરો. મને બરાબર જોજો. ભગવાન કૃષ્ણે તો આવી છૂટ આપી જ છે. જેટલા જેટલા મહાપુરુષો થયા તેમણે આ વાતને બળ આપ્યું છે. શ્રી હનુમાનજીના જીવનમાં મન અને બુદ્ધિ દ્વારા ધર્મનો સ્વીકાર છે. એમણે ધર્મ સ્વરૂપ રામનાં ચરણો બુદ્ધિપૂર્વક પકડ્યા છે. આપણી અંદરના ધર્મને જ્યારે ભૂખ લાગે ત્યારે બુદ્ધિપૂર્વક એના પગ પકડો,એમ ને એમ નહીં. તરસ લાગે ત્યારે પાણી આપો. મારાં ભાઈ-બહેનો,આ ઉપદેશ નથી. હું તમારી સાથે ચર્ચા કરું છું અને એ પણ બુદ્ધના શબ્દોમાં ફરી ફરીને કહેવા માગું છું કે પરીક્ષ્ય ભીક્ષવો...ધર્મને તમે તમારી રીતે સમજજો અને પછી ગ્રહણ કરજો. યોગ્ય લાગે તો તમારું છે. (સંકલનઃ જયદેવ માંકડ)■

મનન
હેમંત વાળા
feedback@bombay samachar.com

# માયા એટલે મનનો વિસ્તાર



સનાતની સંસ્કૃતિમાં 'માયા'ની અવધારણા અદ્ભુત છે. આત્માની ધારણા થકી જેમ આધ્યાત્મના ઘણા પ્રશ્નોનો જવાબ મળી રહે છે તેમ માયાની અવધારણા માટે પણ કહી શકાય. ઘણી બાબતો એવી હોય છે કે જેની અવધારણા વિના ચિંતન, વિચારશીલતા ક્યાંક અટકી પડે. આ પ્રકારનો અવરોધ વિચાર પ્રક્રિયાને અટકાવી દે. એક સમય એવો આવે કે કોઈ નવી સંભાવના વિશે વિચારવાની, નવાં 'શબ્દ'ની આવશ્યકતા રહે, જેને કારણે વિચારની પ્રક્રિયામાં આવેલી અડચણ દૂર થાય. સામાન્ય રીતે આવી અવધારણા બહુપ્રતિભાલક્ષી- બહુઆયામી હોય અને તેથી તેની સમજૂતી મર્યાદિત શબ્દોથી આપી ન શકાય. આ પ્રકારની અવધારણામાં જટિલ, અસ્પષ્ટ લાગે તેવી અને બહુપરિમાણીય પરિસ્થિતિનો સમાવેશ થાય તે સ્વાભાવિક છે. આવા સમયે એક 'શબ્દ' સ્થાપિત કરવામાં આવે જે આ બધાં પ્રશ્નોના નિવારણ સમાન હોય. આવી જ એક ઘટના એટલે આધ્યાત્મના ક્ષેત્રમાં 'માયા'નું નિર્ધારણ. ક્યારેક માયાને અવિદ્યા રૂપે, ક્યારેક ભ્રમ રૂપે, ક્યારેક 'અન્યથા' અવાસ્તવિકતા રૂપે, ક્યારેક કલ્પનાના વિસ્તાર રૂપે, ક્યારેક અજ્ઞાનતાની સાક્ષી રૂપે તો ક્યારેક પ્રપંચ રૂપે દર્શાવવામાં આવે છે.

માયા શબ્દના અર્થમાં, એક દૃષ્ટિકોણ મુજબ, 'મા' એટલે મર્યાદિત હોય તેવી પરિસ્થિતિનું માપન અને યા એટલે એ અસ્તિત્વ જે શક્તિ સ્વરૂપે તેની પ્રતીત કરાવે. માયા એટલે જે મર્યાદિત છે, જે અનિત્ય છે, જે સત્યથી વિપરીત છે, જે ભ્રમણા છે, તે પ્રકારની ઘટનાની સમજ-શક્તિ. બીજા અર્થમાં કહીએ તો જે સનાતન, નિત્ય, અમર્યાદિત, પરમ સત્ય સ્વરૂપ બ્રહ્મ નથી, તે માયાનું સ્વરૂપ છે. અનિત્યતા, આવરણ, ભ્રમ, અજ્ઞાન, માનસિક પરિકલ્પના, અજ્ઞાન, વિપરીતતા, પ્રપંચ, અંધકાર, અવિદ્યા, વિકલ્પનાત્મક સંકલ્પ જેવાં વિશેષણથી માયાને સમજવાનો પ્રયત્ન થઈ શકે. જોકે માયાની સમજ એટલી સરળ નથી, કારણ કે સ્વયં માયા-જાળમાં ફસાયેલ વ્યક્તિ માટે માયાની સમજ અતિ મુશ્કેલ બની રહે. જે 'બંધક' છે તે સંપૂર્ણતામાં બંધન તથા તેનાં કારણ વિશે તાગ ન મેળવી શકે.

સાંખ્યદર્શનમાં માયા શબ્દનો સીધો પ્રયોગ જોવાં નથી મળતો. અહીં જે પુરુષ અને પ્રકૃતિનાં દ્વૈત સિદ્ધાંતની વાત છે એમાં પ્રકૃતિને માયા સાથે સરખાવી શકાય. આ પ્રકૃતિને કારણે જગત અને તેનાં વિવિધ પરિમાણો સ્થાપિત થયાં છે. અહીં જગતને ભ્રાંતિ તરીકે નહીં પરંતુ વાસ્તવિક માનવામાં આવે છે, પરંતુ અહીં આ વાસ્તવિક જગતને પણ માયા સમાન બંધન ગણવામાં આવે છે. પુરુષ અને પ્રકૃતિનો ભેદ જાણવાની અસમર્થતા એટલે જ અવિદ્યા કે માયાનો પ્રભાવ. પતંજલિ યોગસૂત્ર અનુસાર પણ જગત માયા નથી, પરંતુ ક્લેશ, દ્વેષ, અજ્ઞાન, અપવિત્રતા, મોહ, સ્મૃતિ, વાસના, અહંકાર, કર્તૃત્વ તથા અજ્ઞાન જેવા ભાવથી આચ્છાદિત રહેતી વાસ્તવિકતા છે. અહીં અવિદ્યાને જગતના ભ્રમનું મૂળ કહેવામાં આવ્યું છે. અહીં જણાવાયું છે કે નિત્યને અનિત્ય, અશુદ્ધને શુદ્ધ, દુઃખને સુખ તથા અનાત્મને આત્મા સમજવું એટલે જ અવિદ્યા, એ જ માયા, એ જ ભ્રમ. ન્યાય દર્શનમાં દોરડામાં ભાસિત થતાં સર્પને અન્યથા-ખ્યાતિ કે અન્યથા-જ્ઞાનને ભ્રમ કહી શકાય. વૈશેષિક દર્શનમાં ભૂતકાળની સ્મૃતિથી ઉપજેલ કલ્પનાને વિપર્યય અથવા ભ્રમ કહી શકાય. મીમાંસા દર્શન મુખ્યત્વે ધર્મ, યજ્ઞ-હવન અને ક્રિયાકાંડ કેન્દ્રિત હોવાથી તેમની ધારણા પ્રમાણે જગત સત્ય છે. અહીં માયાની કલ્પના નથી પરંતુ કોઈક કોઈક અદૃશ્ય-કારણની વાત અહીં પણ ધ્યાનમાં આવે છે. વેદાંત દર્શનમાં માયાનો સ્પષ્ટ, ગહન તેમજ અર્થપૂર્ણ ઉલ્લેખ જોવાં મળે છે. અહીં બ્રહ્મની અજ્ઞાનશક્તિને માયા ગણાય છે. આ માયા અનિર્વચનીય છે અને તેની ન તો સત્યમાં કે ન તો અસત્યમાં ગણના સંભવ હોય છે. એકંદરે એમ કહી શકાય કે મનના આવરણ રૂપ 'માયા'નો ઉલ્લેખ વેદાંતમાં સ્પષ્ટ રીતે જોવાં મળે છે, અન્ય સ્થાને તેને અવિદ્યા, ભ્રમ, અન્યથા-ખ્યાતિ, પ્રકૃતિની ક્રિયા વગેરે રૂપે સ્થાપિત કરાય છે.

માયાને જે નામ આપવામાં આવે કે માયાનું જે સ્વરૂપ સ્વીકારવામાં આવે, અંતે તો તે મનનો વિસ્તાર છે, મનની પ્રકૃતિનું પરિણામ છે, મનનો વ્યભિચાર છે. મનના આ વિસ્તારને કારણે જગત સત્ય વર્તાય છે, અનિત્યમાં નિત્યની પ્રતીતિ થાય છે, અવિદ્યા અને અજ્ઞાન અર્થપૂર્ણ જણાય છે, જે દુઃખદાયી છે તે રસિક જણાય છે, 'હું અને મારું'નો ભાવ પ્રબળ થતો જાય છે અને વ્યક્તિ કામનાગ્રસ્ત થઈ ઇચ્છિત પામવા પુરુષાર્થ કરે છે. આ બધી બાબતો અંતે તો બંધનનું નિમિત્ત બને છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિ પોતાના સ્વ-સ્વરૂપને આત્મ-સ્વરૂપને ભૂલીને નાશવંત બાબતોને જ પોતાનું અસ્તિત્વ સમજી બેસે છે. આ બધો મનનો ખેલ છે, મનનો વિસ્તાર છે.

મન એ માયાનું મુખ્ય સાધન પણ છે અને આધાર પણ છે. માયાની આવરણ-શક્તિ મન પર અજ્ઞાનનો પડદો પાથરી દે છે. વિક્ષેપિત મનને પછી સત્ય દેખાતું નથી. યથાર્થ જ્ઞાન દ્વારા મનને શુદ્ધ કરવાથી, અભ્યાસ અને વૈરાગ્યથી, આકર્ષણ અને પ્રલોભનોથી મુક્ત રહેવાથી, સંયમ અને વિવેકથી, ગુણાતીત કે સ્થિતપ્રજ્ઞતાની સ્થિતિમાં રહેવાથી, સાધના તથા ધ્યાન યોગ દ્વારા સત્યને પ્રાપ્ત કરવાથી, સાક્ષીભાવ જાળવી રાખી અસંગી બનવાથી, માત્ર પરમ-સત્ય તેમ જ પરમ-આનંદ વિશેનું જ ચિંતન કરવાથી, નિત્ય-અનિત્યનો તથા શ્રેય-પ્રેયનો તફાવત સમજવાથી, ઇન્દ્રિયોને બહિર્ગામી થતી રોકી અંતરનો પ્રવાસ શરૂ કરવાથી તથા ઉત્કૃષ્ટ ભક્તિ દ્વારા ઈશ્વરની શરણાગતિ સ્વીકારવાથી માયાને અવધારણાનો છેદ ઊડી શકે અને બ્રહ્મ જ એકમાત્ર પરમસત્ય છે તેવી અનુભૂતિ થઈ શકે.

મનની સ્થિરતા જરૂરી છે. મનના વ્યાપને નિયંત્રણ કરવું પડે. મન પર બુદ્ધિની લગામ આવશ્યક છે. મનનાં પ્રત્યેક તરંગ શાંત થાય તે ઇચ્છનીય છે. મન અંતે મનમાં જ લય પામે તે માટેનાં પુરુષાર્થનો પ્રારંભ કરવો પડે. મનને બંધનનું મુખ્ય કારણ સમજી ક્રમશઃ તેનો વિસ્તાર ઘટાડી તેને ક્ષીણ કરવાની આવશ્યકતા છે. ■

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombay samachar.com

# પરસ્ત્રીનો સ્પર્શ ને ઉપભોગથી ઉપજનારા પાપકર્મનું પ્રાયશ્ચિત કઈ રીતે કરશો?




દેવગણ પોતપોતાના લોક ચાલ્યા ગયા. ભગવાન શિવ માતા પાર્વતી કહે છે, 'દેવી સંસારચક્ર ફરી વ્યવસ્થિત ચાલી રહ્યું છે. યુવા ભદ્રાયુની શૂરવીરતા જોઈ ચંપારણ્યના મહારાજા ચંદ્રાંગ અને મહારાણી સીમંતિએ તેમની પુત્રી કીર્તિમાલીનીના લગ્ન યુવા ભદ્રાયુ સાથે કરાવ્યાં અને રાજગાદી સોંપી દીધી છે. ચંપારણ્યના જંગલમાં રાજા ભદ્રાયુ અને રાણી કીર્તિમાલીની વિહાર કરી રહ્યાં છે. આ રાજદંપતીની ધર્મમાં દૃઢતા અને શરણાગતોનું પાલન કરવાની કેટલી ક્ષમતા છે તે જાણવા તેમની પરીક્ષા લેવી અનિવાર્ય લાગી રહી છે.' આટલું સાંભળતાં જ માતા પાર્વતીએ કહ્યું, 'તો ચાલો સ્વામી, જોઈએ ભદ્રાયુ અને કીર્તિમાલીની ધર્મમાં દૃઢતા કેટલી છે.' માતા પાર્વતી સહિત ભગવાન શિવે એક લીલા રચી. માતા પાર્વતી અને ભગવાન શિવે એ વનમાં બ્રાહ્મણ અને બ્રાહ્મણીરૂપે પ્રગટ થયાં. એ બંનેએ લીલાપૂર્વક એક માયાવી વાઘનું નિર્માણ કર્યું. એ બંને ભયથી વિહ્વળ થઈ વાઘથી થોડે જ દૂર આગળ રડતા રડતા બૂમો પાડતાં ભાગવા માંડયા અને વાઘ એમનો પીછો કરવા લાગ્યો. રાજા ભદ્રાયુએ એમને આ અવસ્થામાં જોયાં. બ્રાહ્મણ દંપતી પણ ભયથી રાજા ભદ્રાયુની સામે પહોંચે છે. એજ સમયે વાઘ પણ બ્રાહ્મણી પાસે આવી પહોંચ્યો. તેણે બ્રાહ્મણીને પોતાનો કોળિયો બનાવવાની ચેષ્ટા કરી. રાજા ભદ્રાયુએ ધનુષ્ય ઉઠાવ્યું અને આઘાત કર્યો, પરંતુ એ બાણથી એ મહાબલી વાઘને જરાય વ્યથા ન થઈ અને તે બ્રાહ્મણીને બળપૂર્વક ઘસડતો ઘસડતો ત્યાંથી દૂર નીકળી ગયો. પોતાની પત્નીને વાઘનો શિકાર થતાં જોઈ બ્રાહ્મણ બહુ દુઃખી થયો અને તે રડવા લાગ્યો. રડતાં રડતાં કહ્યું, 'હે રાજન! તમારી ઉપસ્થિતિ હોવા છતાં આ શું થયું? તમારા મોટા મોટા અસ્ત્ર શસ્ત્ર ક્યાં ગયાં? દુઃખીઓની રક્ષા કરનારું તમારું એ વિશાળ ધનુષ્ય ક્યાં ગયું? સાંભળ્યું હતું કે તમારામાં તો બાર હજાર હાથીઓનું બળ છે તેનું શું થયું? તમારી મંત્ર વિદ્યા ક્યાં ગઈ? શું તમારી શૂરવીરતા મરી પરવારી છે? કોઈપણ ધર્મજ્ઞ રાજા પોતાના પ્રાણની ચિંતા ન કરતાં પોતાની શરણમાં આવેલા દીનદુઃખીયાઓની રક્ષા કરતા હોય છે શું તમે એ ભૂલી ગયાં? તમારી સામે મારી પત્નીને વાઘ ભક્ષણ કરવા ઘસડી ગયો તમે કંઈ ન કરી શક્યા.' રાજા ભદ્રાયુ બ્રાહ્મણના ચરણોમાં પડી ગયો અને ધીરજ આપતાં બોલ્યો, 'હે બ્રાહ્મણશ્રેષ્ઠ! મુજ ક્ષત્રિય અધમ પર કૃપા કરો અને શોક છોડી દો. હું આપને મનોવાંછિત પદાર્થ આપીશ. આ રાજ્ય, આ રાણી અને મારું આ શરીર. આ બધું જ આપને આધિન છે, બોલો આપ શું ચાહો છો.' દુઃખી બ્રાહ્મણ (ભગવાન શિવ) બોલ્યા, 'હે રાજન! આંધળાને દર્પણ શું કામનું? જે ભિક્ષા માંગીને જીવનનિર્વાહ કરતો હોય, એ ઘણાં બધાં ઘર કે મહેલ લઈને કરે પણ શું? જે મૂર્ખ છે એને પુસ્તક સાથે શી લેવાદેવા? અને જેની પાસે સ્ત્રી નથી, એ ધનને લઈને કરશે પણ શું? મારી પત્નીને વાઘ ભક્ષણ કરી ગયો મારી પત્ની જતી રહી, મેં ક્યારેય કામભોગનો ઉપયોગ કર્યો નથી. એથી કામભોગને માટે તમે તમારી આ મોટી રાણી મને આપી દો.'

* * *

રાજા ભદ્રાયુઃ 'હે બ્રાહ્મણશ્રેષ્ઠ! શું આ ધર્મ છે? શું તમારા ગુરુએ આ રીતે ઉપદેશ આપ્યો છે? શું તમને જ્ઞાત નથી કે પારકી સ્ત્રી માતા સમાન હોય છે. પારકી સ્ત્રીનો સ્પર્શ પુણ્યને નાશ કરનાર અને સ્વર્ગનો દરવાજો બંધ કરનાર કાર્ય છે. પરસ્ત્રીનો સ્પર્શ અને ઉપભોગથી ઉપજનારા પાપકર્મોનું પ્રાયશ્ચિત કઈ રીતે ધોઈ શકશો. આ પાપકર્મ કોઈપણ ધોઈ શકતું નથી અને ભોગવ્યે છુટકો નથી. શું તમારે આ આયખું બરબાદ કરવું છે?'

બ્રાહ્મણ (ભગવાન શિવ): 'હે રાજન, હું મારી તપસ્યા અને દૈવીક શક્તિથી બ્રહ્મહત્યા અને મદિરાપાન જેવાં પાપનો પણ નાશ કરી શકીશ, પછી પરસ્ત્રી-સંગમની તો વાત જ ક્યાં રહી. આપ તમારી ભાર્યા મને આપી દો અન્યથા તમે પોતે નિશ્ચિત જ નરકમાં જશો અને બ્રહ્મહત્યાનું પાપ તો ખરું જ!'

બ્રાહ્મણની વાતથી ગભરાયેલા રાજા ભદ્રાયુએ વિચાર કર્યો કે, 'પત્નીના અવસાનથી બ્રાહ્મણ દેવતા ખૂબ જ કોપાયમાન છે, એમને સમજાવવા અને યોગ્ય દિશામાં વાળવા અશક્ય છે. બ્રાહ્મણ કે બ્રાહ્મણ પરિવારની રક્ષા કરવા અસમર્થ થવાથી બ્રહ્મહત્યા જેવા મહાપાપના સહભાગી તો અવશ્ય થયો અને આ મહાપાપથી ઉગરવા મારી પત્ની અને રાજકારભાર બ્રાહ્મણ દેવતાને સોંપી અગ્નિસ્નાન કરવું ઉત્તમ ગણાશે અને એના દ્વારા હું મારા બ્રહ્મહત્યા જેવા પાપથી મુક્તિ મેળવીશ.'

રાજા ભદ્રાયુએ નિશ્ચય પ્રમાણે પોતાની પત્ની કીર્તિમાલીનીને બોલાવી બધી વાત કહી.

કીર્તિમાલિનીઃ 'સ્વામિ હું તમારી અર્ધાંગિની છું, તમારો નિશ્ચય એ મારો નિશ્ચય છે, તમે કહ્યા મુજબ હું બ્રાહ્મણ દેવતાની દાસી બનીશ.'

આટલું સાંભળતાં જ રાજા ભદ્રાયુએ કીર્તિમાલીનીને બ્રાહ્મણને સોંપી આગ પ્રજ્વલિત કરી. આગની જ્વાળામાં વિલિન થવાં પહેલાં પવિત્ર થવું જરૂરી હોવાથી સ્નાન કરીને અગ્નિની પરિક્રમા કરી એકાગ્રચિત્તે ભગવાન શિવનું ધ્યાન ધર્યું અને કહ્યું, 'હે દેવાધિદેવ મહાદેવ! હું મારા જીવનમાં એક પરાક્રમી રાજા તરીકે નિષ્ફળ થયો છું, મારી આંખ સામે બ્રાહ્મણ પત્નીને વાઘ પોતાનો કોળિયો બનાવી ગયો. હું તેને બચાવી ન શક્યો, બ્રાહ્મણ દેવતાની ઇચ્છાને માન આપી મારી પત્ની એમને સોંપી રહ્યો છું. પત્નીને બીજાને સોંપી આ દુનિયામાં રહેવા હું ઇચ્છતો નથી. મને અગ્નિ દેવતાની શરણે જવા અનુમતી આપો.'

આ રીતે અગ્નિમાં સમાવવા તૈયાર થયેલા રાજા ભદ્રાયુને જોઈ ભગવાન શિવ ત્યાં પ્રગટ થયા. એમને પાંચ મુખ હતાં. તેમના હાથમાં ત્રિશૂળ, ખટ્વાંગ, કુઠાર, ઢાલ, મૃગ, અભય, વરદ અને પિનાક ધારણ કરેલાં હતાં. નંદી બાબા પર બેઠેલા ભગવાન શિવ અને માતા પાર્વતીને રાજા ભદ્રાયુએ પોતાની સામે પ્રત્યક્ષ જોયા. રાજા ભદ્રાયુ અને રાણી કીર્તિમાલીની ભગવાન શિવ અને માતા પાર્વતીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

ભગવાન શિવઃ 'હે કીર્તિમાલીની ભદ્રાયુ! તમારી ભક્તિભાવની પરીક્ષા લેવા માટે હું જ બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યો હતો. જેને વાઘે ગ્રસી લીધી હતી તે બ્રાહ્મણ પત્ની બીજી કોઈ નહીં ગિરિજાનંદીની શક્તિસ્વરૂપા દેવી પાર્વતી જ હતાં. તમારા બાણ મારવાથી પણ જેના શરીરને ઘા પડયો નથી તે વાઘ પણ માયાનિર્મિત હતો. તમારા ધૈર્યની પરીક્ષા ખાતર જ તમારી પત્નીને માગી હતી. હે કીર્તિમાલીની તમારી અને રાજા ભદ્રાયુની ભક્તિથી હું સંતુષ્ટ છું તમે કોઈ દુર્લભ વરદાન માગો હું તમને અવશ્ય આપીશ.'

રાજા ભદ્રાયુઃ 'હે પ્રભુ આપ દેવાધિદેવ છો. સાંસારિક તાપથી ઘેરાયેલા આ તુચ્છ જીવને તમે માતા સહિત પ્રત્યક્ષ દર્શન આપ્યાં એ જ મહાન વરદાન છે. હું ઈચ્છું છું કે હું, મારી રાણી, મારા માતા-પિતા, પુત્ર સનય સહિત સૌને આપના અંતેવાસી સેવક બનાવી લો.'

ભગવાન શિવઃ 'તથાસ્તુ. રાણી કીર્તિમાલીની આપ પણ વરદાન માગો.'

કીર્તિમાલીનીઃ 'હે પ્રભુ! આપ તો જાણો છો કે એક સ્ત્રી પોતાના પરિવાર સાથે પોતાના માતા-પિતાના પરિવારના ઉત્કર્ષ માટે હંમેશાં ચિંતીત હોય છે. મારા પિતા ચંદ્રાંગ અને માતા સીમંતિને પણ આપના અંતેવાસી સેવક બનાવી લો.'


ભગવાન શિવ અને માતા પાર્વતી 'તથાસ્તુ' કહી અંતર્ધાન થઈ ગયા. ભગવાન શિવ અને માતા પાર્વતીના આશીર્વાદનો પ્રસાદ પ્રાપ્ત કરી રાજા ભદ્રાયુ અને કીર્તિમાલીની પ્રિય ભોગોનો ઉપભોગ કર્યો. માનવ જીવન દરમિયાન તેમણે ભગવાન શિવ અને માતા પાર્વતીની ભક્તિપૂર્વક પૂજા-અર્ચના કરી એક હજાર વર્ષ રાજ્ય કર્યું, ત્યારબાદ પોતાના પુત્રને રાજ્ય આપીને ભગવાન શિવના શિવગણ તરીકે પરમ પદને પ્રાપ્ત કરી શિવ ધામને પ્રાપ્ત કર્યું.

આ પરમ પવિત્ર, પાપનાશક અને અત્યંત ગોપનીય ભગવાન શિવના વિચિત્ર ગુણાનુવાદને જે વિદ્વાનોને સંભળાવે છે અથવા સ્વયં પણ શુદ્ધચિત્ત થઈને વાંચે છે, ભણે છે તે આ લોકમાં ભોગ-ઐશ્વર્યને પ્રાપ્ત કરીને અંતે ભગવાન શિવને પ્રાપ્ત થાય છે. (ક્રમશઃ)■

# કર્મનાં ઈષ્ટ ને અનિષ્ટ ફળ

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay



ગત અંકમાં કુશળ કર્મના બંધનને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ કર્મનાં ઇષ્ટ અને અનિષ્ટ ફળની ચર્ચા કરે છે, તે સમજીએ.

ભારતીય દર્શન અનુસાર, મનુષ્ય જેવું કર્મ કરે છે તેવું જ ફળ તેને પ્રાપ્ત થાય છે. ફળ સદાય કર્માનુસાર જ મળે છે ભલે તે હમણાં મળે કે ભવિષ્યમાં, આ જન્મમાં મળે કે બીજા જન્મમાં. આને મનીષીઓ કર્મ સિદ્ધાંત તરીકે ઓળખે છે.

જ્યારે મનુષ્ય ધર્મસંમત, નિઃસ્વાર્થી અને સદ્‌ગુણથી ભરેલા કર્મ કરે છે ત્યારે તેના પરિણામ શુભ અને કલ્યાણકારી થાય છે. શરીરિક સુખ, આરોગ્ય, ઉન્નતિ, ધન અને સુવિધાઓ પ્રાપ્ત થાય છે. માનસિક શાંતિ, આત્મસંતોષ, પ્રસન્નતા અને મનની સ્થિરતા મળે છે. સમાજમાં આદર, પ્રેમ અને વિશ્વાસ મળે છે. આધ્યાત્મિક પ્રગતિ તરફ માર્ગ ખૂલે છે વૈરાગ્ય, જ્ઞાન અને અંતે મોક્ષની પ્રાપ્તિ તરફ મુમુક્ષુ આગળ વધે છે.

ઉદાહરણ તરીકે કોઈ વ્યક્તિ ઈમાનદારીથી વેપાર કરે તો ધન ધીમે ધીમે મળે, પરંતુ તે સ્થિર અને શાંતિદાયક રહે છે. સેવા, દાન અને સહાનુભૂતિથી કરેલું કાર્ય સમાજ અને આત્મા બન્ને માટે કલ્યાણકારી સાબિત થાય છે.

એક મિત્રે તેના અનુભવનો પ્રસંગ વર્ણવતાં કહ્યું કે એક વખત એક ગરીબ વિદ્યાર્થી અમદાવાદમાં અભ્યાસ કરતો હતો. તેને ભોજન માટે પૂરતા પૈસા ન હતા. રોજ એક ભોજનાલયના માલિક તેને જોયા કરતા અને જાણ્યું કે આ વિદ્યાર્થી શાંત, સચ્ચરિત્ર અને ભણવામાં તત્પર છે. એક દિવસ માલિકે તેને બોલાવ્યો અને કહ્યું ‘બેટા, તું ભણવા આવ્યો છે, ભૂખ્યો રહીશ તો અભ્યાસ કેવી રીતે થશે? તું દરરોજ અહીં આવીને નિઃશુલ્ક ભોજન કરજે.’

વર્ષો સુધી આ વિદ્યાર્થી ભોજનાલયના માલિકના આશીર્વાદરૂપે ભોજન કરતો રહ્યો. અંતે તેણે મહેનતથી અભ્યાસ પૂરો કર્યો, મોટો અધિકારી બન્યો. વર્ષો પછી એ જ વિદ્યાર્થીને ખબર પડી કે જે માલિકે તેને ભોજન આપ્યું હતું તેમના પુત્રની નોકરીની જરૂર છે. તેણે તરત જ પોતાના પ્રભાવથી તેના પુત્રને સારી નોકરી અપાવી.

આ પ્રસંગ બતાવે છે કે ભોજનાલયના માલિકનું એ શુભ કર્મ ભૂખ્યા વિદ્યાર્થીને ભોજન કરાવવાનું વર્ષો પછી તેના શુભ ફળ સ્વરૂપે તેના પોતાના પરિવારને લાભકારક બન્યું. આમ કરેલું શુભ કર્મ ક્યારેય વ્યર્થ જતું નથી.

પણ જ્યારે મનુષ્ય અધર્મ, સ્વાર્થી, છેતરપિંડી, હિંસા કે અનૈતિક કર્મ કરે છે ત્યારે તેના પરિણામ દુઃખદાયક અને બંધનકારી બને છે. શારીરિક દુઃખ, રોગ, અસુરક્ષા અને નિષ્ફળતા મળે છે. માનસિક અશાંતિ, ભય, ગ્લાની, અસંતોષ અને અસુરક્ષા અનુભવાય છે. સમાજમાં અવમાનના, અપમાન અને એકલતા મળે છે. આધ્યાત્મિક પતન થાય છે અજ્ઞાન, આસક્તિ અને પુનર્જન્મના બંધન સર્જાય છે.

ઉદાહરણ તરીકે કોઈ વેપારી છેતરપિંડીથી ધન કમાય છે તો થોડા સમય માટે ધન તો મળે છે, પરંતુ મનની શાંતિ નાશ પામે છે અને અંતે અપયશ તથા નુકસાન ભોગવવું પડે છે. જો કોઈ પોતાના કર્તવ્યની અવગણના કરે જેમ કે શિક્ષક શિક્ષણમાં બેદરકારી કરે અથવા ડોક્ટર સારવારમાં ઢીલાશ કરે તો તેનું ફળ સમાજમાં દુઃખ અને પોતાને ભવિષ્યમાં પણ પાપફળ મળે છે.


હસ્તિનાપુરના કૌરવોમાં સૌથી મોટો દુર્યોધન હતો. તેના મનમાં પાંડવો પ્રત્યે ભારે દ્વેષ હતો. લોભ અને અહંકારવશ તેણે અનેક અશુભ અને પાપ કર્મો કર્યાં. એટલું જ નહીં પણ પોતાના ભાઈ એવા પાંડવો પ્રત્યે હંમેશાં અધર્મ-કર્મ જ આચર્યું. જ્યારે તે અધર્મ અને પાપ આચરતો હતો ત્યારે તો મદ અને અહંકારમાં ચકચૂર હતો. તેણે પોતાની શક્તિ અને સહાયતાના આધારે ક્યારેય વિચાર્યું નહોતું કે મારે એક દિવસ આ પાપનું ફળ ભોગવવું પડશે. પણ આખરે પાપનો ઘડો ભરાયો ને આ અશુભ કર્મોનું પરિણામ એ થયું કે દુર્યોધન સહિત સમગ્ર કૌરવકુલ વિનાશ પામ્યું. આમ, અશુભ કર્મોનો અંતે અશુભ ફળ જ મળે છે, ભલે તે તુરંત ન મળે, પણ સમય આવ્યે તે કોઈને છોડતું નથી.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે કર્મફળ પ્રદાતા ભગવાન છે. તેઓ આપણા કર્મનો બધો જ હિસાબ રાખે છે. એટલા માટે ક્યારેય કોઈનું અહિત ન કરવું જોઈએ. મનથી પણ કોઈનું અહિત ન વિચારવું. મન, વચન અને કર્મથી ક્યારેય પણ કોઈનું ખરાબ ન કરવું, એજ સાચો ધર્મ અને સર્વોચ્ચ પુણ્ય છે. પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે બીજાના ભલામાં આપણું ભલું છે. અન્યને સુખ આપવામાં જ પોતાનું સુખ વસે છે. જો બધાં જ શુભ કર્મ કરે તો સમગ્ર પૃથ્વી અક્ષરધામ બની જાય. ■

# અંબાજીના હડાદ ગામે યોજાયો અનોખો સમારંભ!

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com



બનાસકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્માથી અંબાજી જતાં રસ્તામાં દાંતા તાલુકાનું હડાદ ગામ આવે છે. ત્યાં સ્વામીશ્રી અખંડાનંદ પરમહંસજીનો જ્ઞાનાશ્રમ તથા પ્રભુભજન પાઠશાળા આવેલાં છે. ત્યાં તારીખ ૧૩ અને ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ના દિવસે એક વિશિષ્ટ કહી શકાય એવો ‘શિવમ સન્માન’ અને ‘શિવમ એવોર્ડ’નો અર્પણ સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડો. દલપત પઢિયાર, ડો. નાથાલાલ ગોહિલ, ડો.બળવંત જાની, ડો.મનોજ રાવલ અને શ્રીમતી રક્ષાબહેન રાજ્યગુરુ ઉપરાંત શ્રી કનુભાઈ આચાર્ય, ડો.પ્રેમજી પટેલ, ડો. અમૃત પટેલ, ડો. દીપક પટેલ, ડો.આનંદકુમાર વસાવા, નિવૃત્ત આઈએએસ શ્રી આર.જે.પટેલ, શ્રી ગુજરાભાઈ ગમાર, શ્રી નવજીભાઈ ડાભી મળી કુલ ૧૩ વ્યક્તિઓને સાહિત્ય સંશોધન, સાહિત્ય વિવેચન તથા સમાજસેવા જેવાં વિધવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ ‘શિવમ એવોર્ડ’ દ્વારા તથા શ્રી બાબુભાઈ પ્રજાપતિ, શ્રી રેવાભાઈ પ્રજાપતિ, શ્રીમતી કોકિલાબહેન પંચાલ, શ્રી શિવરામભાઈ પ્રજાપતિ, શ્રી નિલેશભાઈ બુંબડિયા, ડો.મધુરીબહેન પ્રજાપતિ, ડો. કમલેશભાઈ પ્રજાપતિ અને ડો. ખલીલભાઈ મનસુરી સહિત આઠ વ્યક્તિઓને ‘શિવમ સન્માન’થી વિભૂષિત કરવામાં આવ્યા. તથા શ્રી વીરચન્દ પંચાલ લિખિત ‘મારી શિક્ષણયાત્રા’ પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું.

આ એવોર્ડ પાછળની કેટલીક ભૂમિકા - ઈ.સ.૨૦૦૨ની સાલ હતી. આદિવાસી સાહિત્યના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંશોધક ડૉ.ભગવાનદાસ પટેલનો સન્માન સમારંભ ખેડબ્રહ્મા મુકામે ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં હતો. તેમાં વીરચંદભાઈ પંચાલે મને અને ડૉ.દલપત પઢિયારને આ પ્રસંગના મુખ્ય મહેમાન શ્રી શિવશંકરભાઈ જોષીનો પરિચય કરાવ્યો. ત્યારે મનમાં એવો ને એટલો ખ્યાલ કે શિવશંકરભાઈ ધર્મ, અધ્યાત્મ, સાહિત્ય, સંગીત અને કલાઓમાં રૂચિ ધરાવનારા ઉદ્યોગપતિ છે.

થોડો સમય વીત્યો ને ફરી પાછા ખેડબ્રહ્મામાં જ એમના અનુદાનથી તૈયાર થયેલ કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે સંતવાણીની પ્રસ્તુતિ માટે ફરી મળવાનું થયું. વાતવાતમાં મુરબ્બી પંચાલસાહેબ અને ભગવાનભાઈએ ‘આનંદ આશ્રમ ઘોઘાવદર’ ખાતે છેલ્લા પાંચેક વર્ષથી અધુરા બંધાયેલ ગ્રંથાલય હોલ ઉપર સ્લેબ માટે સહાયક થવાની વાત કરી હશે. અચાનક જ ફોન આવ્યો. ખર્ચનું એસ્ટીમેટ મોકલી આપો અને તુરત જ એક લાખ રૂપિયાનો ડ્રાફ્ટ મને મોકલીને ફોનમાં કહ્યું કે ‘કોઈ જાણકાર એન્જિનિયરને બોલાવી લોખંડ તથા સિમેન્ટની ખરીદી કરો અને મને ખર્ચની વિગતો જણાવો.’ માત્ર લોખંડ, સિમેન્ટનાં જ ત્યારે નેવું હજાર થયેલા. તુરત જ બીજા એક લાખનો ડ્રાફ્ટ આવ્યો. હું તો વિચાર કરતો જ રહ્યો કે હું સ્વપ્નમાં છું કે આ સત્ય હકીક્ત છે? જેમણે કદીયે સૌરાષ્ટ્ર પ્રદેશ જોયો નહોતો. મારી પ્રકૃતિ કે પ્રવૃત્તિઓ વિષે અંતરંગ માહિતી નહોતી ને એક તદ્દન અજાણી વ્યક્તિ આ રીતે પોતાના ગુરુ પંચાલસાહેબ અને સન્મિત્ર ડૉ.ભગવાનદાસની મૌખિક ભલામણ પર જ આટલી રકમનું અનુદાન આપવા તૈયાર થઈ જાય? આ તે કેવા ઋણાનુબંધ? પણ પછી ખ્યાલ આવ્યો કે કોઈ સમર્થ સિદ્ધ પુરુષની કૃપા દૃષ્ટિ તદ્દન સામાન્ય મનુષ્ય ઉપર પણ પડી જાય તો તે વ્યક્તિનું જીવન સદંતર પલટાઈ જાય. પૂજ્ય પરમહંસ સ્વામીશ્રી અખંડઆનંદજીની અપાર સ્નેહધારા શિવશંકરભાઈએ બાલ્યાવસ્થાથી જ ઝીલી છે. અને એ સંસ્કારોની છાયા એમના સમગ્ર જીવતર ઉપર કાયમ રહી છે. આમ આનંદઆશ્રમમાં ગ્રંથાલય હોલ તૈયાર થયો. ઉદ્‌ઘાટન વેળા સહકુટુંબ સ્નેહી મિત્રો સાથે સૌ આવ્યા. આમ કોઈ અકળ રહસ્યમય રીતે એમનો ભાવ પ્રતિદિન ગાઢ થતો રહ્યો.

પછી તો અવાર નવાર મળવાનું બનતું રહ્યું. એમના વતન હડાદ ખાતેના સ્વામીશ્રી ૧૦૮ શ્રી અખંડાનંદ પરમહંસજીના ‘જ્ઞાનાશ્રમ પ્રભુ ભજન પાઠશાળા’માં, મંડાલીના ‘જ્ઞાનાશ્રમ’માં, અંબાજી તથા નારદીપુરના આશ્રમમાં પણ સંતવાણીની પ્રસ્તુતિ માટે જવાનું થતું રહ્યું. અને એ દરમિયાન શ્રી શિવશંકર જોષી ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ, શિવમ શોધ પ્રતિષ્ઠાન, ગુર્જરી ટ્રાયબલ ફાઉન્ડેશન અંબાજીના સંયુક્ત ઉપક્રમે લોકવિદ્યા ક્ષેત્ર તથા લોકસેવા-જનસેવાક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન અન્વયે સાહિત્ય સંશોધન સંવર્ધક તરીકે ડો. હસુ યાજ્ઞિક અને સ્વ. અમૃતલાલ બી. શેઠ, આદિવાસી સાહિત્યના માહિતીદાતા હરમાબહેન ખાંટ તથા નાથાભાઈ ગમારને, નિરંજન રાજ્યગુરુને ૨૦૦૮માં, આદિવાસી સાહિત્યના વિશ્વમાન્ય સંશોધક ડો.ભગવાનદાસ પટેલને ૨૦૧૦માં, ગુજરાતી લોકવાઙ્મય ક્ષેત્રના બુઝર્ગ અભ્યાસી લોકવિદ્યાવિદ અભ્યાસી વિદ્વાન શ્રી કનુભાઈ જાની, આદિવાસી સાહિત્યના સંશોધક શ્રી નવજીભાઈ દેવાભાઈ ખાંટ, માહિતીદાતા વજાભાઈ કેહરાભાઈ ગમારને ૨૦૧૯માં હનુમાન જયંતીના રોજ આ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવેલા અને શ્રી શિવશંકરભાઈ જોશીનાં સેવાકાર્યો વિશે શ્રી હરિહરભાઈ પાઠક દ્વારા સંપાદિત ‘મુઠ્ઠીભર મહેકી માનવતા’ પુસ્તકનું વિમોચન પણ થયેલું.

પૂર્વજોના અને પોતાના પૂર્વ જન્મોના પૂણ્ય પ્રતાપે શિવશંકરભાઈને બાલ્યાવસ્થાથી જ એવો અદકેરો-ભવ્ય અને દિવ્ય સંસ્કાર વારસો મળ્યો કે ઉત્તરોત્તર ભારતીય વૈદિક સંસ્કૃતિના ચારે પુરુષાર્થો તરફ એમની સહજ ગતિ પ્રગતિ થતી રહી. બાળપણથી જ પ્રાચીન અર્વાચીન આદર્શોના પવિત્ર સંગમ તીર્થ સમી સર્વોદય આશ્રમ સણાલી જેવી ઉત્કૃષ્ટ શિક્ષણ સંસ્થામાં વીરચંદભાઈ પંચાલ જેવા સમર્થ માર્ગદર્શક મળી ગયા. કૌટુંબિક પરિવેશમાં તો બ્રહ્મનિષ્ઠ પરમહંસ સ્વામીશ્રી અખંડાનંદજીની નિશ્રામાં શિવશંકરભાઈનું ઘડતર થતું રહેલું. અત્યંત વિકટ કસોટીઓનો સામનો કરીને સમાજના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતાં રહીને પોતાની મૂકસેવાથી પિતૃ અને ગુરુ ઋણ અદા કરનારા માનવતાના ઉપાસક શિવશંકરભાઈ એમના ગૃહલક્ષ્મી ગીતાબહેન અને સમગ્ર પરિવાર દ્વારા જન આરોગ્ય, શિક્ષણ, ધર્મ, ગૌસેવા, કન્યા કેળવણી, લોક સાહિત્ય, લોક સંસ્કૃતિ, આદિવાસી જનજાતિનું સાહિત્ય કે સંતસાહિત્ય સંશોધનના ક્ષેત્રમાં અને જ્ઞાન સેવા અર્થે કાયમ દાનનો પ્રવાહ વહેતો રહે છે.

ગુજરાત તથા રાજસ્થાનમાં જેમના હજારો શિષ્યો-અનુયાયીઓ છે અને હડાદ ઉપરાંત નારદીપુર, મંડાલી, કલવાણા, જરગાજી તથા અંબાજી ખાતે જેમના સંન્યાસ જ્ઞાનાશ્રમો સ્થપાયેલાં છે અને ૮૪ વર્ષની વયે ઈ.સ.૧૯૯૮માં જેમનો દેહવિલય થયો એવા સ્વામીશ્રી ૧૦૮ અખંડાનંદ પરમહંસજીની અધ્યાત્મરચનાઓ તથા જીવનપરિચય અંગે ‘અખંડ આનંદ સાગર’ ભાગ-૧,૨. (પ્રવચનો),‘અખંડ આનંદ ભજનાવલિ’, વીરચંદ પંચાલ -શિવશંકર જોશી દ્વારા ‘અલખનાં અજવાળાં’(ચરિત્ર) જેવાં ત્રણ પુસ્તકો પ્રકાશિત થયેલાં છે. તથા શ્રી શિવશંકરભાઈ જોશીનાં સેવાકાર્યો વિશે શ્રી હરિહર પાઠક લોકહીર ફાઉન્ડેશન, હાંસલપુર દ્વારા એપ્રિલ ૨૦૧૯માં ‘મુઠ્ઠીભર મહેકી માનવતા’ નામે પુસ્તકનું પ્રકાશન પણ થયું છે. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જૂ | જુગાર |
| જૂઈ | થોડું |
| જૂજ | અલગ |
| જૂજવું | સુગંધી ફૂલ |
| જૂગટું | જીવાત |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | | | ૩ | | | ૪ |
| ૫ | | | ૬ | ૭ | | | | | |
| | | ૮ | | | | | | ૯ | |
| ૧૦ | | | | | ૧૧ | | ૧૨ | | |
| | | ૧૩ | | ૧૪ | | | ૧૫ | | |
| ૧૬ | ૧૭ | | | ૧૮ | | ૧૯ | | | |
| | ૨૦ | | ૨૧ | | | | | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | | | ૨૫ | | | | |
| | | | ૨૬ | | | | | ૨૭ | |
| ૨૮ | | | | | | ૨૯ | | | |

### આડી ચાવી

૧. દુનિયા, વિશ્વ (૩)
૩. અપમાન (૪)
૫. રાહ, રસ્તો (૨)
૬. ભટકેલ, રખડુ (૪)
૮. ભસ્મ, રાખ (૩)
૯. બાજુ, દિશા (૨)
૧૦. મુસલમાન ન્યાયાધિશ (૨)
૧૧. --- સો બાવરા, ધીરા સો ગંભીર (૪)
૧૩. નમે નહીં તેવું (૪)
૧૫. ખેતીનું એક ઓજાર (૩)
૧૬. બદલો, સાટાની વસ્તુ કે નાણું (૩)
૧૮. મોટી લડાઈ (૪)
૨૦. પગપાળું લશ્કર (૪)
૨૨. પ્રામાણિક, સાચું (૨)
૨૪. હૃદય (૨)
૨૫. સ્વપ્ન (૩)
૨૬. કારભારી, દીવાન (૪)
૨૭. ઋણ, કરજ (૨)
૨૮. ઝઘડો, ટંટો (૪)
૨૯. ભજન (૩)

### ઊભી ચાવી

૧. છ (૨)
૨. દાન (૫)
૩. સ્થાવર અને જંગમ મિલકત (૪)
૪. મૂર્ખ, અણસમજુ (૩)
૫. અફવા, ગપ (૩)
૭. લેખ, દસ્તાવેજ (૨)
૯. મિલન, સમાગમ (૩)
૧૧. વય (૩)
૧૨. સુંદર અવયવવાળું (૩)
૧૩. ન જીતાય એવું (૩)
૧૪. નવું (૩)
૧૭. ધંધો, ઉદ્યોગ (૩)
૧૯. ઝઘડાખોર, યુદ્ધપ્રિય (૫)
૨૧. પરવા, કાળજી (૪)
૨૩. કરિયાતાના સ્વાદનું (૩)
૨૪. ઊંચું (૩)
૨૫. હંમેશા (૨)
૨૭. તાકાત, મગદૂર (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ફૂ | ૨ લ | ૩ ફ | ટા | ૪ ક | | ૫ પા | રં | ૬ ગ | ૭ ત |
| ૮ લ | ગી | ર | | લ | | વો | | ૯ ની | મ |
| ણ | | ૧૦ મા | લ | મ | ૧૧ તા | | ૧૨ મ | મ | ત |
| ૧૩ જી | ૧૪ વ | ન | | ૧૫ બ | ર | ૧૬ છ | ટ | | મું |
| | શે | | ૧૭ શુ | ધ્ધ | | ૧૮ લ | કું | ૧૯ બો | |
| | ૨૦ ક | ૨૧ ન | ક | | ૨૨ મ | ના | | છા | |
| ૨૩ બે | | ૨૪ વ | ન | ૨૫ રા | જ | | ૨૬ આ | ડ | ૨૭ શ |
| ૨૮ અ | ૯ કા | રું | | 30 સ | મુ | દા | ય | | રા |
| ૩૧ દ | સ | | ૩૨ વા | | દા | | ૩૩ પ | ૩૪ દ | ર |
| ૩૫ બ | દ | ના | મ | | ૩૬ ર | મ | ત | વા | ત |

## માતૃભાષાની મહેક

ગુજરાતી - મરાઠીની અમુક કહેવતોમાં ગજબનાક સામ્ય છે કે મરાઠી કહેવત વાંચતાની સાથે જ તમને એવા જ અર્થની ગુજરાતી કહેવતનું સ્મરણ થઈ આવે. **छडी लागे छम छम विद्या येई गम गम** વાંચીને યાદ આવી ગઈ ને ગુજરાતી કહેવત. છડી એટલે સોટી. જોકે, ગુજરાતીમાં અને હિન્દીમાં પણ છડી જ શબ્દ છે. ગુજરાતી કહેવત છે સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમ.

## ગુજરાત મોરી મોરી રે

પારંપરિક ગુજરાતી હવેલીનું આર્કિટેક્ચર અને લાકડાનું સુંદર કોતરકામ ધરાવતી દરબાર ગોપાળદાસ હવેલી કયા જિલ્લામાં છે?

અ) બનાસકાંઠા બ) દ્વારકા
ક) ખેડા ડ) જૂનાગઢ

## ઈર્શાદ

*મેં મુકદ્દરથી ઘણુંયે મેળવ્યું ‘મેહુલ’,*
*અહીં જાય ખાલી હાથ તે પેલો સિકંદર, હું નહીં.*

- સુરેન ઠાકર ‘મેહુલ’

## ઓળખાણ પડી?

ખટમીઠા સ્વાદ અને ફાઈબર તેમજ વિટામીન સી ધરાવતા ફળની ઓળખાણ પડી? કોકણ અને ગોવામાં વધુ જોવા મળે છે.



અ) રામફળ બ) કરમદા ક) પપનસ ડ) કમરખ

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘આપણે અતીતની ભૂલોમાંથી શીખવું જોઈએ’ પંક્તિમાં ‘અતીત’ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) અસાધારણ બ) અવસર ક) ભૂતકાળ ડ) દુઃખ

## માઈન્ડ ગેમ

૫ કરોડ ૪૦ લાખ રૂપિયામાં મેળવેલો ફ્લેટ ૧૨% નફા સાથે વેચાયો તો વેચાણ અંતે કુલ કેટલી રકમ હાથમાં આવી એ ગણતરી કરી જણાવો.

અ) ૫,૭૫,૪૦,૦૦૦ બ) ૫,૯૦,૭૨,૫૦૦
ક) ૬,૦૪,૮૦,૦૦૦ ડ) ૬,૧૦,૫૫,૮૦૦

## સુડોકુ-૯૧૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૩ | | | | ૬ | | ૪ |
| | ૨ | | ૪ | | ૬ | | ૭ | |
| ૪ | | | | ૯ | | | | ૨ |
| ૭ | | ૨ | ૫ | | ૧ | ૯ | | ૮ |
| | | ૮ | | | | ૪ | | |
| ૧ | | ૬ | ૯ | | ૭ | ૫ | | ૩ |
| ૨ | | | | ૧ | | | | ૬ |
| | ૮ | | ૬ | | ૫ | | ૯ | |
| ૬ | | ૯ | | | | ૨ | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૬ | ૯ | ૮ | ૭ | ૩ | ૪ | ૨ |
| ૪ | ૮ | ૯ | ૨ | ૫ | ૩ | ૧ | ૭ | ૬ |
| ૩ | ૨ | ૭ | ૬ | ૪ | ૧ | ૫ | ૯ | ૮ |
| ૯ | ૩ | ૧ | ૮ | ૭ | ૬ | ૪ | ૨ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ | ૧ | ૭ |
| ૮ | ૭ | ૨ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ | ૩ |
| ૧ | ૪ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૯ |
| ૨ | ૬ | ૫ | ૧ | ૩ | ૯ | ૭ | ૮ | ૪ |
| ૭ | ૯ | ૮ | ૪ | ૨ | ૫ | ૬ | ૩ | ૧ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| જુદાઈ | સંગમ |
| જુવાન | બુઝુર્ગ |
| જુગુપ્સા | મોહક |
| જુલમ | રહેમ |
| જુસ્સો | ઢીલાશ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
કચ્છ

**ઓળખાણ પડી?**
આસામ

**માઈન્ડ ગેમ :**
૭૭,૪૦,૦૦૦

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ**
ધમપછાડા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) શ્રદ્ધા આશર (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) લજિતા ખોના (૧૭) નિખિલ બંગાળી (૧૮) હર્ષા મહેતા (૧૯) અમીશી બંગાળી (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) કિરીટ છેડા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભરત કજરિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેશ સઘવી (૨૯) ચેતના છેડા (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) ડાયના સંતોકે (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નિતીન જયંતિલાલ બજરિયા (૪૩) પ્રવીણ વોરા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) મહેશ દોશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# સત્યની સુગંધ પ્રસરતી જ રહે



સત્ય એટલે પરિસ્થિતિનું યથાર્થ નિરૂપણ. સત્ય એટલે અહંકાર તથા સ્વાર્થની બાદબાકી પછી કરવામાં આવેલ અભિવ્યક્તિ. સત્ય એટલે સૃષ્ટિના નિયમોનો સ્વીકાર. સત્ય એટલે આધ્યાત્મના માર્ગ પર આગળ વધવા માટે જરૂરી ગણાતી ચિત્ત-શુદ્ધિ માટેનું અગત્યનું સાધન. સત્ય એટલે શુદ્ધ, સાત્વિક, નિર્દોષ, પવિત્ર, તટસ્થ, નિર્લેપ, શાશ્વત, અવિચળ, અવિનાશી ભાવ. સત્ય એટલે સ્થળ, સમય અને પરિસ્થિતિની મર્યાદા બહારનું અસ્તિત્વ. સત્ય એટલે ઈશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધાને આધારે વ્યક્ત થતું કથન. સત્ય એટલે માર્ગદર્શક. આ સત્યની સુગંધ હંમેશાં પ્રસરતી જ રહે - રામાયણનું આ વિધાન છે.

સત્ય છૂપું ન રહી શકે, કારણ કે તે સુગંધ સમાન છે. સત્યને છુપાવી ન શકાય, કારણ કે તે પ્રકાશ સમાન છે. સત્યને દબાવી ન શકાય, કારણ કે તે અતિ બળવાન છે. સત્યને હરાવી ન શકાય, કારણ કે તે અજેય છે. સત્યની ઉપેક્ષા ન થઈ શકે, કારણ કે તે સદાય પ્રત્યક્ષ હોય છે. સત્ય મનનો વિષય નથી, કારણ કે મનમાં તો વિકાર ભરેલા હોય છે. સત્ય બુદ્ધિનો વિષય પણ નથી, કારણ કે બુદ્ધિ પૂર્વગ્રહીત હોઈ શકે.

સત્ય અને અહંકાર ક્યારેય એક સાથે અસ્તિત્વ ધરાવી શકે, કારણ કે જ્યાં અહંકાર છે ત્યાં વ્યક્તિગત ઘેલછા છે અને સત્ય અને વ્યક્તિગત ઘેલછા સાથે ન રહી શકે. સત્ય કદાચ ચિત્તનો વિષય હોઈ શકે. છતાં પણ ખાતરીપૂર્વક તો એમ કહેવાય કે સત્ય એ કારણ-અસ્તિત્વનો વિષય છે. સત્યનું સંપૂર્ણતામાં નિરૂપણ પણ કરવું મુશ્કેલ છે કારણ કે તે અતિ વિસ્તૃત, સર્વાંગી, સમાવેશીય તથા આધ્યાત્મની વ્યાખ્યા સમાન છે. સત્ય માત્ર સત્ય છે. સૃષ્ટિના અસ્તિત્વમાં માત્ર સત્ય છે. સત્યને જાણવા માટેનું સાધન માત્ર સત્ય છે. સત્યને સંપૂર્ણતામાં સત્ય જ જાણી શકે.

સત્ય અપરિવર્તનશીલ છે, વાસ્તવિકતાનું પર્યાય છે, સાત્વિકતાનો નિચોડ છે, ધર્મનું પ્રતિબિંબ છે, આધ્યાત્મિક દ્રષ્ટિકોણ છે, પ્રામાણિકતાની પ્રતીતિ છે, બ્રહ્માંડનો આત્મા છે, નૈતિકતાનું પ્રથમ ચરણ છે, ઈશ્વરનું ગુણાત્મક સ્વરૂપ છે, બ્રહ્મનું પ્રતિબિંબ છે, નિરાકારની શક્તિ છે, ગીતાનો આધાર છે, સૃષ્ટિનો પ્રાણ છે, જગતનો વિશ્વાસ છે, સંત પુરુષોનો શ્વાસ છે, સાત્વિકતાની અનુભૂતિ છે - સત્ય છે એટલે બધું નિયમનમાં છે, નિયમબદ્ધ છે. સત્ય હંમેશાં વિજયી છે - 'સત્યમેવ જયતે'.

સુગંધ એટલે સારી, મીઠી, આકર્ષક, મનભાવન, પવિત્ર, સાત્વિક, નિષ્કલંક અને સ્વચ્છ વાસ. સુગંધ આનંદ આપે અને પરિસ્થિતિને આહ્લાદક બનાવે. તે હવાનો શુભ ગુણધર્મ છે. શ્રેષ્ઠ લાગણીઓ અને તાજગીની ભાવના ઊભી કરવા માટે સુગંધનો ઉપયોગ થતો હોય છે. આંખો માટે જેમ સૌંદર્ય મહત્ત્વનું છે તેવું જ ઘ્રાણેન્દ્રિય માટે સુગંધનું મહત્ત્વ છે. તે ઇન્દ્રિયને ખુશ કરી શકે છે, પ્રત્યેક સજીવને પોતાના તરફ આકર્ષી શકે છે, એક પ્રકારનો સકારાત્મક સ્વીકૃત માહોલ ઊભો કરી શકે છે.

સુગંધનો ફેલાવો ત્વરિત હોવાથી તેની અસરકારકતા જલ્દીથી સ્થાપિત થાય છે. સુગંધ ફૂલોની હોય, માટીની હોય કે કોઈ પદાર્થની હોય, દરેક સંજોગોમાં તેને કારણે અન્ય પરિસ્થિતિની સ્વીકૃતિ પણ વધી જાય છે.

સાત્વિક અર્થમાં પણ સુગંધ શબ્દનું વિશેષ મહત્ત્વ છે. કેટલાંક સત્ય, પુણ્ય, ધર્મ, જ્ઞાન જેવા માનવીય ગુણોને સુગંધ સાથે સરખાવવામાં આવે છે. શાસ્ત્રને પણ સુગંધી કહેવાય છે. મહાપુરુષની કીર્તિને પણ સુગંધ સાથે સરખાવાય છે. સારા કર્મને કારણે ઉદ્ભવતી પરિસ્થિતિને પણ સુગંધિત કહેવાય છે.

સત્ય સ્વયં સુગંધ સમાન છે, તેથી 'સત્યની સુગંધ પ્રસરતી જ રહે' એ એક સનાતન સત્ય છે. આ એક સુંદર, સાર્થક, સ્વીકૃત અને સંપૂર્ણ વિચાર છે. સત્યને આધારે ધર્મ સ્થાપિત થાય છે, ધર્મ સમગ્ર સૃષ્ટિને ધારણ કરે છે, સૃષ્ટિ પુરુષ અને પ્રકૃતિની દેન છે, પુરુષ અને પ્રકૃતિ શાશ્વત અસ્તિત્વ છે, આ શાશ્વત અસ્તિત્વ હંમેશાં સત્ય આધારિત હોય. પુરુષ અને પ્રકૃતિ સમગ્ર સૃષ્ટિમાં એક પ્રકારની સુગંધિત - પ્રકાશિત - શ્રેષ્ઠ ઊર્જા ફેલાવે છે. તેથી એમ કહી શકાય કે સત્યની સુગંધ સમગ્રતામાં સદાય પ્રસરતી જ રહે.

રામાયણના મુખ્ય પાત્ર પ્રભુ શ્રીરામ આ વિધાનનું જીવંત ઉદાહરણ છે. તેઓ સત્ય અને ધર્મના આગ્રહી હતા અને તેમના જીવનની સુગંધ આજ સુધી સમગ્ર વિશ્વમાં પ્રસરી રહી છે. શ્રીરામના જીવનનો પ્રત્યેક પ્રસંગ, તેમના જીવનનું પ્રત્યેક પાસું, તેમના જીવનનો પ્રત્યેક તબક્કો સત્યનિષ્ઠા, નૈતિકતા અને કર્તવ્ય આધારિત રહ્યાં છે. આનાથી પ્રસરતી સુગંધ સર્વશ્રેષ્ઠ મનાતી આવી છે. એક પરિપ્રેક્ષ્ય પ્રમાણે શ્રીરામ સ્વયં સુગંધ સમાન છે કારણ કે શ્રીરામ સત્ય છે.

સત્ય જીવનમાં પરમ સ્થિતિ પામવાનો પાયો છે. સત્યને આધાર રાખી નૈતિક મૂલ્યોની સ્થાપના થતી હોય છે જે જીવનને સાચો માર્ગ બતાવી શકે. સત્ય ધાર્મિક જીવનનો પણ પાયો છે. શ્રદ્ધા અને વિશ્વાસ સત્યને કારણે ટકી રહે છે. સત્ય પ્રેરણા પણ છે, સાધન પણ છે, ધ્યેય પણ છે અને ધર્મ પણ છે. આ 'સત્યની સુગંધ' એટલે નૈતિકતાને આધારે ટકી રહેલ દરેક કાર્યમાં, દરેક પરિસ્થિતિમાં, દરેક તત્ત્વમાં, અનુભવાતી સાત્વિકતા. ■

પર્વચક્ર

ડૉ. ભાનુબેન કે. વ્યાસ
feedback@bombaysamachar.com

# વસંતપંચમી

## આવો કરીએ વસંતના વધામણાં




**વસંતાગમન** સાથે જ પ્રકૃતિ અંગાંગે અવનવા રંગો ધારણ કરી નાચી ઊઠે છે. એ નર્તનના ભીના ભીના સંસ્પર્શથી માનવહૈયું પણ અવનવી ઊર્મિઓનાં પરિસ્પંદન અનુભવે છે. કવિ નાનાલાલના શબ્દોમાં કહીએ તો - 'વસંતનો પ્રાણ દલેદલે રમો.' દલેદલે અને હૈયે પ્રગટેલા વસંતના પુનિત પ્રાણને મુગ્ધ કન્યા સમી ઉષા ખીલે છે...

*'ઉષા લાવી રે વસંત રંગ*
*કોઈ ઝીલોરે, ઝીલો રે, કોઈ ઝીલો!'*

પુષ્પો તો વસંતના વૈતાલિકો છે. ઉગમણી દિશાએ ઊગતી ઉષાને કે વનમાં ખીલતાં પુષ્પોને કહેવું નથી પડતું કે 'વસંત આવી રહી છે.' કુમકુમ, કરેણ ને સોનચંપો તો ક્યારનાં ય વસંતની પ્રતીક્ષા કરતાં ઊભા રહે છે. વસંત એટલે મઘમઘતાં પુષ્પોનો ગુલદસ્તો. વસંતનો સ્વભાવ જ ગુલાબી અને એટલે માનવહૈયામાં જાગતો પ્રતિભાવ પણ ગુલાબી. ગીત ગુલાબી, લહર ગુલાબી અને એની સાથે સમગ્ર વાતાવરણ પણ ગુલાબી.

મહા સુદ પાંચમ એટલે વસંતઋતુના ઉદ્ઘાટનનો ઉત્સવ. પ્રકૃતિના આ સુંદરતમ્ રૂપને આપણે ઉત્સવનું રૂપ આપીને એનો આનંદ અનુભવીએ છીએ. ગુલાબી વસંતનો ઘડનાર કારીગર પણ એટલે જ ગુલાબી અને એટલે જ કવિહૃદય ગાઈ ઊઠે છેઃ

**'અણમૂળ ગુલાબી ફૂલ ગુલાબ**
**પાંખડીએ ગુલાબી સુગંધ.**
**ગુલાબના ગુલાબી દલદલે**
**ગુલાબી કારીગરનાં દર્શન થાય.'**

વસંતના વૃંદગાનમાં ગુલાબ અગ્રેસર છે તો એને સાથે દેનાર શ્વેત વસ્ત્ર પરિધાન કરેલો બટમોગરો જરાય પાછળ પડતો નથી. વાસંતી બટમોગરાને જોતાં એવું લાગે છે કે જાણે નિર્મળ સ્ફટિકમાંથી એને કંડાર્યો ન હોય!

**'સુંદર કળાએ બટમોગરો ખીલ્યો,**
**દલ પર દલ પમરાટ છવાયો**
**કુમળી કળીમાં ખીલ્યો, મ્હોર્યો**
**બટમોગરો.'**

વસંતમાં લાલ કળીવાળા લાલ અથવા પીળી કળીવાળા કે નાના પીળા ફૂલના વિલક્ષણ રૂપને જોઈ અન્ય પુષ્પોના પાંખડી રૂપે હોઠ જાણે આશ્ચર્યથી પહોળા થઈ જાય છે. વસંતના આ મહોત્સવમાં સૌંદર્યલુબ્ધ ભમરાઓ પણ આનંદનો ગુંજારવ કરી અનેકગણો વધારો કરે છે. વસંતના પ્રેમાળ સ્પર્શથી ગગન, ધરતી અને પુષ્પો જાગી ઊઠે છે. જાગી ઊઠેલાં પંખીગણ પણ વસંતને વધાવવા ગીત રેલાવે છે. ચમેલી ને મધુમાલતી એ બંને સુકુમાર સખીઓ આ રંગભરી ઋતુમાં છેલછબીલા, વરણાગિયા વાયુ સાથે લળીલળીને ગુંજનગોષ્ટી કરે છે!

**રમે ચમેલી મધુમાલતી મ્હાલે !**
**વાયુવેણુ વાગે ને વાત્યું કરે.**

વસંતપંચમી વાત આવે એટલે એના વર્ણનમાં અતિવિસ્તારનો ભય રહેવા છતાંય કેટલાંક ફૂલોની વાત કર્યા વિના ચાલે જ નહીં. ખુમારી ભરી ગૌરવશાળી રજનીગંધાનો રૂઆબ કંઈ અનોખો જ રહે છે. થાકેલી સૂતેલી સૃષ્ટિને જગાડે છે.

**'છંદોલયના ગીત કલરવે,**
**ચંદ્રોદયે રજની મોહિની લાગે,**
**છંદોલય કલરવ ગૂંજે,'**

આમ વસંતાગમન એટલે જ પુષ્પાગમન. મંજરીની મહેક સાથે માનવહૈયાં પણ મહોરી ઊઠે છે. મતવાલી વ્રજનારી અદમ્ય ઉમળકાભરી રાસ રમતી ગાય છે.

**'અણુએ અણુએ વસંત છાયો,**
**વસંતપંચમી આવી અલબેલી**
**વ્રજનારી ઘૂમે મતવાલી...**
**રે! આજ વસંત જાગે...'**

વસંત એટલે જ નવચૈતન્ય, નવતાઝગી. રોજિંદી ઘરેડમાંથી બહાર આવી, છાપાં, ટપાલ અને હિસાબના વૈતરામાંથી છૂટી જરાક બહાર જોઈએ અને વસંતપંચમીના આવા વાસંતીરૂપને નિહાળીએ તો એની પ્રેરણાથી આપણા જીવનમાં પણ તાઝગી અને ઉત્સાહ આવે છે. વસંત સૌને ગમે છે. એ એવી ઋતુ છે કે જ્યારે શિયાળાની ઠંડી નથી હોતી કે ઉનાળાની ગરમી નથી હોતી. વાવેતરનો શ્રમ નથી હોતો કે લણણીની મજૂરી પણ નથી હોતી. લીલાંછમ ખેતર, ખુશનુમા હવા, નિરભ્ર આકાશ અને સુપુષ્પ વનને જોતાં જ એવું લાગે કે આ સ્વૈરવિહારી વસંત સર્વત્ર છે. વસંત એ તો ઉનાળા અને શિયાળાનો સેતુ છે. કડી છે માટે એનામાં બંનેનાં લક્ષણ આવે આ ઋતુમાં પવન ગમે ત્યાંથી વાય, ગમે ત્યારે આવે, અને ગમે ત્યાં જાય પણ સાથે આમ્રમંજરીની સુગંધને લૂંટતો જાય.

મધ્યકાલીન પ્રાચીન સાહિત્યનાં, રાસ, ફાગુ, બારમાસી વગેરે કાવ્યસ્વરૂપોમાં વસંતઋતુની અનેરી છટા વર્ણવાઈ છે. સુવિખ્યાત કૃતિ 'વસંતવિલાસ' એનું સબળ ઉદાહરણ છે. સંસ્કૃત સાહિત્યમાં રસરાજ જયદેવના 'ગીતગોવિંદ'માં પણ વસંતઋતુનું મનોરમ વર્ણન છે. આ એ જ વસંત છે જેણે ભોળા શિવજીનાં તપ તોડ્યાં હતાં. આ એ જ વસંત છે જેણે પાંડુ રાજા જેવા તપસ્વી રાજાના અંતરમાં પણ કામનાનાં કામણ પાથર્યાં હતાં. પાંડુ રાજાના પરાજયની આ કથા કવિ કાન્તે 'વસંતવિજય' નામનાં ખંડકાવ્યોમાં સરસ રીતે ગૂંથી છે. અનેક કવિઓએ કાવ્યપુષ્પો ઋતુરાજ વસંતને ચરણે ધર્યાં છે. આમ સમગ્ર સાહિત્યસૃષ્ટિમાં પણ વસંતનાં રંગ-છાટણાં છે.

બોહાગ બિહુ વસંતઋતુ જોડે સંકળાયેલો આસામવાસીઓનો મોટામાં મોટો તહેવાર છે. એ એવો ઉત્સવ છે કે જેમાં બધા ધર્મો અને બધી જાતિઓના ભેદ ભુલાઈ જવાય છે, અને બધાં જ કશીય રોકટોક વિના એકબીજા સાથે હળેમળે છે. બોહાગ બિહુ એપ્રિલના મધ્યમાં ઉજવાય છે. તે અત્યંત અગત્યનું સ્થાન ભોગવે છે. બોહાગ બિહુ એ નવા વર્ષનો, વસંતઋતુનો અને કૃષિજીવનનો એમ ત્રણેનો સહિયારો ઉત્સવ છે. વસંતઋતુની મબલખ સમૃદ્ધિ અને સુંદરતા નવજીવનને આનંદિત કરે છે. વૃક્ષો, લતાઓ અને વાડીઓ પુરબહારમાં ખીલી ઊઠે છે. વાતાવરણ સુંદરતાથી, ફૂલોની ફોરમથી મઘમઘી ઊઠે છે. પહાડો તથા જંગલો પક્ષીઓના કલરવથી ગૂંજી ઊઠે છે. આ કુદરતી સૌંદર્યની અસર મનુષ્ય પર થયા વગર રહેતી નથી. કવિઓ કવિતા લખે છે, લોકો ગાય છે, નાચે છે, રમતો રમે છે. આથી જ બોહાગ બિહુ રંગીલી બિહુ પણ કહે છે.

બોહાગ આસામી પંચાંગનો પહેલો દિવસ છે. આ રીતે નવા વર્ષની શરૂઆત બોહાગ બિહુથી થાય છે. કુદરતી રીતે આ દિવસે કૌટુંબિક ભાવના કલ્યાણની આશા તરફ ઝૂકેલી હોય છે. નવા વર્ષની શરૂઆત હોવાથી પ્રાર્થના થાય છે, વડીલોનું સન્માન થાય છે અને બાળકોને આશીર્વાદ મળે છે. બોહાગ બિહુના ઉત્સવમાં પૂરી ઝલક જોવા મળે છે. વળી બોહાગ મહિનામાં કેટલાક દિવસ સુધી ઉજવણી ચાલે છે. હાલમાં નાનાં શહેરોમાં બોહાગ બિહુ વખતે જાહેર સમારંભો યોજી તેમાં ગીતો, નૃત્યો રમતો વગેરેનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આસામના બીજા ઉત્સવો કરતાં બોહાગ બિહુની વિશેષતા એનાં ખાસ બિહુ નૃત્યો તથા ગીતોમાં છે. ખાસ કરીને એ ગીતો પ્રેમની આસપાસ ગૂંથાયેલા હોય છે. એમાં સંગીત અને લય અત્યંત મધુર હોય છે. એમાં ગીત અને નૃત્યની સાથે ઢોલ, પેપા (ભેંસનાં શિંગડાંની શરણાઈ), ટાકા (વાંસને ફાડીને તૈયાર કરેલું એક વાદ્ય); તાલ, ગગના (એકતારા જેવું તંતુવાદ્ય), તથા તાળીઓના તાલનો ઉપયોગ થાય છે, બિહુ નૃત્ય જોમવાળું હોય છે. એ યુવાની અને શક્તિનું પ્રતીક હોય છે.

બિહુને વખતે સામાન્ય રીતે આંધી અને તોફાનો થતાં હોય છે. વરસાદની જોડે તોફાનો આવતાં હોય છે, જે સૂકી જમીનને હરિયાળી કરી મૂકે છે. આ રીતે બોહાગ બિહુ કૃષિજીવન જોડે સંકળાયેલો તહેવાર છે અને કૃષિકાર્યનું પ્રતીક બની ગયું છે. બદલાતા યુગ જોડે એની ઉજવણીમાં પણ ફેરફાર થાય છે. હાલમાં નાનાં શહેરો અને કસ્બાના વિસ્તારોમાં બોહાગ બિહુ વખતે જાહેર સમારંભો યોજી, તેમાં ગીતો, નૃત્યો, રમતોનો સમાવેશ થતો ગયો છે. બિહુના દિવસનું ભોજન પૌંઆ, દહીં અને મીઠાઈ હોય છે.

બિહુને આકર્ષક રિવાજ ભેટ આપવાનો હોય છે અને ભેટને 'બિહુબન' કહે છે. આ ભેટસોગાદ પહેરવાનાં કપડાં કે બીજી ગમે તે ચીજ હોઈ શકે. બાળકો આ ભેટસોગાદની આતુરતાપૂર્વક રાહ જોતાં હોય છે.

વિચારતાં એમ લાગે છે કે કદાચ ઉત્પત્તિકાળથી જ માનવ વસંતઋતુના આગમનને પૂર્ણ આદરભાવથી સત્કારતો આવ્યો છે. એણે શબ્દ, સૂર અને કર્મના માધ્યમથી વસંતના વૈભવની આરતી ઉતારી છે. સંગીતના સુમધુર સપ્તસૂરના મિશ્રણથી 'વસંતરાગ'વિશેષ મધુર બન્યો છે. કોયલના પંચમસૂર અને ભ્રમરોના પહાડી રાગનાં ગુંજન, એ વસંતને માત્ર રંગીન જ નહીં પણ સંગીતમય બનાવી દે છે. આજે જીવન દોડતું બની ગયું છે. અંગ્રેજ કવિ ડેવિસે કહ્યું છે-

'What is this life, if full of care
We have no time to stand and share'

ખૂબ જ કમનસીબ છતાંય સાચી વાત છે કે આજે આપણી પાસે પ્રકૃતિ પાસે જવાનો સમય રહ્યો નથી. નગરવાસી માનવી સહેજ પણ વનવાસી રહ્યો નથી અને એટલે જ આપણને ક્યારેક ન હોતી એટલી જરૂર છે આજે આ વસંતપંચમીની! એટલે જ કવિ ઉમાશંકર જોશી કહે છે-

**'લજ્જાથી નમેલી, કળીથી ખીલેલી,**
**નમેલી ચમેલીએ,**
**અંગૂલિનિર્દેશ કીધો નો' તો!'**

જીવન અને વસંતને જેણે એકરૂપ કરી નાખ્યાં તેવા માનવને આપણી સંસ્કૃતિ સંત કહીને વધાવે છે. જીવનમાં વસંત પ્રગટાવે તે સંત. જીવનમાં સુખદુઃખ આવે છે, પ્રેમના પ્રવાહમાં ક્યારેક ભરતી ઓટ સર્જે છે. પણ આ બધા પ્રસંગોમાં અંદરનો અનસ્યૂત ભાવપ્રવાહ જે સમત્વથી જાળવી શકે છે તે જ જીવનનો સાચો કલાકાર કે વસંતનો સાચો ઉપાસક છે. પરિવર્તન તો જીવનમાં નવું સૌંદર્ય સર્જે છે. પાનખર જ વસંતને જન્મ આપે છે. વિસર્જન જ સર્જનની વસંત સૃષ્ટિના ચરણે ભેટ ધરે છે.

યૌવન અને સંયમ, આશા અને સિદ્ધિ, કલ્પના અને વાસ્તવ, જીવન અને કવન, ભક્તિ અને શક્તિ, સર્જન અને વિસર્જન આ સર્વનો સમન્વય સાધતી તેમ જ જીવનમાં સૌંદર્ય, સંગીત અને સ્નેહને પ્રગટાવતી વસંત આપણા જીવનમાં સાકારિત બને તો જ આપણે વસંતના વૈભવને જાણ્યો, માણ્યો અને પચાવ્યો એમ કહી શકાય.

**'પર્વચક્રઃ આપણાં ઉત્સવો' પુસ્તકમાંથી આભાર પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની.** ■

દુહાની દુનિયા


ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# વેલનાથ ચરણે જસોમાનો આરાધ

વેલનાથ જીવનની સાથે સંકળાયેલી કંઈ કેટલીય દંતકથાઓ ભજનોમાં નિરૂપાયેલી જોવા-સાંભળવા મળે છે. એક માન્યતા પ્રમાણે જસમતથી વિદાય થઈને વાઘનાથને ગુરુ ધારીને ગિરનારમાં જ સાધનામાં રત વેલાબાવાએ જૂનાગઢમાં ગૃહસ્થજીવન પણ આરંભેલું. જસોમા અને મીણલમા એમ બે સ્ત્રીઓ હતી. વેલનાથ ગૌસેવા કરે, સાધના કરે અને ગૃહસ્થજીવન વ્યતીત કરે, શિષ્યોને પ્રબોધે. ગિરનારની આસપાસના પ્રદેશમાં પણ ભારે મોટો પ્રભાવ. એક વખત કોઈ સંતમંડળી અને સમાજની યાત્રા મંડળી ગિરનારની પરિક્રમાએ નીકળેલી. રસ્તામાં જય ગિરનારી - જય વેલનાથ એમ બોલે. આવો જય વેલનાથના નામનો અહાલેક સાંભળીને જોગીની જમાત ગુસ્સે થઈ ઊઠી. નવ નાથમાં આ દશમો વેલનાથ વળી કોણ છે? અને ક્યાંથી ભળ્યો? મંડળીએ જવાબ આપ્યો. જૂનાગઢમાં જ વસે છે, બાપજી. જોગીઓ તો ભારે ગુસ્સે થયા. ચીપિયા ખખડાવતા વેલાબાવા પાસે પહોંચ્યા અને કહે કે તું વેલનાથ સંસાર સુખને ભોગવનારો, નાથ કહેવડાવે છે વેલાબાવો કહે, ના, બાપજી મને તો કંઈ ખબર નથી હું તો નાથના પગની રજોટી છું. મારાથી થાય ઈ ટેલ કરું છું.

ખાખીઓ કહે છે તું ઢોંગી છે ચાલ દત્તની ટૂકે, ત્યાં તારી ખબર લેશું. કહીને ચીપિયા અને ટોકરાથી પ્રહાર કરવા લાગ્યા. બંને સ્ત્રીઓ આડા ઘા ઝીલે. ચાલતાં ચાલતાં ગિરનાર દરવાજે પહોંચ્યા, ત્યાં વાણિયાના જુવાનજોધ પુત્રનું શબ. વાણિયો વેલનાથના પગમાં પડયો અને કહેવા લાગ્યો, બાપજી મારી આંધળાની એક આંખ હતી એ ગઈ. તમે એને હાથ અડાડો. વેલાબાવાએ કપાળે હાથ મૂક્યો. માથે હાથ ફેરવ્યો અને છોકરો આળસ મરડીને ઊભો થયો. પણ ખાખીઓની જમાતની બીકે પછીથી વેલનાથે હડી કાઢીને દોટ મૂકી. ભૈરવનાથની ટૂકે ચઢી ગયા. પાછળ જસોમા અને મીણલમા પણ દોડયાં.

ભૈરવનાથની એક ટૂકની તિરાડમાં ઊતરી ગયા. પાછળ મીણલમા પણ ઊતરી ગયાં. પરંતુ જસોમાને થોડું છેટું રહી ગયું. પોતાના નાથને શોધતાં રહ્યાં અને આમતેમ ફાંફાં મારતાં ભટક્તાં રહ્યાં. તિરાડની બહાર મીણલમાની સાડીનો છેડો રહી ગયેલો એને ફરફરતો જોઈને ત્યાં ટૂકે પહોંચ્યાં. જેની સાથે સહજીવન હતું, સેવા-સાધના થતી હતી એમાં વિખૂટું પડવાનું આવ્યું. આ વિરહ અને તપ પછી વાણી દ્વારા પ્રગટયાં. જસોમાએ ગાયેલું ભજન આજે પણ પરંપરામાં જીવંત છે. કહેવાય છે કે જસોમાની વાણી સાંભળીને વિદાય થયેલા વેલનાથ મધરાતે બહાર આવેલા અને જસોમાને પણ ભૈરવનાથની ટૂકે પોતાની સાથ સમાવી સાથે લીધેલાં. જસોમાના ભજનમાંનો આર્તનાદ એવો છે કે વેલનાથને બહાર આવવું પડે છે, વહાલાનો વિયોગ દૂર કરવા માટે સમર્થ નીવડેલી વાણીનો ભારે મોટો મહિમા હોય એ સ્વાભાવિક છે. જસોમાની એ વિરહની વેદનશીલતાને પ્રગટાવતી પહેલવારકી વાણીને જોઈએ :



*અમસું ગરનારી અંતર કર્યો વાલે*
*અંતર કર્યો રે...*
*પડદા-પોસંગી વેલો રમવા ગિયો,*
*હો...રમવા ગયો, ખાવંદતો રિયો રે*
*ભોળવીને ભૂલવાડી ગિયો રે...*
*હો...સગડ હોય તો, ધણીના, સગડ કઢાવું રે,*
*સગડ કઢાવું રે,*
*ત્રણે ભુવનમાંથી બાળુડાને લાવું...*
*હો...થડ રે વાઢીને ધણી, પીંછાં દઈ ગિયો રે,*
*પીંછા દઈ ગિયો રે,*
*રસ પવનમાં ગેબી રમવા ગિયો...*
*હો...ગનાનની ગોળી ને, મેરુનો રવાયો રે,*
*મેરુનો રવાયો રે,*
*નખશિખ નેતરાં લઉ તાણી...*
*હો...મથણાં મથી, દીનાનાથને બોલાવું રે,*
*નાથને બોલાવું રે,*
*ત્રણે ભુવનમાંથી બાળુડાને લાવું...*

*હો...વેલનાથ ચરણે, બોલ્યાં રે જસોમા*
*બોલ્યાં રે જસોમા,*
*અખંડ ચૂડો મારે વેલનાથ ધણી...*

જસોમા આર્તનાદે ગાય છે કે હે ગિરનારી સંત વેલનાથ તમે મારાથી અંતર રાખ્યું. પડદો રાખીને - મને દૂર રાખીને મારો સ્વામી અનંતની રમતમાં, લીલામાં રમવા નીકળી ગયો. મારો ખાવંદ જતો રહ્યો. મને ભોળવીને મારો વાલો મને ભૂલી પાડીને જતો રહ્યો. જો એનાં પગલાંને શોધવાની સગવડ હોય તો ત્રણે લોકમાંથી એના સગડ શોધી કાઢીને એને મળું. મારો સ્વામીનાથ થડ વાઢીને એનાં પીંછાં-આંકડા મને આપી ગયો અને પોતે તો કોઈ ગેબી રમત રમવા નીસરી ગયા. અહીં રસપવનમાં ગેબી રમવા ગયાની કાવ્યાત્મકતા ધ્યાન ખેંચે છે તો ખાવંદ શબ્દ ઈસ્લામિક અસર દર્શાવે છે. જ્ઞાનની ગોળીમાં પરમતત્ત્વને રવાયો લઈને એ જે અચલ અટલ છે એ મેરુનો રવાયા દ્વારા નખશિખ નેતરા તાણીને એને મથીશ. હું મંથન કરીને મથીને કોઈ પણ રીતે દીનાનાથને શોધીને બોલાવીને અને ત્રણે ભુવનમાંથી બોલાવી લાવીશ.

વેલનાથને ચરણે બેસીને જસોમા બોલે છે. ગાય છે મારો અખંડચૂડલો તો વહાલો વેલનાથ છે. જે અમરત્વને પામેલો છે. આમ એ ખરા અર્થમાં અમર અને અવિનાશી છે.

અહીં જસોમાનો વલવલાટ-વિરહ ભજનવાણી દ્વારા પ્રગટ થયો છે. એમની આ આરાધ સાંભળીને વેલનાથને પ્રગટ થવું પડયું અને પોતાનામાં સમાવી લીધાં. આરાધનો પ્રભાવ અજીબોગરીબ છે. આરાધનો ઢંગ અને આરાધનાં વચનો સમાધિમાં સૂતેલાને જાગ્રત કરે છે, વિખૂટા પડી ગયેલાને ગળે વળગાડે છે, જોડે છે. આરાધના ક્યારેક ખાલી ગઈ હોય હોય એવાં ઉદાહરણો છે. આરાધનામાં કસોટી થાય, પણ આરાધનાગાન-ભજનવાણી ખાલી ગયાનું કોઈ ઉદાહરણ મળતું નથી કે પ્રાપ્ત થયેલું જણાતું નથી.

આરાધ ઢંગ પણ ભારે હૃદયપૂર્વક છે. એમાં ભાવક તણાય છે. જાણે કે આરાધગાને ગત્યગંગા પ્રગટે છે અને એ ભાવગંગામાં ભાવકને, ભજનિકને પણ તણાવાની અનુભૂતિ થાય છે. આવી અનુભૂતિમાં એક વખત સંગાથ સાંપડેલો ભાયાણીસાહેબનો નંદિગ્રામમાં એક સંધ્યાએ સાથે હતા. ડો. હસુ યાજ્ઞિક, નાથાલાલ ગોહિલ, નિરંજન રાજયગુરુ અને સન્મિત્ર મનોજ રાવલ. કોઈ વનવાસી ભજનિક એક્તારાની ઝણઝણાટી સાથે રણઝણતી વાણીમાં મકરંદભાઈના ચરણે બેસીને તોળી રાણીનો આરાધ ગાઈ રહ્યો હતો અને અમે તણાયા હતા એ આરાધ ભાવપૂરમાં. ભાવઓઘમાં અંઘોળ એકસાથે કર્યાનું તીવ્ર સ્મરણ આજે પણ અકબંધ છે. ભારે બળૂકી છે આરાધભજન રચના. જસોમાના આરાધ નિમિત્તે અતીતનો પણ પુનઃ સાક્ષાત્કાર થયો એના પરમાનંદ સાથે. ગિરનારી નાથસંત વેલનાથ ચરણે ભાવવંદના. ■

# મુંબઈ મૅરથન-૨૦૨૬



# ૨૧મી ટાટા મુંબઈ મૅરથનમાં ગુજરાતી સ્પર્ધકો છવાઈ ગયાઃ ફિટનેસ ફર્સ્ટ અને સ્વાસ્થ્યની સાચવણીનો સંદેશ ફેલાયો

**ટાટા મુંબઈ મૅરથન (ટીએમએમ) માત્ર રેસ નહીં, પણ એક એવી ઐતિહાસિક વાર્ષિક દોડ છે જેમાં ભાગ લેનારાઓ ફિટનેસ તથા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો કોઈને કોઈ સંદેશ ફેલાવતા જ હોય છે. રવિવારની ૨૧મી સીઝનમાં પહેલી વાર ૬૯,૦૦૦થી પણ વધુ સ્પર્ધકોએ ભાગ લીધો અને એમાં ફુલ મૅરથન તથા હાફ મૅરથનની તીવ્ર સ્પર્ધાત્મકતા વચ્ચે હંમેશની જેમ ડ્રીમ-રનની લોકપ્રિયતા સૌથી વધુ હતી જેમાં હાઇએસ્ટ ૨૭,૪૦૦થી વધુ સ્પર્ધકો સામેલ હતા. એશિયાની આ સૌથી મોટી અને સૌથી પૉપ્યુલર મૅરથનમાં પુરુષો, મહિલાઓ તેમ જ આબાલવૃદ્ધો, દિવ્યાંગો, ભૂતપૂર્વ સૈનિકો, સેલિબ્રિટીઝ, વિદેશી નાગરિકોની અભૂતપૂર્વ હાજરીએ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ની આસપાસના વિસ્તારોને તેમ જ નજીકના આઝાદ મેદાનને સક્રિય અને ચેતનવંતા બનાવી દીધા હતા. આ બધામાં ગુજરાતી સ્પર્ધકોનું જાણે કિડિયારું ઊભરાયું હતું. ભિન્ન ગેટઅપ, મેક-અપ અને વેશભૂષાએ વાતાવરણને સંગીન બનાવી દીધું હતું. શિયાળાના રવિવારની પરોઢિયેથી સ્પર્ધકોને જોવા આવેલા હજારો લોકોની મેદનીએ સમગ્ર માહોલને ચાર ચાંદ લગાવી દીધા હતા. ટૂંકમાં, સૌ કોઈએ મોજ-મસ્તી કરવાની સાથે કોઈને કોઈ ઉમદા હેતુ સિદ્ધ કર્યો હતો તેમ જ સમાજને બહુમૂલ્ય મૅસેજ આપ્યો હતો.**


## વડીલ ૭૦ વર્ષના છે, ૪૦ વર્ષથી એકેય દવા નથી લીધી



‘પાંચ વર્ષથી ટાટા મુંબઈ મૅરથનમાં દોડું છું અને એ પણ ખુલ્લા પગે. પાનીમાં ચાંદાં પડી ગયાં છે, પણ મૅરથનનો ક્રેઝ લેશમાત્ર ઓછો નથી થયો. મૅરથનમાં ભાગ લેતાં લેતાં ગરબા ગાઇને લોકોને આનંદિત અને મંત્રમુગ્ધ કરી દઉં છું. ૭૦ વર્ષનો છું અને છેલ્લા ૪૦ વર્ષથી મારે એકેય દવા નથી લેવી પડી. કારણ એ છે કે મને કોઈ વ્યસન નથી અને ડાયાબિટીઝ સહિતની કોઈ બીમારી પણ નથી. દરરોજ એક ટાઇમ જમું છું છતાં યુવાનોને શરમાવું એવો ઍક્ટિવ છું. અહીં સિનિયર સિટિઝન્સ મૅરથનમાં તો થોડું ખાઈને જ દોડવું જોઈએ એવું મને ઘણાએ કહ્યું, પરંતુ હું માત્ર પાણી પીને આવ્યો છું અને જુઓ કેવો સ્વસ્થ છું. મારે કોઈ જ દવા નથી લેવી પડતી, પણ હું લોકોને આયુર્વેદિક ઔષધ જરૂર વેચું છું. સ્વસ્થ રહો, મસ્ત રહો.’

**- મહેન્દ્ર પટેલ, પરેલ**

## ઝેન-જી માટે બે મંત્રઃ સત્ય અને અહિંસા



‘મુંબઈ મૅરથન શરૂ થઈ ત્યારથી (૨૧ વર્ષથી) મહાત્મા ગાંધીજીના જ ગેટઅપમાં હું આવું છું. શરૂઆતમાં હું ડ્રીન રનમાં દોડતો હતો, પણ થોડાં વર્ષોથી સિનિયર સિટિઝન્સ કૅટેગરીમાં ભાગ લઉં છું. હું દરેક મૅરથનમાં ઉઘાડા પગે ભાગ લઉં છું. હું જાતે જ તૈયાર થાઉં છું અને દર વખતે અનેકનો આદર મેળવું છું. આ ગેટઅપ પાછળનું સૌથી મોટું કારણ એ છે કે હું ઇચ્છું છું કે લોકો ગાંધીજીના સિદ્ધાંતોનું અનુકરણ કરતા શીખે. ઝેન-જી માટે પણ એ જ બે જાણીતા સિદ્ધાંત છે, સત્ય અને અહિંસા. ગાંધીજીના સિદ્ધાંતો અને મૂલ્યોને લોકો પોતાના જીવનમાં ઉતારતા શીખે એનો સંદેશ આપવાનો હંમેશાં મારો ઇરાદો હોય છે. એમાં હું ૦.૦૧ ટકા પણ સફળ થાઉં તો એને હું મારું સૌભાગ્ય ગણીશ. મેં અનુભવ્યું છે કે ભારત કરતાં વિદેશોમાં લોકો ગાંધીજીને વધુ માન આપે છે. મેં ભૂતકાળમાં મનીષા સાવલા સાથે ‘ નમો ગુર્જરી નમો સ્તુતે’ નાટકમાં કામ કર્યું હતું અને એ નાટક ખૂબ લોકપ્રિય થયું હતું.’

**- ઉપેન્દ્ર ઠાણાવાળા, ગિરગામ**


## હરિત સમૃદ્ધિનો પ્રસાર, બાળકોના કલ્યાણનો મેસેજ



‘અમે ઘણાં વર્ષોથી ટાટા ગ્રૂપનું પ્રતિનિધિત્વ મુંબઈ મૅરથનમાં કરીએ છીએ અને એમાં ખાસ કરીને આપણી હરિત સમૃદ્ધિ સાથે સાંકળીને સ્વસ્થ ભવિષ્યનો સંદેશ અહીં મૅરથનમાં ઉપસ્થિત લોકોને આપીએ છીએ તેમ જ મીડિયા મારફત અસંખ્ય લોકો સુધી પહોંચાડીએ છીએ. જરૂરતમંદ બાળકો તથા દિવ્યાંગોની સારસંભાળ અને તેમના જીવનમાં પરિવર્તન લાવવા શું કરવું તેમ જ તેમના કલ્યાણ માટે કેવા કાર્યો કરવા એનો મૅસેજ પણ લોકોને હું અને મારા સાથીઓ આપતા રહીએ છીએ.

**- જીતુ રાઠોડ, લોઅર પરેલ**

## ૧૦૦થી વધુ મૅરથન દોડ્યો છું, ડાન્સની પણ ઝલક આપતો રહું છું






‘હું ૭૮ વર્ષનો છું, પણ મૅરથનમાં દોડવાનો ક્રેઝ મારામાંથી જરાય ઓછો નથી થયો. મોજ કરું છું અને સ્વાસ્થ્ય જાળવી રાખું છું. મને એકેય બીમારી નથી. કોઈ દવા પણ નથી લેવી પડતી. થોડાં વર્ષો પહેલાં ઘૂંટણમાં દુખાવો શરૂ થયો હતો છતાં મૅરથનમાં દોડવાનું મેં નથી છોડ્યું. કુલ ૧૦૦થી પણ વધુ મૅરથનમાં દોડ્યો છું અને એમાં ગુજરાતનાં અનેક શહેરો તેમ જ દિલ્હી તથા ચંડીગઢ પણ સામેલ છે. મૅરથન દોડ્યો હોઉં એવા ગુજરાતનાં શહેરો ગણાવું...સુરત, કોસંબા, અંકલેશ્વર, વડોદરા, અમદાવાદ, નવસારી, વલસાડ, વાપી, નારગોલ. આ ઉપરાંત રાજકોટ, મીઠાપુર અને જામનગરમાં હું ૨૧ કિલોમીટરની મૅરથનમાં દોડ્યો છું અને ફિનિશ કરી છે. ૧૯૮૪થી ૨૦૨૬ સુધીમાં હું ખૂબ દોડ્યો છું. કોલ્હાપુર (મહારાષ્ટ્ર) સહિત ૧૬ રાજ્યોની મૅરથનમાં દોડી ચૂક્યો છું. મૅરથનમાં ભાગ લીધા પછી હું સંગીતના તાલે ખૂબ નાચું છું અને મૅરથનમાં આવતા લોકોનું મનોરંજન કરું છું. સુરતમાં હું ઘેર-ઘેર જિમ્નેશ્યમની તાલીમ આપવા જાઉં છું અને યોગની પ્રૅક્ટિસ પણ કરાવું છું.’

**- નરેશ તાલિયા, સુરત**

## નાનપણમાં રનર્સને ચિયર-અપ કરતો, મૅરથને જ પ્રોફેશનલ બનાવ્યો




‘હું છ-સાત વર્ષનો હતો ત્યારે મારા કઝિને મને પેડર રોડ પરથી મુંબઈ મૅરથન જોવાની ફરજ પાડી હતી. એ પહેલાં મને આ મૅરથન વિશે કંઈ જ જાણ નહોતી. ભિન્ન વય-જૂથના લોકો જેઓ અલગ પ્રકારની રહેણીકરણી ધરાવતા હોય તેમને સાથે મળીને દોડતા જોવાનું મને ખૂબ જ ગમ્યું હતું. મેં આપણે ત્યાં આવી સહિયારી દોડ ક્યારેય કલ્પી પણ નહોતી. અમે ત્યારે રનર્સને પાણીની બૉટલ અને ચૉકલેટ વહેંચતા હતા. આ બધું હું મારા ઘરથી પાંચ જ મિનિટના અંતરે (મારા ઘરઆંગણે જ કહો તો પણ ખોટું નથી) લોકોને આ રીતે ચિયર-અપ કરવાનો આનંદ લેતો હતો. મારા ઉપરાંત આસપાસના બીજા લોકો મારી જેમ આ સેવા આપતા હતા. ખાસ વાત એ છે કે મુંબઈ મૅરથને મને ખેલકૂદ સંબંધિત અથાક મહેનતની ભાવના, શિસ્તબદ્ધતા અને પ્રતિબદ્ધતા શીખવી અને હવે હું ટાટા મુંબઈ મૅરથનની જ પબ્લિક રિલેશન્સ (પી. આર.) ટીમનો મેમ્બર છું. ઍથ્લીટોનો આદર કરવાની આવી પ્રવૃત્તિએ મારા જીવનમાં પરિવર્તન લાવી દીધું હતું.

**- રોહન શાહ, પેડર રોડ**

## વાગડ સમાજની રિદ્ધિએ સતત ૩૨મી મૅરથન પૂર્ણ કરી



ટાટા મુંબઈ મૅરથનમાં ૩૪ વર્ષીય રિદ્ધિ ઉર્મિલા ચંપક ગડા નામની અઘોઈ ગામની યુવતી છેલ્લા ૧૯ વર્ષથી સક્રિય રીતે ભાગ લે છે. તે દર વર્ષે ચેમ્પિયન વિથ ડિસેબિલિટી કેટેગરીમાં પોતાના વાગડ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. તેણે ૮૬ ટકા દિવ્યાંગતા સાથે કુલ મળીને સતત ૩૨મી મૅરથન વ્હીલચેર સાથે પૂર્ણ કરી છે. આ વર્ષે તેણે ૧.૩ કિમીનું અંતર ૧૩ મિનિટમાં વ્હીલચેર પર બેસીને પૂરું કર્યું હતું.

**- રિદ્ધિ ઉર્મિલા ચંપક ગડા (ગિરગામ)**

## ‘ગો ગ્રીન’ની થીમ, વૃક્ષ રોપવાની સલાહ




મુંબઈ મૅરથનમાં મિતેન સત્રા તેમના પત્ની મિત્તલ અને તેમના ટ્વિન્સ બાળકો અક્ષય અને લક્ષ્ય છેલ્લાં ૧૬ વર્ષથી અલગ અલગ થીમ સાથે ડ્રીમ રનમાં ભાગ લે છે. આ વર્ષે તેમના બહેન ખ્યાતિ નંદા અને તેમના બાળકો સ્મિત તથા તનિષાએ પણ ભાગ લીધો હતો. આ વખતે તેમની થીમ ‘ગો ગ્રીન’ હતી જેમાં પર્યાવરણને બચાવવા માટે ઝાડ રોપવા તેમ જ ઝાડ ન કાપવાના સંદેશ આપ્યા હતા.

**- મિતેન સત્રા (ગ્રાન્ટ રોડ)**

## ફુલ મૅરથનથી આત્મવિશ્વાસ ખૂબ વધ્યો



કચ્છના ભીંસરા ગામના ૫૦ વર્ષીય બિઝનેસમેન ધર્મેશ કાંતિલાલ સાવલાએ ટાટા મુંબઈ મૅરથન ૨૦૨૬માં ફુલ મૅરથન (૪૨.૧૯૫ કિમી) ૫ કલાક ૨૫ મિનિટમાં પૂર્ણ કરી. છેલ્લાં છ વર્ષથી પ્રોફેશનલ ટ્રેઇનિંગ લેતા ધર્મેશે છેલ્લા ૪ મહિનામાં સખ્ત તૈયારી કરી હતી. પરિવાર-મિત્રોના સમર્થનથી માઈન્ડ-બોડી-સૉલનું સંતુલન સાધ્યું. આ તેમની ત્રીજી મૅરથન હતી. નેચરલ ઘરેલુ ખોરાક પર આધારિત, પ્રોટીન સપ્લિમેન્ટ વગર તેઓ નિયમિત રનિંગ કરે છે. આ મૅરથનમાં ૩૦ કિમી પછીના અસલી પડકારમાં તેમણે માનસિક નિયંત્રણથી રેસ ફિનિશ કરી હતી જેનાથી તેમનો આત્મવિશ્વાસ વધી ગયો તેમ જ નિર્ણયશક્તિમાં પણ વધારો થયો.

**- ધર્મેશ કાંતિલાલ સાવલા, ભીંસરા (કચ્છ)**

## વણકર સમાજની મહિલા પ્રતિનિધિઓ એક જ રંગના ડ્રેસમાં




મુંબઈમાં રહેતી વણકર સમાજની વિવિધ ભાષી મહિલા પ્રતિનિધિઓએ એકસરખા રંગની સાડીમાં સજ્જ થઈને મુંબઈ મૅરથનની ડ્રીમ રનમાં ભાગ લીધો હતો. આ તેમની ત્રીજી મુંબઈ મૅરથન હતી.

## અમેરિકન નાગરિક સહિત સાત સંત મૅરથનમાં દોડ્યા



દક્ષિણ ભારતનાં રાજ્યોમાં પ્રચલિત ઇશા ફાઉન્ડેશનના પૂર્ણમશા નામના મૂળ અમેરિકી નાગરિક સહિતના સાત સંતોએ ખાસ તમિળનાડુથી મુંબઈનો પ્રવાસ કરીને ટાટા મુંબઈ મૅરથનમાં ભાગ લીધો હતો. ચાર સંતોએ ફુલ મૅરથન પૂરી કરી હતી, જ્યારે ત્રણ મહિલા સાધ્વીઓએ ડ્રીન રનમાં ભાગ લીધો હતો. આ સંસ્થા તમિળનાડુના ગ્રામ્ય વિસ્તારોના ગરીબ તથા અનાથ બાળકોને શિક્ષણ પૂરું પાડે છે.

## ઘૂંટણમાં દુખાવા છતાં સતત પાંચમી ફુલ મૅરથન પૂરી કરી!



‘આ મારી લાગલગાટ પાંચમી ફુલ મૅરથન હતી. ઘૂંટણમાં દુખાવો હોવા છતાં હું ૪૨ કિલોમીટરની આ સૌથી લાંબી રેસ દોડ્યો અને પૂરી કરી. ઈશ્વરની કૃપા વિના આ સંભવ જ નહોતું. ચાહકોની શુભેચ્છા પણ કામ કરી ગઈ. હું આ સફળતા માટે સર્વેનો આભાર માનું છું.’

**-ભરત કાપડિયા (મુંબઈ)**

## નક્સલવાદીના સુરંગ-બ્લાસ્ટમાં પગ ગુમાવ્યો, પણ મૅરથન માટે હિંમત ન ગુમાવી




મહારાષ્ટ્રમાં ઔરંગાબાદના છત્રપતિ સંભાજીનગર વિસ્તારમાંથી આવેલા અને નાઇબ સુબેદારની પદવી ધરાવી ચૂકેલા ભૂતપૂર્વ સૈનિક રમેશ સાવલેએ કહ્યું, ‘ ૨૦૨૦માં સિક્કિમમાં મેં નક્સલવાદીઓએ ગોઠવેલી સુરંગના ધડાકામાં પગ ગુમાવ્યો હતો. જોકે સમય જતાં મેં હિંમત એકઠી કરીને મુંબઈ મૅરથનમાં દોડવાની યોજના બનાવી અને આ વખતે પહેલી જ વખત ભાગ લેવા આવ્યો છું. મેં દિવ્યાંગોની કૅટેગરીમાં ભાગ લીધો અને શારીરિક રીતે અક્ષમ હોવા છતાં લક્ષ્ય કેવી રીતે સિદ્ધ કરાય એનો સંદેશ લોકો સુધી પહોંચાડવાની કોશિશ કરી છે.

## વંદે માતરમના ૧૫૦ વર્ષની જયંતી નિમિત્તે પશ્ચિમ રેલવેના ૧૫૦ મેમ્બર મુંબઈ મૅરથનમાં




પશ્ચિમ રેલવેના જનરલ મૅનેજર વિવેકકુમાર ગુપ્તા તેમ જ વેસ્ટર્ન રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ ટાટા મુંબઈ મૅરથનમાં ભાગ લીધો હતો. ૫૦ મેમ્બર્સે ફુલ યુનિફોર્મમાં સજ્જ થઈને રેલવે પ્રવાસીઓ માટેના સલામતી તથા સમાજ સંબંધિત અન્ય સંદેશાનો દમદાર પ્રસાર કર્યો હતો. મૅરથન દરમ્યાન કુલ મળીને ૧૫૦ સભ્યોએ ફિટનેસ તથા શિસ્તબદ્ધતાનો પણ જાગૃતિ સંદેશ આપ્યો હતો. અધિકારીઓમાં ટિકિટ ચેકિંગ સ્ટાફ, ટ્રેન મૅનેજર, કોચિંગ ડેપો સ્ટાફ તથા ટ્રેકમેનનો સમાવેશ હતો. તેમણે ‘ રન ફૉર રેલ સેફ્ટી’, ‘ રિસ્પેક્ટ ધ ટ્રૅક્સ’ તેમ જ ‘ ટ્રૅકથી દૂર રહો, જીવંત રહો’ અને ‘ મુંબઈ કી લાઇફલાઇન’, ‘ વેસ્ટર્ન રેલવે કેર્સ’ જેવા સ્લોગન સાથે સંદેશ ફેલાવ્યો હતો.

## દર વર્ષે દિવ્યાંગો છેક તમિળનાડુથી આવે મુંબઈ મૅરથનમાં ભાગ લેવા



તમિળનાડુના અઇકુડી ગામથી ૧૦થી વધુ દિવ્યાંગો દર વર્ષે ટાટા મુંબઈ મૅરથનમાં ભાગ લેવા આવે છે. આ તમામ દિવ્યાંગો માટે વ્હીલચેર સૌથી મોટું જીવનસાથી છે. અમર સેવા સંગમ નામની સંસ્થા સાથે જોડાયેલા કલઈ મણીના મતે દિવ્યાંગજનોની ક્ષમતા, તેમના સ્વાસ્થ્યની સારસંભાળ તેમ જ તેમના માન-સન્માન વિશે લોકોમાં જાગૃતિ લાવવાના સંદેશ સાથે અમે મુંબઈ આવીએ છીએ. દીપક લાલ નામના દિવ્યાંગના મતે તેઓ અને તેમના સાથીઓ તમિળનાડુમાં અલગ અલગ પ્રકારની નોકરી કરે છે તેમ જ સમય મળે ત્યારે બાસ્કેટબૉલ તથા ક્રિકેટ સહિતની રમતોમાં પણ ભાગ લે છે.

# શિંદેના નગરસેવકો મુંબઈમાં ભાજપનો મેયર નથી ઈચ્છતા, પડદા પાછળ ઘણું બધું રંધાઈ રહ્યું છેઃ સંજય રાઉતનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકામાં પોતાનો મેયર બેસાડવા માટે ભાજપે કમર કસી નાખી હતી. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૮૯ નગરસેવક સાથે સૌથી મોટો પક્ષ હોવા છતાં બહુમતીથી વંચિત થઈ ગયો છે અને મેયર બેસાડવા ૧૧૪ વોટની જરૂર છે અને તે માટે શિંદેની સેનાનું સમર્થન જરૂરી છે પણ શિંદેના નવા ચૂંટાયેલા નગરસેવકો હાલ મુંબઈની એક પોશ હોટલમાં પ્રશિક્ષણને નામે બધાથી દૂર રાખવામાં આવ્યા છે ત્યારે શિવસેના (યુબીટી)ના સાંસદ અને પ્રવક્તા સંજય રાઉતે એવો દાવો કર્યો છે શિંદેના નવા ચૂંટાયેલા નગરસેવકો ભાજપનો મેયર બને એવું નથી ઈચ્છતા અને પડદા પાછળ ઘણા ઘટનાક્રમ ઘટિત થઈ રહ્યા છે કહીને રાજકીય સ્તરે ફરી એક વખત ખળભળાટ મચાવી દીધો છે.

સંયુક્ત શિવસેના સાથે છેડો ફાડીને વિધાનસભ્યોને ગુવાહાટી લઈને જનારા ડેપ્યુટી ચીફ મિનિસ્ટર એકનાથ શિંદેને હવે તેમના નવા ચૂંટાયેલા ૨૯ નગરસેવકને અન્ય પક્ષો પોતાની તરફ ખેંચી નહીં જાય તેવો ડર સતાવે છે.

### રાણેએ ઉદ્ધવની ઉડાવી ઠેકડી

મુંબઈના મેયર પદ માટે સંજય રાઉતના દાવા અને ઉદ્ધવ ઠાકરેએ 'દેવા'ની ઈચ્છા હશે એવું વિધાન શનિવારે કર્યા બાદ ભાજપના સિનિયર નેતા નારાયણ રાણેએ બંનેની ટીકા કરતા કહ્યું હતું કે તેમની પાસે પૂરતી બેઠક નથી છતાં તેમને પોતાનો મેયર બેસાડવો છે. તેઓ ખોટા ભ્રમમાં જીવી રહ્યા છે. ઠાકરે પાસે બેઠકો નથી અને મેયર બેસાડવો છે. તેમણે હવે દેવી હસ્તક્ષેપ પર આધાર રાખવાનું શરૂ કરી દીધું છે. શું ઉદ્ધવે ભગવાન પર આધાર રાખવો પડે છે. તેમણે પહેલા ક્યારેય ભગવાન સામે હાથ જોડીને કામ કર્યું નથી. શું મેયર આકાશમાંથી ઊતરવાનો છે. તેમની પાસે પૂરતું સંખ્યા બળ નથી અને ભગવાનની મદદથી મેયર બનાવવા માગે છે એવી ઠેકડી પણ ઉડાવી હતી.■

એટલે જ તેમને મુંબઈની એક પોશ હોટલમાં ચાર દિવસ માટે પ્રશિક્ષણને નામે બધાથી દૂર રાખ્યા છે ત્યારે આ નવા ચૂંટાયેલા નગરસેવકોને ભાજપનો મેયર નથી જોઈતો એવો દાવો શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે કર્યો છે.

શિંદેની સેનાના નગરસેવકોને પ્રશિક્ષણને નામે હોટલમાં રાખવામાં આવ્યા છે એ બાબતે સંજય રાઉતે કહ્યું હતું કે જો નગરસેવકોને હોટલમાં 'લોક-અપ'માં રાખવામાં આવ્યા હોય તો સંદેશા મોકલવા અને પ્રાપ્ત કરવા માટે સંદેશ વ્યવહારના વિવિધ સ્રોત છે. જો નગરસેવકોને 'લોક-અપ'માં રાખવામાં આવ્યા છે તો તેમને મુક્ત કરવા જ જોઈએ.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પૂરી થઈને પરિણામ આવી ગયા બાદ હવે મેયરપદની રેસમાં કોઈ આગળ છે તેની ચર્ચાઓ અને શિંદેને નગરસેવકો ફૂટી જવાનો ડર વચ્ચે તેમને હોટલમાં રાખવાના આખા ઘટનાક્રમ વચ્ચે સંજય રાઉતે શિંદેના નગરસેવકો બાબતે ટિપ્પણી કરી છે તેથી રાજકીય સ્તરે અવિભાજિત શિવસેના નગરસેવકો શું ઘરવાપસી કરશે એવા સવાલ થઈ રહ્યા છે. એ બાબતે સંજય રાઉતે કહ્યું હતું કે શિંદેની સેનામાંથી ચૂંટાયેલા અનેક નગરસેવકો મૂળ તો અવિભાજિત શિવસેનાના છે અને મારી સમજ છે ત્યાં સુધી એ તમામ લોકો એવું જ ઈચ્છે છે કે મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપનો મેયર ચૂંટાય નહીં.

મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપનો મેયર બને એવું ખુદ એકનાથ શિંદે પણ નથી ઈચ્છતા એવો દાવો પણ સંજય રાઉતે કર્યો હતો. આ અગાઉ શનિવારે શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ 'દેવા'ની ઈચ્છા હશે તો મુંબઈમાં શિવસેના (યુબીટી)નો મેયર પણ બનશે એવી ટિપ્પણી કરી હતી. તેમની આ ટિપ્પણી સામે જોકે ફડણવીસે જાહેરમાં એવી મજાક કરી હતી કે તેમણે શું 'દેવા' સાથે યુતિ કરી હતી કે 'દેવા'થી પણ કોઈ ઉપર છે.

ઉદ્ધવ અને ફડણવીસની આ ટિપ્પણીથી રાજકીય ક્ષેત્રમાં એવી પણ ચર્ચા થઈ રહી છે પડદા પાછળ કંઈ અલગ જ રંધાઈ રહ્યું છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને દેવાભાઉ તરીકે પણ ઓળખવામાં આવે છે એ સૌ કોઈ જાણે છે. તેથી ઉદ્ધવની 'દેવા'ની ઈચ્છા હશેના વિધાન પાછળ ભાજપ અને ઉદ્ધવની સેના કંઈ અલગ રમત તો નથી રમી એવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે. ■



**પાઈપલાઈનમાં ભંગાણઃ** તાડદેવમાં ઑગસ્ટ ક્રાંતિ રોડ પર ખંભાલા હિલ હૉસ્પિટલ નજીક નવ ઈંચની પાણીની પાઈપલાઈનમાં રવિવારે વહેલી સવારના ભંગાણ પડ્યું હતું, તેને કારણે ફોર્જેટ સ્ટ્રીટ, ફોર્જેટ હિલ રોડ, ગામડિયા કોલોની જેવા વિસ્તારમાં સવારના પાણીપુરવઠો ખોરવાઈ ગયો હતો. જોકે સમારકામ બાદ પાણીપુરવઠો પૂર્વવત્ થયો હતો. (અમય ખરાડે)

# ઓશિવરામાં બે ફ્લેટમાંથી બે બુલેટ મળી આવી

મુંબઈઃ ઓશિવરા વિસ્તારમાં રવિવારે રાતે ઇમારતના બે અલગ અલગ ફ્લેટમાંથી બે બૂલેટ મળી આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી.

બંને ફ્લેટમાં બૂલેટ કેવી રીતે પહોંચી તેની તપાસ ચાલી રહી હોઇ ગોળીબારની શક્યતા પોલીસ તપાસી રહી છે. આ ઘટનામાં કોઇને ઇજા થઇ ન હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઓશિવરા વિસ્તારમાં નાલંદા એપાર્ટમેન્ટના બીજા માળે અને ચોથા માળે આવેલા ફ્લેટમાંથી બૂલેટ મળી આવતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. દીવાલ પર અને લાકડાના બોક્સ પર ગોળીના નિશાન મળી આવ્યા હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું, આથી ઓશિવરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તથા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. (પીટીઆઇ)■

# ભારત જયાં સુધી ધર્મના માર્ગદર્શન હેઠળ ચાલશે ત્યાં સુધી વિશ્વગુરુ રહેશેઃ ભાગવત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારત દેશનું સંચાલન જયાં સુધી ધર્મ દ્વારા થશે ત્યાં સુધી ભારત વિશ્વગુરુ રહેશે એવું રાષ્ટ્રીય સ્વયમ્ સેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે રવિવારે એક કાર્યક્રમ દરમ્યાન કહ્યું હતું. ભાગવતે કહ્યું હતું કે ભારતને તેના પૂર્વજો પાસેથી સમૃદ્ધ આધ્યાત્મિક વારસો મળ્યો છે અને સંતો પાસેથી માર્ગદર્શન મળતું રહ્યું છે. ધર્મ ફક્ત ધર્મ પૂરતો મર્યાદિત નથી પણ તે બધી સૃષ્ટિનો માર્ગદર્શન સિદ્ધાંત હોવાનું પણ તેમણે આ સમયે ભારપૂર્વક કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી આ પ્રકારનો ધર્મ ભારતને ચલાવે છે ત્યાં સુધી તે વિશ્વગુરુ રહેશે અને તેમણે ઉમેર્યું હતું કે દુનિયા પાસે આ પ્રકારનું જ્ઞાન નથી કારણકે તેમનામાં આધ્યાત્મિકતાનો અભાવ છે. આ આપણા પૂર્વજોનો વારસો છે.

આરએસએસના વડાએ એવું પણ કહ્યું હતું કે નરેન્દ્રભાઈ હોય, હું હોવ, તમે હો કે બીજું કોઈ હોય એક જ શક્તિ આપણા બધાને ચલાવે છે. જો વાહન એ શક્તિથી ચાલે છે તો ક્યારેય અકસ્માત નહીં થાય, કારણકે ડ્રાઈવર ધર્મ છે. ભાગવતે એવું પણ કહ્યું હતું કે ભારતે સમય સમય પર વિશ્વને ધર્મ આપ્યો છે. આપણી પાસે પુસ્તકો અને વક્તાઓ છે પણ ધર્મ ખરેખર તે બધાને જીવનમાં અમલમાં મુકાવવાની સાથે જ તેનું પાલન કરાવે છે. આ દરમ્યાન ભાગવતે એવી ચેતવણી પણ આપી હતી કે અહીં ઘણા બધા લોકા 'હું' માનસિકતામાં રહે છે તેને બદલે 'આપણે' આ માનસિકતામાં રહેવું જોઈએ. કેટલાક લોકો આવા કામને બગાડવાનો પ્રયાસ કરશે અને જો તમે સારું કામ કરી રહ્યા છો તો પરિણામની અપેક્ષા રાખશો નહીં પણ તે કરો કારણકે તે સારું કામ છે. ■

# વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભાગ લેવા માટે મુખ્ય પ્રધાન ફડણવીસ દાવોસ જવા રવાના થયા

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ રવિવારે વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (ડબ્લ્યુઇએફ) માં હાજરી આપવા માટે દાવોસ જવા રવાના થયા, તેમણે રાજ્યને વૈશ્વિક સ્તરે ભારતના વિકાસ એન્જિન તરીકે સ્થાન આપવાનો સંકલ્પ કર્યો. મુખ્ય પ્રધાન ૨૪ જાન્યુઆરી સુધી આ કાર્યક્રમમાં રહેશે.

''મહારાષ્ટ્રના આશીર્વાદથી ડબ્લ્યુઇએફ ૨૦૨૬ માટે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસની યાત્રા કરી રહ્યા છીએ. મેગ્નેટિક મહારાષ્ટ્રને વિશ્વ મંચ પર ભારતના વિકાસ એન્જિન તરીકે મજબૂત બનાવવા માટે કટિબદ્ધ,'' ફડણવીસે એક્સ પર પોસ્ટ કર્યું.

ડબ્લ્યુઇએફ મીટિંગ વિશ્વાસ-આધારિત જોડાણ, મજબૂત ચર્ચા અને જાહેર સંવાદ માટે વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડે છે અને તેનો હેતુ રોકાણ અને આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

ભારત સરકારનો ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગ દેશમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે આ બેઠકમાં ભાગ લઈ રહ્યો છે, જ્યારે ભારતીય ઉદ્યોગ સંઘ (સીઆઈઆઈ) ને ઈન્ડિયા પેવેલિયન સંબંધિત પ્રવૃત્તિઓના સંકલન માટે નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે.

સીઆઈઆઈએ મહારાષ્ટ્ર સરકારને ઈન્ડિયા પેવેલિયનમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું, જેને રાજ્યએ સ્વીકાર્યું અને ભાગ લેવા માટે બુક કરાવ્યું.

૨૦૨૫માં દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠક દરમિયાન ફડણવીસે કુલ ૧૫.૭ લાખ કરોડ રૂપિયાના રોકાણ પ્રતિબદ્ધતાની જાહેરાત કરી હતી. આ પ્રતિબદ્ધતાઓ સ્થાનિક અને વિદેશી રોકાણકારો સાથે હસ્તાક્ષર કરાયેલા ૫૪ સમજૂતી કરાર (એમઓયુ) દ્વારા કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

# જ્યારે વસ્તુઓ સરળતાથી ચાલવા લાગે ત્યારે જૂની પેઢીએ બાજુ પર હટી જવું જોઈએઃ ગડકરી

નાગપુર : કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ રવિવારે કહ્યું કે આગામી પેઢી મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ લે અને જ્યારે વસ્તુઓ સરળતાથી ચાલવા લાગે ત્યારે જૂની પેઢીએ બાજુ પર હટી જવું જોઈએ.

ગડકરી નાગપુરમાં એડવાન્ટેજ વિદર્ભ-ખાસદાર ઔદ્યોગિક મહોત્સવ અંગે એક પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા, જેની કલ્પના તેમના દ્વારા કરવામાં આવી હતી અને એસોસિયેશન ફોર ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ (એઆઈડી) ના પ્રમુખ આશિષ કાળે દ્વારા આયોજિત કરવામાં આવી હતી.ગડકરીએ કહ્યું કે કાળેએ એડવાન્ટેજ વિદર્ભ પહેલમાં યુવા પેઢીને સામેલ કરી છે. ''મારું માનવું છે કે ધીમે ધીમે, પેઢી પણ બદલાતી રહેવી જોઈએ.''

આશિષના પિતા મારા મિત્ર છે. હવે અમને ધીમે ધીમે નિવૃત્તિ આપવી જોઈએ અને નવી પેઢીને જવાબદારી સોંપવી જોઈએ અને જ્યારે વાહન સરળતાથી ચાલવાનું શરૂ થાય, ત્યારે આપણે પાછા હટીને બીજું કોઈ કામ કરવું જોઈએ, ગડકરીએ કહ્યું.

એઇડના મુખ્ય માર્ગદર્શક ગડકરીએ કહ્યું કે ૬ થી ૮ ફેબ્રુઆરી દરમિયાન નાગપુરમાં યોજાનારા એડવાન્ટેજ વિદર્ભ એક્સ્પોનું આ ત્રીજું વર્ષ છે. તેમણે કહ્યું કે વિદર્ભ ક્ષેત્રમાં વિવિધ ક્ષેત્રોમાં ખૂબ સારા ઉદ્યોગસાહસિકો છે. ત્રણ દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતના ઔદ્યોગિક નકશા પર વિદર્ભને એક મજબૂત અને ઉભરતા વિકાસ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. ગડકરીએ કોઈપણ ક્ષેત્રના વિકાસ માટે ઔદ્યોગિક ક્ષેત્ર, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો અને સેવા ક્ષેત્રના મહત્વ પર પણ ભાર મૂક્યો.

એડવાન્ટેજ વિદર્ભ એક્સ્પોમાં કાપડ, પ્લાસ્ટિક, ખનિજો, કોલસો, ઉડ્ડયન, લોજિસ્ટિક્સ, આઇટી, આરોગ્યસંભાળ, ફાર્માસ્યુટિકલ્સ, સંરક્ષણ, રિયલ એસ્ટેટ, નવીનીકરણીય ઊર્જા અને સ્ટાર્ટઅપ્સ જેવા ક્ષેત્રોના ઉદ્યોગો ભાગ લેશે. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રના ભાજપના ભૂતપૂર્વ પ્રધાન રાજ પુરોહિતનું ૭૧ વર્ષની વયે અવસાન

મુંબઈ : મુંબઈમાં ઉત્તર ભારતીય સમુદાયોના અગ્રણી અવાજ, ભાજપના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન રાજ કે. પુરોહિતનું બીમારીને કારણે અવસાન થયું છે, એમ સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું. તેઓ ૭૧ વર્ષના હતા. પુરોહિતે શનિવારે અહીંની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.

મુંબઈ ભાજપ વર્તુળોમાં એક જાણીતા વ્યક્તિ, એવા રાજ પુરોહિતે પાર્ટીના શહેર પ્રમુખ અને મહારાષ્ટ્ર સરકારમાં પ્રધાન તરીકે સેવા આપી હતી, અને ૨૦૧૪-૧૯ દરમિયાન વિધાનસભામાં ભાજપના મુખ્ય દંડક હતા. એક સમયે તેમને ભાજપના શહેર એકમના સૌથી પ્રભાવશાળી નેતાઓમાંના એક માનવામાં આવતા હતા, જેમનો દક્ષિણ મુંબઈમાં નોંધપાત્ર પ્રભાવ હતો. ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પુરોહિતને ટિકિટ નકારી કાઢવામાં આવી હતી.

તેમના અવસાનથી મહારાષ્ટ્રના રાજકીય અને સામાજિક જીવનમાં એક અનુભવી, વિદ્વાન નેતાની ખોટ પડી છે, જેમના પાયાના સ્તર સાથે ઊંડા જોડાણ હતા, એમ પક્ષના નેતાઓએ જણાવ્યું હતું.

શ્રદ્ધાંજલિ આપતા, ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ તાવડેએ કહ્યું કે પુરોહિતના અવસાન વિશે જાણીને તેમને દુઃખ થયું. ''મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેટરથી લઈને ધારાસભ્ય અને મહારાષ્ટ્ર વિધાનસભામાં પ્રધાન સુધી, મારા મિત્ર રાજ પુરોહિત એક લોકપ્રિય જનપ્રતિનિધિ હતા જે લોકો સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા હતા, તાવડેએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું.

મુંબઈમાં રહેતા સ્થળાંતરિત ભાડૂતોના સૌથી મોટા ''મસીહા'' તરીકે પુરોહિતને ગણવામાં આવતા હતા અને તેમણે જીવનભર તેમના ઉત્થાન માટે કામ કર્યું હતું, એમ તેમણે નોંધ્યું. તેમનું નિધન મહારાષ્ટ્રમાં ભાજપ માટે અને મારા માટે વ્યક્તિગત રીતે એક અપૂર્ણ નુકસાન છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ તેમના આત્માને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવાર અને પ્રશંસકોને શક્તિ આપે, એમ તાવડેએ કહ્યું. નોંધનીય છે કે, તાજેતરમાં પૂર્ણ થયેલી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીમાં, રાજ પુરોહિતના પુત્ર અને ભાજપ નેતા આકાશ પુરોહિત વોર્ડ નંબર ૨૨૧ થી જીત્યા હતા. મૃતક નેતાના પાર્થિવ દેહને રવિવારે સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી મરીન ડ્રાઇવ પર રાજહંસ બિલ્ડિંગમાં શ્રદ્ધાંજલિ માટે રાખવામાં આવ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

## એક અનુભવી, વિદ્વાન અને લોકો માટે સમર્પિત નેતા ગુમાવ્યાઃ અતુલ શાહ

મુંબઈઃ અમે છેલ્લાં ૪૫ વર્ષથી જાહેર જીવનમાં સાથે મળીને કામ કરી રહ્યા છીએ. રાજ પુરોહિત મુંબઈ ભાજપના પ્રમુખ હતા અને ૧૯૯૯ માં, હું, રાજ પુરોહિત, મંગલપ્રભાતજી લોઢા, અમે ત્રણેય, દક્ષિણ મુંબઈથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને સ્વ. જયવંતીબેન મહેતા એ જ સમયે સાંસદ તરીકે ચૂંટાયા હતા.

અમે રામલીલા સેવા સમિતિ, બ્રિજ મંડળ કૃષ્ણલીલા જેવા ધાર્મિક અને સામાજિક સંગઠનોમાં સમર્પણ સાથે કામ કર્યું હતું. રાજ પુરોહિત પાસે એક ભાડૂઆત સંગઠન હતું જેના દ્વારા તેઓ પાઘડી ઇમારતોની સમસ્યાઓનું નિરાકરણ લાવતા હતા, જ્યારે તેઓ ગૃહમંત્રી હતા, ત્યારે તેમણે મ્હાડામાં '૩૩/૭' ની મહત્ત્વપૂર્ણ જોગવાઈ લાવી હતી, જેણે મુંબઈમાં જૂની ઇમારતોના પુનર્વિકાસનો માર્ગ મોકળો કર્યો હતો અને લાખો મુંબઈવાસીઓને રાહત આપી હતી.

તેમના અવસાન સાથે, મેં એક નજીકના સાથીદાર ગુમાવ્યા છે અને મુંબઈએ એક અસરકારક જનપ્રતિનિધિ ગુમાવ્યા છે, એમ ભૂતપૂર્વ વિધાનસભ્ય અતુલ શાહે કહ્યું હતું. ■

# પોલીસના સ્વાંગમાં મહિલાના ₹ ૧૩ લાખ પડાવ્યા, ત્રણ ઝડપાયાઃ કાર જપ્ત

મુંબઈઃ ગોવંડી વિસ્તારમાં પોલીસના સ્વાંગમાં ૫૮ વર્ષની મહિલાના ૧૩ લાખ રૂપિયા પડાવનારા ત્રણ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી બોગસ નંબરપ્લેટ લગાવેલી કાર પણ જપ્ત કરવામાં આવી હતી.

દેવનાર પોલીસે ઝડપી પાડેલા આરોપીઓની ઓળખ પ્રવીણ શિવનારાયણ પાંડે, નિસાર અહમદ ઉર્ફે સલીમ શેખ અને સંજયકુમાર જગન્નાથ દુબે તરીકે થઇ હતી.

દેવનાર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગોવંડીમાં કે. ડી. જંકશન ખાતે પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે મસ્જિદ નજીક ક્રેટા કારમાં હાજર વ્યક્તિ સાથે વિવાદ કરી રહેલા અર્ટિગા કારમાંના ત્રણ જણ પર તેમની નજર પડી હતી. આથી પોલીસે અર્ટિગા કારમાં હાજર ત્રણ જણને પૂછપરછ માટે તાબામાં લીધા હતા. એ સમયે અનિતા જોસ મિરાંડા (૫૮) નામની મહિલા ત્યાં આવી પહોંચી હતી. વસઇમાં રહેતી અનિતાએ પોલીસને ૧૩ લાખ રૂપિયાની ચોરી અંગે જાણ કરી હતી. દરમિયાન ત્રણેય જણને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા, જ્યાં પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેમણે પોલીસના સ્વાંગમાં મહિલાના ૧૩ લાખ રૂપિયા પડાવ્યા હતા. આરોપીઓ પાસેથી પોલીસે ૧૩ લાખ રૂપિયા હસ્તગત કર્યા હતા. ■

# ધુળેમાં મધરાતે ફિલ્મી સ્ટાઈલે રાષ્ટ્રીયકૃત બૅંકનું એટીએમ ચોરવાનો પ્રયાસ

## પોલીસે પોણા કલાક સુધી પિકઅપ વૅનનો પીછો કર્યા બાદ બે આરોપીને પકડી પાડ્યા

ધુળેઃ ધુળે જિલ્લાના શિરપુર શહેરમાં મધરાતે રાષ્ટ્રીયકૃત બૅંકનું એટીએમ ચોરવાનો પ્રયાસ કરનારી ટોળકીનો પોણા કલાક સુધી પીછો કરી બે સાગરીતને ઝડપી પાડ્યા હતા. આરોપીઓએ એટીએમ ચોરી કરવાની ઘટનાના યુટ્યૂબ પર વીડિયો જોયા બાદ યોજના બનાવી હતી અને આ માટે તેમણે મુંબઈથી પિકઅપ વૅન ખરીદી હતી.

શિરપુર શહેર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ હેમંત સુકલાલ માળી (૨૧) અને વિઠ્ઠુર ઉર્ફે વિજય દેવા જાધવ (૪૦) તરીકે થઇ હતી. બંને આરોપીએ તેમના સાથીદારો સાથે મળી અગાઉ અમલનેર અને ધુળેમાં પણ બૅંકનું એટીએમ મશીન ચોરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે પિકઅપ વેન પણ જપ્ત કરી હતી.

શિરપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ૧૬ જાન્યુઆરીએ મોડી રાતે પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે તેમને માહિતી મળી હતી કે કોટેજ હોસ્પિટલ સામે અમુક શખસો રાષ્ટ્રીયકૃત બૅંકના એટીએમને સાંકળથી બાંધી પિકઅપ વેનથી ખેંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ માહિતી બાદ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચતાં પિત્રેશ્વર સ્ટોપ નજીક તેમને પિકઅપ વૅન નજરે પડી હતી. જોકે પોલીસને જોઇ આરોપીઓ વૅનમાં ભાગી છૂટ્યા હતા. આરોપીઓએ મુંબઈ-આગ્રા હાઇવે પરથી મધ્ય પ્રદેશ તરફ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઠેકઠેકાણે પોલીસની નાકાબંધી હોવાથી તેઓ બીજી તરફ વળી ગયા હતા. આરોપીઓને રોકવા માટે પોલીસે બેરિકેડ્સ લગાવ્યા હતા, પણ તેઓ બેરિકેડ્સને ઉડાવી આગળ નીકળી ગયા હતા.

પિકઅપ વૅનને બાંધેલી લોખંડની ૧૫થી ૨૦ ફૂટની સાંકળનો બીજો છેડો રસ્તા પર ઘસાઇ રહ્યો હતો, જેને કારણે તણખા ઊડી રહ્યા હતા. પોલીસ પોણા કલાક સુધી પિકઅપ વૅનનો પીછો કરી રહી હોવાથી એક સ્થળે આરોપીએ વૅનમાંથી કૂદકો મારીને ફરાર થઇ ગયા હતા. પોલીસે ત્યાર બાદ આજુબાજુના વિસ્તારોમાં શોધ આદરીને બે આરોપીને ઝડપી પાડ્યા હતા. ■

# મુંબઈ એરપોર્ટ પર દાણચોરીનું ₹ ૨.૧૫ કરોડનું સોનું જપ્ત

## બાંગ્લાદેશી નાગરિક, કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) ૨.૧૫ કરોડ રૂપિયાના સોનાની દાણચોરી બદલ મુંબઈ એરપોર્ટ પરથી બાંગ્લાદેશી નાગરિક અને એરપોર્ટ પર એઆઇએએસએલના કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવની ધરપકડ કરી હતી. બાંગ્લાદેશી નાગરિક અકીબુર રહમાન દિલ મોહંમદ (૪૦) શનિવારે મધરાતે દુબઇથી ઇન્ડિગોની ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. તેણે યોજના મુજબ એરપોર્ટના ડિપાર્ચર એરિયામાં વોશરૂમમાં મીણમાં ૨૪ કેરેટ ગોલ્ડ ડસ્ટ ભરેલી ચાર ચાર લેટેક્સ કૅપ્સ્યૂલ્સ સાથેનું પાર્સલ છુપાવ્યું હતું. બાદમાં એરપોર્ટ પર એઆઇએએસએલનો કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવ ભૂષણ રામ સકપાળ (૩૧)તે પાર્સલ લેવા માટે આવ્યો હતો. એ સમયે નજર રાખીને બેઠેલા એઆઇયુના અધિકારીઓએ તેને ઝડપી પાડ્યો હતો. બાદમાં રકીબુરની પણ ધરપકડ કરાઇ હતી.

કૅપ્સ્યૂલ્સમાંથી ૧૬૭૩.૯૦૦ ગ્રામ ગોલ્ડ ડસ્ટ મળી આવ્યું હતું, જેની કિંમત ૨.૧૫ કરોડ રૂપિયા થાય છે. એરપોર્ટના સ્ટાફ અને ટ્રાન્ઝિટ પ્રવાસીઓને સંડોવતી આ મોડર ઓપરેન્ડીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. રકીબુરે જણાવ્યું હતું કે તેને દુબઇમાં આ સોનું સોંપીને મુંબઈમાં એરપોર્ટ પર નિર્ધારિત જગ્યાએ વોશરૂમમાં છુપાવવાનું કામ સોંપાયું હતું.

એરપોર્ટ પરનો સ્ટાફ તે સોનું લઇને એરપોર્ટની બહાર અન્યને સોંપવાનો હતો. આ પ્રકરણમાં હેન્ડલરો, ફાઇનાન્સરો અને અન્ય કાવતરાખોરો સહિત મોટી કડી હાથ લાગવાની શક્યતા છે, જે અંગે તપાસ ચાલી રહી છે, એમ એઆઇયુના અધિકારીએ કહ્યું હતું. ■

# મુંબઈની કોર્ટે પાંચ દાયકા બાદ ૭.૬૫ રૂપિયાની ચોરીનો કેસ બંધ કર્યો

મુંબઈઃ મઝગાવની કોર્ટે ૭.૬૫ રૂપિયાની ચોરીના પચાસ વર્ષ જૂના કેસમાં પોલીસ તપાસ છતાં બે આરોપી ઓળખી ન શકાતાં અને ફરિયાદીનું પગેરું ન મળતાં આખરે આ કેસ બંધ કરવાનો ફેંસલો સંભળાવ્યો હતો. કાનૂની પ્રણાલીનો ભરાવો કરતાં કોલ્ડ સ્ટોરેજમાં રહેલા દાયકાઓ જૂના કેસોમાં ઘણા બધા તાજેતરના ચુકાદામાંથી આ એક છે.આરોપી મૃત્યુ પામ્યા હોય, ઓળખ નહીં શકાતા હોય અથવા પગેરું ન મળ્યું હોય તેવા જૂના કેસોનો નિકાલ કરવાના પ્રયાસના ભાગરૂપે મઝગાવ કોર્ટે ૧૯૭૭૮નો કેસ બંધ કરી દીધો છે.

૧૯૭૭ના આ કેસમાં બે અજ્ઞાત ચોરે ૭.૬૫ રૂપિયાની ચોરી કરી હતી, જે તે સમયે મોટી રકમ ગણાતી હતી. જોકે બિનજામીનપાત્ર વોરન્ટ જારી કરવા છતાં બંને આરોપીનું પગેરું મળ્યું નહીં, જેને કારણે આ મામલો કોલ્ડ સ્ટોરેજમાં પડી રહ્યો હતો.

જુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મઝગાવ કોર્ટ) આરતી કુલકર્ણીએ ૧૪ જાન્યુઆરીના રોજ એવી નોંધ કરીને આ કેસ બંધ કર્યો હતો કે મામલો પચાસ વર્ષ જૂનો છે અને કોઇ પણ પ્રગતિ વિના બિનજરૂરી રીતે પડતર રહ્યો છે.

આ કેસમાં વધુ પડતો સમય વીતી ગયો છે. આથી હવે તેને પડતર મૂકવાનો કોઇ અર્થ નથી, એવી નોંધ કરીને ભારતીય દંડસંહિતાની કલમ ૩૭૯ (ચોરી) હેઠળ દાખલ ગુનાના બંને આરોપીને કોર્ટે આ કેસમાંથી મુક્ત કર્યા છે અને ચોરીના ૭.૬૫ રૂપિયા ફરિયાદીને પરત કરવાના નિર્દેશ આપ્યા હતા. જો ફરિયાદી પણ નહીં મળે તો આ રકમ અપીલના સમયગાળા બાદ સરકારી ખાતામાં જમા કરવા જણાવ્યું હતું.

ચોરીની રકમ ૨,૦૦૦થી ઓછી હોવાથી કેસ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૦ હેઠળ ચલાવાયો હતો, જેમાં ઝડપી ન્યાયની ખાતરી આપવા માટે ચોરીની માલમતાનું મૂલ્ય નાનું હોય તેના સહિત નાના ગુના માટે સમરી ટ્રાયલને મંજૂરી આપે છે. એ જ રીતે ભારતીય પાસપોર્ટ એક્ટ અને ફોરેનર્સ એક્ટ હેઠળ દાખલ ગુનાના આરોપીનું ૧૯૯૫માં ચાર્જશીટ દાખલ કરાઇ ત્યારથી પગેરું મળતું ન હોવાથી ૩૦ વર્ષ જૂના આ કેસમાંથી આરોપીને ડિસ્ચાર્જ આપી દીધો હતો. એ જ પ્રમાણે ૨૦૦૩ના બેદરકારીથી ડ્રાઇવિંગ કરવાના કેસમાં આરોપી, ફરિયાદી અને સાક્ષીદારોનું પણ પગેરું ન મળતું હોવાથી કેસ બંધ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનું ફરી નાક કપાયુંઃ કિવીઓએ રચ્યો ઈતિહાસ

## ટીમ ઈન્ડિયાના ખરાબ ઓપનિંગે દાટ વાળ્યોઃ કિંગ કોહલીની લડત પણ ન જિતાડી શકી

ઇન્દોરઃ માઇકલ બ્રેસવેલના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડની ટીમે અહીં રવિવારે ભારતની ધરતી પર પોતાના દેશ માટે નવો ઇતિહાસ રચ્યો હતો. ભારતમાં કિવીઓ પહેલી જ વખત વન-ડે સિરીઝ જીત્યા છે. ૨૦૨૪ના અંતે કિવીઓએ ટીમ ઇન્ડિયાને ભારતમાં જ ટેસ્ટ-શ્રેણીમાં ૩-૦થી પરાજિત કરી હતી અને હવે પહેલી વાર વન-ડે સિરીઝ ૨-૧થી જીતી લીધી છે. ભારતીયો ૩૩૮ રનના તોતિંગ લક્ષ્યાંક નીચે જ દબાઈ ગયા એવું દાવની શરૂઆતમાં લાગતું હતું, પરંતુ વિરાટ કોહલી (૧૨૪ રન, ૧૦૮ બૉલ, ૧૭૪ મિનિટ, ત્રણ સિક્સર, દસ ફોર) ખૂબ લડવા છતાં તેને કોઈએ છેક સુધી સાથ ન આપ્યો અને છેવટે ખુદ હતાશ અને થાકી ગયેલો વિરાટ વિકેટ ગુમાવી બેઠો હતો. તેની એ નવમી વિકેટ પડ્યા બાદ એ જ ઓવરમાં કુલદીપ યાદવ પણ આઉટ થઈ જતાં કિવીઓનું સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું. કિવીઓના ૮/૩૩૭ના સ્કોર સામે ભારત ૪૬ ઓવરમાં ૨૯૬ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં ન્યૂ ઝીલૅન્ડે ૪૧ રનથી શાનદાર વિજય મેળવ્યો હતો.

### ઈન્દોરમાં ભારત પહેલી વાર પરાજિત

ઇન્દોરમાં ભારત અગાઉ તમામ સાત વન-ડે જીત્યું હતું અને પહેલી જ વખત અહીં ટીમ ઇન્ડિયાએ પરાજય જોવો પડ્યો. એક તો ભારતે ખરાબ ઓપનિંગ કર્યું હતું અને જોતજોતામાં સ્થિતિ વધુ વણસી ગઈ હતી. રોહિત શર્મા માત્ર ૧૧ રન અને કૅપ્ટન શુભમન ગિલ ૨૩ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયા એમ છતાં કોહલીએ એક છેડો સાચવી રાખ્યો હતો. જોકે શ્રેયસ ઐયર (ત્રણ રન) અને કે. એલ. રાહુલ (એક રન) પણ સસ્તામાં પૅવિલિયન ભેગા થઈ જતાં હાલત વધુ ખરાબ થઈ ગઈ હતી. ૭૧ રનમાં ભારતની ચાર વિકેટ પડી ચૂકી હતી.

### છપ્પનની છાતીવાળા કોહલીની ૫૪મી સેન્ચુરી

લડાયક શક્તિવાળો વિરાટ કોહલી વન-ડે ક્રિકેટમાં સૌથી મોટો સદીકર્તા છે. તેણે રવિવારે વિક્રમી ૫૪મી સદી ફટકારી હતી, પણ કમનસીબે આ સદી મૅચ-વિનિંગ (સિરીઝ-વિનિંગ) નહોતી નીવડી. કોહલીને નીતીશ કુમાર રેડ્ડી (૫૩ રન, ૫૭ બૉલ, ૫૪ મિનિટ, બે સિક્સર, બે ફોર) અને ત્યાર બાદ હર્ષિત રાણા (બાવન રન, ૪૩ બૉલ, ૫૦ મિનિટ, ચાર સિક્સર, ચાર ફોર)ના પણ યોગદાનો ટીમને મળ્યા હતા. કોહલીને તેમનો વારાફરતી સાથ મળ્યો હતો એમ છતાં તેઓ કોહલી સાથે મળીને ટીમના સ્કોરને ૩૦૦ રનની નજીક પહોંચાડવામાં નિષ્ફળ રહ્યા હતા. રવીન્દ્ર જાડેજા (૧૨ રન) પણ લડત નહોતો આપી શક્યો.

### બે સદી અને ડબલ સેન્ચુરીની ભાગીદારી

એ પહેલાં, ભારત સામેની ત્રીજી અને નિર્ણાયક વન-ડેમાં ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૩૭ રન કરીને ભારતને ૩૩૮ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો જેને લીધે ભારતે સિરીઝથી બચવું થોડું મુશ્કેલ થઈ ગયું હતું. કિવીઓની ટીમના એવરગ્રીન પ્લેયર અને ભારત માટે હંમેશાં માથાનો દુખાવો બની રહેતા ડેરિલ મિચલે (૧૩૭ રન, ૧૩૧ બૉલ, ૧૯૮ મિનિટ, ત્રણ સિક્સર, પંદર ફોર) અને ગ્લેન ફિલિપ્સ (૧૦૬ રન, ૮૮ બૉલ, ૧૩૯ મિનિટ, ત્રણ સિક્સર, નવ ફોર) સદી ફટકારીને ટીમ ઇન્ડિયા સામે મોટો પડકાર ફેંક્યો હતો.

અર્શદીપ સિંહ (૧૦-૧-૬૩-૩) અને હર્ષિત રાણા (૧૦-૦-૮૪-૩)એ ઇનિંગ્સની શરૂઆતમાં કિવીઓની ટીમને ઉપરાઉપરી ઝટકા આપ્યા હતા છતાં મિચલ-ફિલિપ્સની જોડીએ ચોથી વિકેટ માટે ૨૧૯ રનની ભાગીદારી કરીને પોતાની ટીમને મોટા ટોટલની દિશામાં આગળ વધારી હતી.

આ બે સિવાય બીજો કોઈ બૅટ્સમૅન ૩૦ રનનો આંકડો પણ પાર નહોતો કરી શક્યો. સિરીઝની બીજી મૅચના હીરો ડેરિલ મિચલે મગજ શાંત રાખીને તેમ જ ભારતીય બોલર્સ પર વર્ચસ્વ જમાવી રાખીને રનમશીન આગળ વધાર્યું હતું, જ્યારે સામા છેડેથી ગ્લેન ફિલિપ્સે દમદાર ઇનિંગ્સથી તેને સારો સાથ આપ્યો હતો.

એક તબક્કે ભારતીય ટીમનો મૅચ પર કાબૂ હતો, કારણકે કિવીઓએ ૫૮ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે મિચલ-ફિલિપ્સની જોડીએ મૅચમાં સ્પર્ધાત્મક ખૂબ વધારી દીધી હતી.

એ પહેલાં, કૅપ્ટન શુભમન ગિલે આ નિર્ણાયક વન-ડેમાં ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી એની ફળશ્રુતિ તરત જ જોવા મળી. ન્યૂ ઝીલૅન્ડે પહેલા સાત બૉલમાં બે વિકેટ ગુમાવી દીધી હતી.

### અર્શદીપ બોલિંગમાં ફાવ્યો, પણ બૅટ્સમેનોએ નિરાશ કર્યા

લેફ્ટ-આર્મ પેસ બોલર અર્શદીપ સિંહને પ્રસિદ્ધ ક્રિષ્નાને બદલે પ્લેઇંગ-ઇલેવનમાં લેવામાં આવ્યો એ નિર્ણય અર્શદીપે સાચો ઠરાવ્યો હતો, કારણકે તેણે ચોથા બૉલમાં કુલ પાંચ રનના સ્કોર પર હેન્રી નિકલ્સને ક્લીન બોલ્ડ કર્યો હતો. નિકલ્સનો એ પહેલો જ બૉલ હતો. એ ઓવરના છેલ્લા બે બૉલ નખાયા ત્યાં તો નવી ઓવરના પહેલા જ બૉલમાં ડેવૉન કૉન્વેએ પણ વિકેટ ગુમાવી દીધી હતી. તેને હર્ષિત રાણાએ રોહિત શર્માના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. કૉન્વેની વિકેટ વખતે પણ કુલ સ્કોર પાંચ રન હતો. સૌથી ડેન્જરસ બૅટ્સમૅન ડેરિલ મિચલ અને વિલ યંગે બાજી સંભાળી લીધી હતી અને છઠ્ઠી ઓવરને અંતે ટીમનો સ્કોર ૨/૨૭ ઉપર પહોંચ્યો હતો. વિલ યંગે પોતાના ૩૦મા રને હર્ષિત રાણાના બૉલમાં જાડેજાના હાથમાં કૅચ આપી દીધો ત્યાર બાદ ભારતીય ટીમે લાંબા સમય સુધી મિચલ-ફિલિપ્સનો ધમાકેદાર શૉ જોવો પડ્યો હતો. મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવને એક-એક વિકેટ મળી હતી, પરંતુ નીતીશ કુમાર રેડ્ડીને ૫૩ રન અને જાડેજાને ૪૧ રનના ખર્ચ છતાં વિકેટ નહોતી મળી શકી.

# મુંબઈ મૅરથનમાં સાતમી વાર બન્ને સર્વોચ્ચ વિજેતાં ઇથિયોપિયાના

## ભારતીયોમાં કાર્તિક અને સંજીવની ચૅમ્પિયનઃ નિરમાબેન બીજા નંબરે




ગુજરાતના નિરમાબેન ઠાકોર (ડાબે) ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે દોડ્યા હતા, પરંતુ આ વખતે બીજા નંબર પર રહ્યાં હતાં. સંજીવની (વચ્ચે) ગોલ્ડ મેડલ જીતી હતી, જ્યારે સોનમને બ્રૉન્ઝ મળ્યો હતો. (અમય ખરાડે)

મુંબઈઃ ઇથિયોપિયાના સ્પર્ધકોએ ૨૧મી મુંબઈ મૅરથનમાં બન્ને સર્વોચ્ચ ટાઇટલ જીતીને ફરી એક વખત એશિયાની આ સૌથી લોકપ્રિય રેસમાં વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. પુરુષોમાં ૪૧.૧૯૫ કિલોમીટરની ફુલ મૅરથન ઇથિયોપિયાના ટ્ડુ અબેટ ડેમેએ જીતી લીધી હતી. મહિલાઓમાં આ રેસમાં તેના જ દેશની યેશી કલાયુ ચેકોલેએ ટાઇટલ પર કબજો કર્યો હતો.

ડેમેએ ફુલ મૅરથન બે કલાક, નવ મિનિટ, પંચાવન સેકન્ડમાં પૂરી કરીને ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. મહિલા વર્ગમાં યેશીએ આ સર્વોત્તમ દોડ ૨:૨૫:૧૩ના ટાઇમિંગમાં પૂરી કરી હતી જે આ ઇવેન્ટનો પાંચમા નંબરનો ફાસ્ટેસ્ટ ટાઇમ છે. યેશીનું કારકિર્દીની આ પ્રથમ મૅરથન ચૅમ્પિયનપદ છે. બન્નેએ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

૨૧ મુંબઈ મૅરથનમાં સાતમી વખત એવું બન્યું જેમાં પુરુષ અને મહિલા, બન્ને વર્ગની સર્વોચ્ચ રેસ ઇથિયોપિયાના સ્પર્ધકોએ જીતી લીધી છે.

ફુલ મૅરથનમાં ભારતીયોમાં આ વખતે નવા વિજેતા મળ્યા. પુરુષોમાં (મુંબઈ મૅરથનમાં પહેલી વખત દોડનાર) કાર્તિક કરકેરા (૨:૧૯.૫૫) પ્રથમ સ્થાને આવ્યો હતો, જ્યારે મહિલા વર્ગમાં ભારતીયોમાં સંજીવની જાધવ (૨:૪૯:૦૨) પહેલા નંબર પર આવી હતી. મેન્સમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન અનિશ થાપા (૨:૨૦:૦૮) આ વખતે બીજા નંબર પર આવ્યો હતો અને રજત ચંદ્રક જીત્યો હતો. એ જ પ્રમાણે, મહિલાઓમાં મૂળ ગુજરાતની નિરમાબેન ઠાકોર (૨:૪૯:૧૩) પણ સિલ્વર મેડલ જીતી હતી. પુરુષોમાં ભારતીયોમાં ત્રીજા નંબરે પ્રદીપ ચૌધરી (૨:૨૦:૪૯) હતો અને મહિલાઓમાં એ ક્રમે સોનમ (૨:૪૯:૨૪) રહી હતી.

### કોને કેટલું ઇનામ મળ્યું? ફુલ મૅરથન (વિદેશી)

(૧) ઇથિયોપિયાના ગોલ્ડ મેડલિસ્ટ ડેમેને ૫૦,૦૦૦ ડૉલર (૪૫.૩૬ લાખ રૂપિયા)
(૧) ઇથિયોપિયાની ગોલ્ડ મેડલિસ્ટ યેશીને ૫૦,૦૦૦ ડૉલર (૪૫.૩૬ લાખ રૂપિયા)
(૨) કેન્યાના સિલ્વર મેડલિસ્ટ લિઓનાર્ડ કિપ્રોટિચને ૨૫,૦૦૦ ડૉલર (૨૨.૬૭ લાખ રૂપિયા)
(૨) ઇથિયોપિયાની સિલ્વર મેડલિસ્ટ કિડસૅન ગેબ્રેમેધિનને ૨૫,૦૦૦ ડૉલર (૨૨.૬૭ લાખ રૂપિયા)
(૩) એરિટ્રિયાના બ્રૉન્ઝ મેડલિસ્ટ મેર્હાવી કેસેત વેલ્ડમેરિયમને ૧૫,૦૦૦ ડૉલર (૧૩.૬૦ લાખ રૂપિયા)
(૩) ઇથિયોપિયાની બ્રૉન્ઝ મેડલિસ્ટ ગૉજેમ એન્યેવને ૧૫,૦૦૦ ડૉલર (૧૩.૬૦ લાખ રૂપિયા)

### ફુલ મૅરેથન (ભારતીયો)

(૧) ગોલ્ડ મેડલિસ્ટ કાર્તિક કરકેરાને પાંચ લાખ રૂપિયા
(૧) ગોલ્ડ મેડલિસ્ટ સંજીવની જાધવને પાંચ લાખ રૂપિયા
(૨) સિલ્વર મેડલિસ્ટ અનિલ થાપાને ચાર લાખ રૂપિયા
(૨) સિલ્વર મેડલિસ્ટ નિરમાબેન ઠાકોરને ચાર લાખ રૂપિયા
(૩) બ્રૉન્ઝ મેડલિસ્ટ પ્રદીપ ચૌધરીને ત્રણ લાખ રૂપિયા
(૩) બ્રૉન્ઝ મેડલિસ્ટ સોનમને ત્રણ લાખ રૂપિયા

# વિજય હઝારેમાં વિદર્ભ પહેલી વાર ચૅમ્પિયન

બેંગલૂરુઃ વિદર્ભની ટીમ ૨૦૨૪-'૨૫માં વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટ નહોતી જીતી શકી, પણ રવિવારે અહીં સૌરાષ્ટ્રને ૩૮ રનથી પરાજિત કરીને એ સિદ્ધિ મેળવી લીધી હતી.

ઓપનિંગ બૅટ્સમૅન અથર્વ ટેઇડ (૧૨૮ રન, ૧૧૫ બૉલ, ત્રણ સિક્સર, પંદર ફોર) અને મુખ્ય પેસ બોલર યશ ઠાકુર (૫૦ રનમાં ચાર વિકેટ) આ યાદગાર અને ઐતિહાસિક જીતના બે શિલ્પી હતા.

વિદર્ભ વતી યશ રાઠોડનું પણ સારું યોગદાન હતું. તેણે ૬૧ બૉલમાં બે સિક્સર અને બે ફોરની મદદથી ૫૪ રન કર્યા હતા. વિદર્ભના ૮/૩૧૭ના જવાબમાં સૌરાષ્ટ્રએ વળતો જવાબ આપ્યો હતો, પરંતુ ૩૮મી ઓવરમાં ૨૦૫ રનના કુલ સ્કોર પર પ્રેરક માંકડ (૮૮ રન, ૯૨ બૉલ, દસ ફોર) સદી ચૂકી જતાં વિજયની આશા ખૂબ ઘટી ગઈ હતી. ચિરાગ જાનીના ૬૪ રન એળે ગયા હતા. વિદર્ભ વતી યશ ઠાકુર ઉપરાંત નચિકેત ભુતે (ત્રણ વિકેટ) અને દર્શન નાલકંડે (બે વિકેટ)એ પણ સૌરાષ્ટ્રને વિજયથી વંચિત રાખવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

૪૯મી ઓવરમાં સૌરાષ્ટ્રનો દાવ ૨૭૯ રનના સ્કોર પર પૂરો થઈ ગયો હતો અને વિદર્ભના ખેલાડીઓએ ઐતિહાસિક જીતનું જશન શરૂ કરી દીધું હતું.

## દેશ-વિદેશ

# ગ્રીનલૅન્ડમાં ટ્રમ્પ વિરુદ્ધ હજારો લોકોના દેખાવ

નુક (ગ્રીનલેન્ડ) : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના ગ્રીનલેન્ડ ખરીદવા અથવા કબજો કરવાના વિરોધમાં હજારો લોકો રસ્તા પર ઉતર્યા હતા. ટ્રમ્પના આક્રમક પગલાંના વિરોધમાં નાટો અને યુરોપિયન દેશો એક થયા છે, ત્યારે ગ્રીનલૅન્ડના લોકો પણ ગુસ્સામાં છે. ડેન્માર્ક અને યુરોપિયન નાટો દેશોએ ગ્રીનલૅન્ડમાં સૈનિકો તહેનાત કરવાનું શરૂ કર્યું, ત્યારે ગ્રીનલૅન્ડના રહેવાસીઓ પણ રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને ટ્રમ્પ વહીવટ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. રાજધાની નુકમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

નોંધનીય છે કે ગ્રીનલૅન્ડની રાજધાની નુકમાં લોકોએ વડા પ્રધાન જેન્સ-ફ્રેડ્રિક નીલ્સનના નેતૃત્વમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ સામે કૂચ કરી હતી. વિરોધ દરમિયાન વિરોધીઓએ એક બ્લોકની બહાર ભેગા થયા હતા જ્યાં અમેરિકા તેના દૂતાવાસને સ્થાનાંતરિત કરવાની યોજના બનાવી રહ્યું છે. હાલમાં અમેરિકાનું કોન્સ્યુલેટ ચાર સ્ટાફ સભ્યો કાર્યરત છે.

ગ્રીનલૅન્ડ અમેરિકા અને યુરોપની સરહદ પર સ્થિત એક દેશ છે, જેનો મોટાભાગનો પ્રદેશ અમેરિકાની સરહદે છે. ગ્રીનલૅન્ડની આસપાસ રશિયા અને ચીનની વધતી પ્રવૃત્તિઓથી અમેરિકા ચિંતિત છે. ગ્રીનલૅન્ડ ખનિજો અને રેર અર્થ એલિમેન્ટ્સનો સમૃદ્ધ ભંડાર છે, તેથી અમેરિકા રશિયા કે ચીન તેના પર કબજો કરવા માંગતું નથી.

તેથી અમેરિકા તેને પોતાની રાષ્ટ્રીય સુરક્ષા માટે આવશ્યક માને છે. તે ગ્રીનલેન્ડ પર કબજો કરવા તેને અમેરિકાનો પ્રદેશ બનાવવા અને લશ્કરી થાણું સ્થાપિત કરવા માગે છે. ગ્રીનલેન્ડ મેળવવાના ઘણા પ્રયાસો કરવામાં આવ્યા છે અને આ વખતે જો કોઈ સોદો નિષ્ફળ જાય તો તેને કબજે કરવાની યોજના છે. ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે ગ્રીનલૅન્ડ પર કબજો કરવા માટે બળનો ઉપયોગ નકારી શકાય નહીં. તેથી ડેન્માર્કની વિનંતી પર યુરોપિયન દેશોએ ગ્રીનલૅન્ડમાં લશ્કરી કર્મચારીઓ તૈનાત કર્યા છે અને નાટો દેશો અમેરિકાનો વિરોધ કરવા માટે એક થયા છે.

ડોનલ્ડ ટ્રમ્પે ગ્રીનલૅન્ડ પર કબજો કરવા માટે મોટો નિર્ણય લીધો હતો. આઠ નાટો સાથી દેશો પર નિશાન સાધતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે ટૅરિફની જાહેરાત કરી છે. ટ્રમ્પના મતે આ ટૅરિફ ત્યાં સુધી લાગુ રહેશે જ્યાં સુધી અમેરિકાને ગ્રીનલૅન્ડ આપવામાં આવતું નથી.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ડેન્માર્ક, નોર્વે, સ્વિડન, ફ્રાન્સ, જર્મની, યુનાઇટેડ કિંગડમ, નેધરલેન્ડ અને ફિનલેન્ડથી અમેરિકામાં આવતા તમામ માલસામાન પર ૧ ફેબ્રુઆરીથી ૧૦ ટકા ટૅરિફ લાદવામાં આવશે અને જો કોઈ કરાર ન થાય તો આ ટૅરિફ ૧ જૂનથી વધીને ૨૫ ટકા થઈ જશે. ડોનલ્ડ ટ્રમ્પે દલીલ કરી હતી કે અમેરિકા લાંબા સમયથી યુરોપના સંરક્ષણનો આર્થિક અને સુરક્ષા બોજ ઉઠાવી રહ્યું છે. તેમણે લખ્યું હતું કે ઘણા વર્ષોથી અમે ડેન્માર્ક, બધા ઈયુ દેશો અને અન્ય દેશોને ટેરિફ અથવા અન્ય કોઈપણ પ્રકારના વળતર વિના આર્થિક સહાય પૂરી પાડી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હવે, સદીઓ પછી ડેન્માર્ક માટે કંઈક પાછું આપવાનો સમય આવી ગયો છે. વિશ્વ શાંતિ દાવ પર છે!

ટ્રમ્પે ગ્રીનલૅન્ડને તાત્કાલિક રાષ્ટ્રીય અને વૈશ્વિક સુરક્ષા પ્રાથમિકતા તરીકે રજૂ કર્યું અને દાવો કર્યો કે ચોક્કસ દેશો તેના પર નજર રાખી રહ્યા છે. તેમણે લખ્યું હતું કે ચીન અને રશિયા ગ્રીનલૅન્ડ ઇચ્છે છે અને ડેન્માર્ક તેના વિશે કંઈ કરી શકે નહીં. તેમણે ડેન્માર્કની મર્યાદિત સુરક્ષા હાજરીની મજાક ઉડાવી અને દાવો કર્યો કે તેની પાસે સુરક્ષા માટે બે ડોગસ્લેડ છે, જેમાંથી એક તાજેતરમાં ઉમેરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકા જ આ રમતમાં ભાગ લઈ શકે છે અને ખૂબ જ સફળતાપૂર્વક! કોઈ પણ આ પવિત્ર ભૂમિને સ્પર્શ કરશે નહીં ખાસ કરીને જ્યારે અમેરિકા અને સમગ્ર વિશ્વની રાષ્ટ્રીય સુરક્ષા જોખમમાં હોય.

ટ્રમ્પે ઘણા યુરોપિયન સાથી દેશો પર ગ્રીનલૅન્ડમાં તેમની હાજરી વધારીને તણાવ વધારવાનો આરોપ લગાવતા કહ્યું હતું કે ડેન્માર્ક, નોર્વે, સ્વિડન, ફ્રાન્સ, જર્મની, યુકે, નેધરલેન્ડ અને ફિનલેન્ડ કોઈ હેતુ વિના ગ્રીનલૅન્ડ ગયા હતા. તેમણે ચેતવણી આપી હતી કે તેમના પગલાંથી આવા જોખમો ઉભા થયા છે. આ ચિંતાઓનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે તાત્કાલિક ઉકેલ માટે ટેરિફ જરૂરી છે. તેમણે લખ્યું કે તેથી વૈશ્વિક શાંતિ અને સુરક્ષાને સુરક્ષિત રાખવા માટે આ સંભવિત ખતરનાક પરિસ્થિતિને શક્ય તેટલી ઝડપથી અને કોઈ શંકા વિના સમાપ્ત કરવા માટે મજબૂત પગલાં લેવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેમણે ટૅરિફ માટે સમયમર્યાદાની રૂપરેખા આપી હતી અને ભાર મૂક્યો કે ગ્રીનલૅન્ડની ખરીદી માટે કરાર ન થાય ત્યાં સુધી તે અમલમાં રહેશે.

# ટ્રમ્પને ગ્રીનલૅન્ડને મુદ્દે યુરોપિયન યુનિયનની ચેતવણી

નવી દિલ્હીઃ યુરોપિયન યુનિયનના નેતાઓએ યુરોપિયન દેશો પર ટૅરિફ લાદવાની અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની ધમકી સામે ચેતવણી આપી હતી. યુરોપિયન યુનિયનની અધ્યક્ષતા કરી રહેલા સાયપ્રસે રવિવારે બ્રૂસેલ્સમાં ઈયુ રાજદૂતોની ઈમર્જન્સી બેઠક બોલાવી હતી. યુરોપિયન યુનિયનના વડા ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ ટ્રમ્પ દ્વારા અનેક યુરોપિયન દેશો પર ૨૫ ટકા સુધીના ટૅરિફ લાદવાની ધમકી આપ્યાના થોડા કલાકો પછી સંયુક્ત નિવેદન જાહેર કર્યું હતું. તેમણે સોશ્યલ મીડિયા પર પોસ્ટમાં લખ્યું હતું કે ''ટૅરિફ લાદવાથી ટ્રાન્સ-એટલાન્ટિક સંબંધો નબળા પડશે અને ખતરનાક ઘટાડાનો ખતરો પેદા થશે. યુરોપ એકતા, સંકલન અને તેની સાર્વભૌમત્વ જાળવવા માટે પ્રતિબદ્ધ છે.''

યુરોપિયન યુનિયને એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''યુરોપિયન યુનિયન ડેન્માર્ક અને ગ્રીનલૅન્ડના લોકોના સમર્થનમાં છે. સંવાદ આવશ્યક છે, અને અમે ડેન્માર્ક રાજ્ય અને અમેરિકા વચ્ચે ગયા અઠવાડિયે શરૂ થયેલી પ્રક્રિયાને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છીએ.'' ટ્રમ્પે કહ્યું છે કે ૧ ફેબ્રુઆરીથી ડેન્માર્ક, નોર્વે, સ્વિડન, ફ્રાન્સ, જર્મની, યુનાઇટેડ કિંગડમ, નેધરલેન્ડ અને ફિનલેન્ડ જેવા બધા દેશોમાંથી અમેરિકા મોકલવામાં આવતા માલસામાન પર ૧૦ ટકા ટૅરિફ લાદવામાં આવશે.

યુરોપિયન સંસદના સૌથી મોટા જૂથ ઈપીપીના વડા જર્મન એમઈપી મેનફ્રેડ વેબરે જણાવ્યું હતું કે ટ્રમ્પની નવી ટિપ્પણીઓએ ગયા વર્ષે થયેલા ઈયુ-અમેરિકા વેપાર કરાર પર સવાલો ઉભા કર્યા છે. તેમણે એક્સ પર પોસ્ટ કર્યું હતું કે ''ઈપીપી ઈયુ-અમેરિકા વેપાર કરારના પક્ષમાં છે, પરંતુ ગ્રીનલૅન્ડ સામે ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓને જોતાં આ સમયે તેને મંજૂરી આપવી શક્ય નથી. અમેરિકાના ઉત્પાદનો પર ૦ ટકા ટૅરિફ હાલ પૂરતો સ્થગિત કરવો પડશે.'' બ્રસેલ્સ અને વોશિંગ્ટને જુલાઈમાં એક કરાર કર્યો હતો જેમાં મોટાભાગની યુરોપિયન યુનિયન નિકાસ ૧૫ ટકા અમેરિકા ટૅરિફથી પ્રભાવિત થશે, પરંતુ બંને પક્ષો હજુ પણ વધારાની વેપાર છૂટછાટો માટે દબાણ કરી રહ્યા છે.

# માઘ મેળામાં સંગમ પર હોબાળોઃ શંકરાચાર્યએ સ્નાનનો બહિષ્કાર કર્યો

પ્રયાગરાજઃ પ્રયાગરાજમાં માઘ મેળા દરમિયાન મૌની અમાસના દિવસે સંગમ પર ભક્તોની ભારે ભીડ એકઠી થતાં વહીવટીતંત્ર માટે પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં મુશ્કેલીઓ ઊભી થઇ હતી. આ દરમિયાન વહીવટીતંત્રે જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને આગળ વધતા અટકાવ્યા હતા. ભીડને લઇને તંત્રે તેમને રથ પરથી નીચે ઊતરીને ચાલવા વિનંતી કરી હતી. પરંતુ તેમના સમર્થકો અને ભક્તો માન્યા નહીં અને આગળ વધતા રહ્યા હતા.

આ દરમિયાન પોલીસ અને સમર્થકો વચ્ચે ઘર્ષણ થતાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે મૌની અમાસ પર સ્નાન કરવાનો ઇનકાર કરી દીધો હતો. શંકરાચાર્યએ કહ્યું કે ઉચ્ચ અધિકારીઓ સંતને મારી રહ્યા છે. પોલીસવાળા સંતને મારી રહ્યા છે. સંતને માર મારવામાં આવી રહ્યો છે. અમે વહીવટીતંત્રને કહ્યું કે અમે સહકાર આપવા તૈયાર છીએ, પરંતુ વહીવટીતંત્રે અમને રોકાવાનું કહ્યું હતું. અમે હવે સ્નાન કરવાના નથી.

શંકરાચાર્યેએ આરોપ લગાવતા કહ્યું કે જ્યારે વહીવટીતંત્રે અમને રોકાવાનું કહ્યું તો અમે પાછા ફરવા લાગ્યા હતા. પરંતુ અમે પાછા ફરવા લાગ્યા તો તેઓ અમારા સંતોને મારવા લાગ્યા હતા. જો કે પોલીસનું કહેવું છે કે અવિમુક્તેશ્વરાનંદના શિષ્યો સંગમ તરફ એકસાથે જઇ રહ્યા હતા. જો કે તેમને જૂથોમાં જવાનું કહેવામાં આવી રહ્યું હતું. કારણ કે ભારે ભીડ હતી. આવી સ્થિતિમાં વ્યવસ્થા ખોરવાઇ જવાનો ભય હતો.

# દિલ્હી-લખનઊ હાઈવે પર ૧૦ વાહનો અથડાયાં

અમરોહાઃ અમરોહામાં સતત બીજા દિવસે પણ ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું હતું. જેના કારણે રવિવારે સવારે નેશનલ હાઇવે-૯ પર મોટો માર્ગ અકસ્માત થયો હતો.

મીડિયા અહેવાલ અનુસાર આ અકસ્માત ગજરૌલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયો હતો. જ્યાં વિઝિબિલિટી ઓછી હોવાને કારણે લગભગ ૧૦ વાહનો એકબીજા સાથે અથડાયા હતા. જેમાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. પોલીસે ઘાયલોને નજીકની હૉસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યારે ભીષણ અકસ્માતને કારણે હાઇવે પર લાંબા સમય સુધી ટ્રાફિક જામ થયો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ગાઢ ધુમ્મસને કારણે વાહનચાલકો આગળના વાહનોનું અંતર નક્કી કરી શકતા ન હતા. વિઝિબિલિટી અચાનક ઓછી થઇ જતાં એક વાહન બીજા વાહન સાથે અથડાયું હતું. જેના કારણે વાહનોની સળંગ ટક્કર થઇ અને અનેક વાહનો એક પછી એક અથડાયાં હતાં.

# યુએઈના પ્રમુખનો આજથી ભારત પ્રવાસ

નવી દિલ્હીઃ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના પ્રમુખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સોમવારે ભારતની મુલાકાતે આવશે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ગલ્ફ દેશો ખાસ કરીને યુએઈ અને સાઉદી અરેબિયા વચ્ચે તણાવ વધી રહ્યો છે અને ઈરાનને લઈને પ્રાદેશિક સમીકરણ બદલાઈ રહ્યા છે. આ સમયે ભારત અને યુએઈ તેમના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને UAEના રાષ્ટ્રપતિ ખૂબ જ સારા વ્યક્તિગત સંબંધો ધરાવે છે. આ મજબૂત સંબંધોને કારણે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં ઝડપી વૃદ્ધિ થઈ છે.

સપ્ટેમ્બર ૨૦૨૩માં યુએઈના પ્રમુખ તરીકે નાહયાને જી-૨૦ લીડર્સ સમિટમાં હાજરી આપી હતી. ત્યારબાદ નવેમ્બર ૨૦૨૩માં તેમણે વર્ચ્યુઅલ ગ્લોબલ સાઉથ સમિટમાં પણ ભાગ લીધો હતો. જાન્યુઆરી ૨૦૨૪માં તેઓ ગુજરાતમાં ૧૦મા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં મુખ્ય મહેમાન હતા. ૨૦૨૨માં હસ્તાક્ષર કરાયેલ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (સીઈપીએ) એક મોટું પગલું સાબિત થયું છે. આ કરારથી બંને દેશો વચ્ચે વેપારમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૫માં બંને દેશો વચ્ચે નોન-ઓઇલ વેપાર ૩૭.૬ અબજ ડોલર સુધી પહોંચ્યો હતો જે પાછલા વર્ષ કરતા ૩૪ ટકા વધુ છે.

યુએઈ ભારતમાં વિદેશી રોકાણનો સાતમો સૌથી મોટો સ્ત્રોત છે. ૨૦૦૦થી યુએઈએ ભારતમાં ૨૨ બિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. યુએઈમાં એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ અને ઇલેક્ટ્રોનિક્સમાં ભારતીય નિકાસમાં વધારો થયો છે. યુએઈ ભારતનો સાતમો સૌથી મોટો રોકાણકાર છે. યુએઈ ભારતને તેલ અને લિક્વિફાઇડ કુદરતી ગેસ સપ્લાય કરે છે. બંને દેશો વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સંબંધો પણ મજબૂત થયા છે. આ સંદર્ભમાં ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ તાજેતરમાં યુએઈ આર્મીના કમાન્ડર સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન બંને પક્ષોએ સકારાત્મક લશ્કરી સહયોગ વધારવા, નિયમિત સંયુક્ત કવાયતો કરવા અને દ્વિપક્ષીય સંરક્ષણ અને દરિયાઈ સહયોગને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# પાકિસ્તાન સાથે ભારતને કેનેડાએ હાઇ અલર્ટની કેટેગરીમાં મૂકતા વિવાદ

ઓટાવાઃ છેલ્લા કેટલાક સમયથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો બગડ્યા છે. છે. કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત પૂર્વે જ કેનેડા સરકારે પોતાની ઇન્ટરનેશનલ ટ્રાવેલ એડવાઇઝરી અપડેટ કરી છે. આ એડવાઇઝરીના લિસ્ટમાં ભારતને ''હાઈ અલર્ટ''ની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે.

કેનેડા સરકારની સત્તાવાર વેબસાઇટ પર જાન્યુઆરીના બીજા સપ્તાહમાં જારી કરાયેલા અહેવાલમાં જણાવ્યાનુસાર, ભારતમાં રાજકીય અસ્થિરતા, સુરક્ષા જોખમો અને મર્યાદિત કોન્સ્યુલર સહાય જેવા કારણો આગળ ધરીને તેને ''હાઈ અલર્ટ'' કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

ભારતને પાકિસ્તાન, ઈરાન, યમન, સીરિયા, અફઘાનિસ્તાન અને દક્ષિણ સુદાન જેવા સંઘર્ષગ્રસ્ત દેશોની સમાન શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભારતને પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જેવા દેશોની શ્રેણીમાં મુકાતા ભારતીય રાજદ્વારી વર્તુળો અને નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જોકે, કેનેડાએ ભારતની મુસાફરી પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો નથી, પરંતુ પ્રવાસ ટાળવા અથવા અત્યંત સાવચેતી રાખવા સૂચન કર્યું છે.

# ભાવનગર મંડળના સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટનું ઉદ્દઘાટન તથા પુનર્વિકસિત રેલવે સ્ટેડિયમ અને પાર્કિંગ સ્ટેન્ડનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: રેલવે મંડળના સિનિયર રેલવે ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર પરાનું ઉદઘાટન તા. ૧૮.૦૧.૨૦૨૬ (રવિવાર)ના રોજ મંડળ રેલ મેનેજર દિનેશ વર્માના કરકમળો દ્વારા સંપન્ન થયું. આ અવસરે અપર મંડળ રેલ મેનેજર હિમાંશુ શર્મા, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી હુબલાલ જગન, વરિષ્ઠ મંડળ ઈજનેર (સમન્વય) મનીષ મલિક સહિત મંડળના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા. ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે સિનિયર રેલવે ઇન્સ્ટિટ્યૂટના નવ-નિર્મિત ભવનમાં રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનો માટે રમતો અને મનોરંજનની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઇન્સ્ટિટ્યૂટની વાર્ષિક સભ્યતા ફી માત્ર ₹૨૫/- નક્કી કરવામાં આવી છે. સભ્યતા મેળવનારા રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનો ઇન્ડોર રમતો જેમ કે બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કેરમ તેમજ આઉટડોર રમતો જેમ કે વોલીબોલ અને બાસ્કેટબોલનો લાભ લઈ શકશે.

કાર્યક્રમ દરમિયાન મંડળ રેલ પ્રબંધક અને અપર મંડળ રેલ પ્રબંધકે ઉપસ્થિત જનસમૂહને સંબોધતાં કર્મચારીઓના સર્વાંગી વિકાસ, આરોગ્ય અને કલ્યાણ માટે આવી સુવિધાઓના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. આ અવસરે સિનિયર રેલવે ઇન્સ્ટિટ્યૂટના પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું. ઉદ્દઘાટન સમારોહમાં ટ્રેડ યુનિયનના પદાધિકારીઓ, મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારના સભ્યો હાજર રહ્યા. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી શૈલેષ કુમાર પરમાર, મુખ્ય કર્મચારી અને કલ્યાણ નિરીક્ષક દ્વારા કરવામાં આવ્યું. મંડળ રેલ પ્રબંધક દ્વારા પુનર્વિકસિત રેલવે સ્ટેડિયમ તેમજ મંડળ કચેરી પરિસરમાં નવીન નિર્મિત પાર્કિંગ સ્ટેન્ડનું પણ લોકાર્પણ કરી તેને રેલવે કર્મચારીઓને સમર્પિત કરવામાં આવ્યું. ભાવનગર મંડળ દ્વારા કર્મચારીઓના કલ્યાણ અને ઉત્તમ કાર્ય પર્યાવરણ માટે સતત કરવામાં આવતા પ્રયત્નોની દિશામાં આ એક મહત્ત્વપૂર્ણ પહેલ છે. ■

# ભાવનગરમાં પ્રોસ્થોડોન્ટિસ્ટ સપ્તાહની ઉજવણી અંતર્ગત જનજાગૃતિના હેતુથી વિવિધ કાર્યક્રમો યોજાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભારતમાં દર વર્ષે ઇન્ડિયન પ્રોસ્થોડોન્ટિસ્ટ સપ્તાહની ઉજવણી જનજાગૃતિના હેતુથી કરવામાં આવે છે. આ અંતર્ગત સરકારી મેડિકલ કોલેજ ભાવનગરના દંત ચિકિત્સક વિભાગ અને કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સના પ્રોસ્થોડોન્ટિસ્ટ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિવિધ કાર્યક્રમો તથા જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરકારી હોસ્પિટલથી કાળાનાળા વિસ્તાર સુધી પગપાળા રેલી યોજાઈ હતી, જેમાં દાંત સંબંધિત વિવિધ બીમારીઓ અંગે જનજાગૃતિ ફેલાવતાં બેનરો સાથે ભાગ લેવાયો હતો. રેલીમાં કોલેજના ફેકલ્ટી મેમ્બર્સ, વિદ્યાર્થીઓ, સરકારી હોસ્પિટલના ડોક્ટરો તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમ ઇન્ડિયન પ્રોસ્થોડોન્ટિસ્ટ સોસાયટીના ઉપપ્રમુખ તથા દંત ચિકિત્સક વિભાગના પ્રોફેસર અને વડા ડો. જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં તા. ૧૮-૦૧-૨૦૨૬ થી ૨૨-૦૧-૨૦૨૬ દરમિયાન પ્રોસ્થોડોન્ટિસ્ટ વિક તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ સપ્તાહ દરમિયાન દાંતના વિવિધ રોગો, તેની યોગ્ય સારસંભાળ અને જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજાય છે, સાથે સાથે સામાન્ય વર્ગના પરિવારો માટે નિઃશુલ્ક દાંતના ચેકઅપ કેમ્પોનું પણ આયોજન કરવામાં આવે છે. ■

# મુંદરાના ચકચારી કસ્ટોડીયલ ડેથ કેસના ત્રણ આરોપીઓની સી.સી.ટી.વી. ફુટેજની માગણી જિલ્લા અદાલતે નકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચાસ્પદ બનેલા, પરિણામલક્ષી તબક્કે પહોંચી ચૂકેલાં કચ્છના બંદરીય મથક મુંદરાના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસના દસ પૈકી ત્રણ આરોપીઓ દ્વારા સી.સી.ટી.વી. ફુટેજ મળવાની માગણી બાબતે નામદાર હાઈ કોર્ટ સમક્ષ કરાયેલી પિટિશનના નિકાલ સુધી કેસ ન ચલાવવા મૂકેલી માગણીની અરજી અત્રેની સેશન્સ અદાલતે વિગતવારનાં કારણો સાથે નામંજૂર કરી દીધી હતી અને આ પ્રકરણની આગળની સુનાવણી આગામી ૨૮મી જાન્યુઆરી મુકરર કરાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આ ચકચારી કેસના મુખ્ય આરોપીઓ પૈકીના પોલીસકર્મીઓ એવા શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ, અશોક લીલાધર કનાદ અને જયદેવસિંહ અજિતસિંહ ઝાલા દ્વારા અરજી દાખલ કરાઈ હતી. આ અગાઉ ભુજ ચીફ કોર્ટ, હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટે તા. ૨૦-૧-૨૦૨૧ના મુંદરા પોલીસ મથકના સી.સી.ટી.વી. ફુટેજ આપવાની માગણીની અરજીઓ નામંજૂર કરાયા પછી તેમણે ફરી હાઈ કોર્ટ સમક્ષ આ બાબતે પિટિશન દાખલ કરી હતી અને તેનો નિકાલ ન આવે ત્યાં સુધી કેસ ન ચલાવવા સેશન્સ કોર્ટ સમક્ષ દાખલ કરેલી અરજીને નામંજૂર કરવામાં આવી હતી.

જિલ્લા અદાલતે નોંધ્યું હતું કે, ત્રણેય આરોપીઓ પૂર્ણતા તરફ આગળ ધપી રહેલા આ કેસને લંબાવવાના બદઈરાદા સાથે આ પ્રકારની અરજીઓ કરી રહ્યા છે, આ સુનાવણીમાં ખુદ આરોપીઓ પૈકીના સમાઘોઘા ગામના માજી સરપંચ જયવીરસિંહ વિક્રમસિંહ જાડેજાએ પણ આ ત્રણેયની અરજી સામે લેખિતમાં વાંધા લીધા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ ગઢવી યુવકોને અચાનક ઉઠાવી, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે યુવકોના દર્દનાક મોત થયાં હતાં, એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ચકચારી મામલે તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર પઢિયાર સહિત પાંચ પોલીસકર્મી, ગ્રામરક્ષક દળના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ■

# અંજારની જૈન કોલોનીમાં ધોળા દિવસે ધારાશાસ્ત્રીના ઘરમાંથી રૂ. ૧૦.૫૯ લાખની ચોરીથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં તસ્કર ટોળકીનો આતંક જારી રહેવા પામ્યો હોય તેમ અંજાર શહેરની જૈન કોલોનીમાં ધોળા દિવસે એક બંધ મકાનમાંથી રૂ. ૧૦.૫૯ લાખની મતાની ચોરીનો બનાવ બહાર આવતાં રહેવાસીઓમાં ચકચાર પ્રસરી હતી. ગત સવારના ૧૦ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમ્યાન બનેલા આ ઘરફોડના બનાવ અંગે નવા અંજારની જૈન કોલોનીમાં રહેતા ધારાશાસ્ત્રી પારસ લક્ષ્મણભાઇ મુલચંદાણીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત શનિવારે સવારે તેમનો ૧૧ વર્ષીય પુત્ર શાળાએ ગયો હતો અને તેઓ સવારે સાડા નવ વાગ્યે ગાંધીધામ ઓફિસે આવ્યા હતા. તેમના પત્ની ૧૦ વાગ્યે જીમમાં ગયા અને બાર વાગ્યે પરત આવ્યા ત્યારે પાછલા દરવાજાની કડી તૂટેલી જોવા મળી હતી અને સામાન વેર-વિખેર પડયો હતો. ઘરે તપાસ કરતાં કબાટમાં રાખેલા સોનાનો ડાયમંડવાળો હાથમાં પહેરવાનો કડો, સોનાનો હાર અને બુટ્ટી સેટ, સોનાની બુટ્ટી અને પેન્ડલ સેટ, સોનાની ચેન તથા સોનાનું મંગળસૂત્ર, ગણપતિવાળું સોનાનું પેન્ડલ, સોનાનો હાથમાં પહેરવાનો કલકત્તી ડિઝાઇનવાળો કડો, રૂદ્રાક્ષવાળી સોનાની હાથમાં પહેરવાની પોંચી, વીંટી, સોનાની બે બંગડી, ચાંદીનો ઘડો, ચાંદીના નાના-મોટા સિક્કા સહિત રૂ. ૮,૯૯,૦૦૦ની કિંમતના આભૂષણો અને રૂ. ૧,૬૦,૦૦૦ની રોકડ મળી રૂ. ૧૦,૫૯,૦૦૦ની માલમતાની ચોરી થઇ હતી. અજાણ્યા તસ્કરોનું પગેરું શોધવા અંજાર પોલીસે છાનબીન આદરી છે. ■

# મહત્તમ તાપમાન ઊંચકાતાં કચ્છમાં પડી રહેલી કાતિલ ઠંડીમાં નોંધપાત્ર રાહત

## નલિયામાં ૧૩ ડિગ્રી જયારે ભુજમાં ૧૬ ડિગ્રી સે. ન્યુનતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઉત્તર ભારત અને જમ્મુ-કાશ્મીરમાં સતત થઇ રહેલી ભારે બરફવર્ષાને પગલે કચ્છ જિલ્લામાં લગભગ છેલ્લા એક સપ્તાહથી સિંગલ ડિજિટ પર રહેલો લઘુતમ ઉષ્ણતામાનનો આંક, અરબી સમુદ્ર પાસે સર્જાયેલા વિક્ષોભની અસર હેઠળ વાદળછાયા વાતાવરણ વચ્ચે ગણતરીના કલાકોમાં ઉપર આવતાં ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થતાં જનજીવને રાહત અનુભવી હતી.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં આજે ૧૩ ડિગ્રી લઘુતમ તાપમાન, જયારે ૨૮ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાતાં જનજીવન થાળે પડી રહ્યું છે. નલિયા સિવાયના અન્ય મથકોએ આજે ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે.

ભુજમાં આજે લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ, જયારે મહત્તમ તાપમાનનો આંક ૨૯ ડિગ્રી સે. નોંધાતા ઠંડીમાં ભારે રાહત વર્તાઈ હતી જેને પગલે ખાલી ભાસતી બજારોમાં રોનક પાછી ફરી રહી છે. મહાબંદર કંડલામાં લઘુતમ તાપમાનનો આંક ૧૮ ડિગ્રી સે.પર પહોંચી જતાં સમગ્ર કંડલા-ગાંધીધામ સંકુલે ગુલાબી ઠંડીનો અહેસાસ કર્યો હતો. વહેલી સવારે અને સાંજ ઢળ્યા પછી ધાબળિયા માહોલ વચ્ચે હવામાં ભેજ ઘટી જતાં ગ્રામીણ કચ્છમાં શહેરો કરતાં થોડી વધારે ઠંડી અનુભવાઈ હતી અને 'ગામઠી' લોકો ઠેર ઠેર તાપણાં સભાઓ યોજીને ઠંડીથી બચવાના પ્રયાસો કરતા નજરે પડ્યા હતા. ■

# તળાજા ભાજપના નગરસેવકના પિતાને પુત્ર સહિત મારી નાખવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજાના જાણીતા ઉદ્યોગપતિએ અહીં કુરિયર સર્વિસનું કામ કરતા યુવક વિરુદ્ધ રૂપિયાની માગણી કરી પોતાને તથા પુત્રને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. જાણકાર સૂત્રોમાં ખળભળાટ મચાવતી અહીંના પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદ મુજબ તળાજા નગરપાલિકાના ભાજપમાંથી ચૂંટાયેલા અને બાંધકામ સમિતિના ચેરમેન અયાન ભૂરાણીના પિતા યુનાઇટેડ ફૂડ નામની કંપની ચલાવતા નિહાલભાઈ ભૂરાણી ઉં.વ. ૫૨ એ રિઝવનખાન નસીબખાન પઠાણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આરોપ લગાવવામાં આવ્યો છે કે ગત તા. ૨૫ના રોજ ભાણીયા કૈફ મીનાઝભાઈ પટેલને ફોન કરીને જણાવેલ કે તારા મામા નિહાલભાઈ પાસેથી રૂ.૧,૭૫,૦૦૦/- લેવાના છે તે આપી દે નહિતર તેના દીકરા અયાનને હું ઉપાડી લેવાનો છુંની ધમકી આપેલ. જે બાબતે ગંભીરતા લીધી ન હતી.બાદ રિઝવનખાનને કુરિયરનું કામ આપેલ હોય તેના ટેક્ષના રૂપિયા બાબતે હિસાબ કરવા બોલાવેલ તા.૧૫ ના રોજ હિસાબ સમજાવતા તે માનેલ નહિ. કંપનીમાંથી જતા જતા કહેલ કે તમે અને તમારો પરિવાર તૈયાર રહેજો.તમને અને તમારા દીકરા અયાનને હું જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ■

# રાપરના ગાગોદર ખાતે એક મકાનમાં પેટીપલંગ નીચે બનાવાયેલા ભૂગર્ભ ટાંકામાંથી ૨.૬૧ લાખનો બિયરનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ નશાખોરીનું જાણે હબ બની ચૂક્યું હોય તેમ લગભગ દરરોજ ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં પૂર્વ કચ્છની સ્થાનિક ગુનાશોધક શાખાએ સીમાવર્તી રાપર તાલુકાના ગાગોદરમાં એક રહેણાંક મકાનમાં પેટી પલંગ નીચે ગુપ્ત રીતે બનાવેલા ભૂગર્ભ ટાંકામાંથી રૂ. ૨.૬૧ લાખના મૂલ્યના બિયરના જથ્થાને ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગાગોદર દરબાર વાસમાં આવેલાં વાસુદેવસિંહ નામના આરોપીના મકાનમાં એક એસયુવી કારમાં બિયરનો જથ્થો ડિલિવર કરવામાં આવ્યો હોવા અંગેની મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો.ભારે શોધખોળ બાદ શયનકક્ષના પેટીપલંગ નીચે બનાવેલા ભૂગર્ભ ટાંકામાંથી બિયરનો આ જથ્થો હાથ લાગ્યો હતો. અહીંથી આલ્કોહોલ મિશ્રિત બિયરના ૧૧૮૮ ટીન કિં. રૂ. ૨,૬૧,૩૬૦ તથા હેમર મશીન કિં. રૂ.૨૦ હજાર સાથે કુલ રૂ. ૨,૮૧,૩૬૦નો મુદ્દામાલ કબજે કરી લેવાયો હતો.શરાબ સંબંધિત આ ગુનામાં સામેલ આરોપી વાસુદેવસિંહ વાસુભા અજિતસિંહ જાડેજા, રાજપાલસિંહ જીવુભા જાડેજા, નરેન્દ્રસિંહ ઉર્ફે બબુભા બહાદુરસિંહ જાડેજાની ધરપકડ કરવા કવાયત આદરી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# કચ્છના ગાંધીધામ અને મુંદરાના મોટા કાંડાગરા ખાતેથી ૧૮ કિલો માદક પદાર્થ ગાંજા સાથે ત્રણ યુવકો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: માદક દ્રવ્યોની હેરાફેરીનું એપિસેન્ટર બની રહેલાં રણપ્રદેશ કચ્છના ગાંધીધામમાંથી ૬.૧૩ લાખની કિંમતના ૧૨ કિલો ૨૭૫ ગ્રામ ગાંજા સાથે બે યુવકો તેમજ બંદરીય મુંદરાના મોટા કાંડાગરા નજીકથી ૩.૨૨ લાખની કિંમતના છ કિલો ૪૫૪ ગ્રામ ગાંજા સાથે માંડવીના ત્રગડી ગામના શખ્સને પોલીસે ખાસ ઓપરેશન પાર પાડીને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, પૂર્વ બાતમીના આધારે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે શહેરના ખોડિયાર નગરમાં રહેતા રમેશ રામા દેવીપૂજક (ઉ.વ.૩૦)ના રહેણાક મકાનમાં દરોડો પાડીને દસ કિલોથી વધુ માદક પદાર્થ જપ્ત કર્યો હતો. આ દરોડાથી અજાણ દ્વિચક્રી વાહન પર રમેશને ગાંજાની ડિલિવરી કરવા આવનાર ભીખા રતન દેવીપૂજક (ઉ.વ. ૪૨)ને અટકમાં લઇ, તેના સ્કૂટરની ડીકીમાંથી સ્થાનિક પોલીસે વધુ ૧ કિલો ૯૮૦ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો.

પોલીસે કુલ રૂપિયા ૬ લાખ ૧૩ હજાર ૭૫૦ના મૂલ્યનો ૧૨ કિલો ૨૭૫ ગ્રામ ગાંજો, ૨૦ હજારના બે મોબાઈલ ફોન, ૫૦ હજારની હોન્ડા એક્ટિવા તથા આરોપીઓ પાસેથી ૬૪ હજાર ૭૮૫ રોકડા રૂપિયા મળીને કુલ રૂ. ૭,૪૭,૫૩૫ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી બંને આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટની ધારાઓ તળે સરકાર તરફે ફરિયાદ નોંધાવી હોવાનું ગાંધીધામ એ ડિવિઝન પી.આઈ એમ.ડી. ચૌધરીએ જણાવ્યું હતું.

બીજી તરફ, મુંદરાના મોટા કાંડાગરા ખાતે એક કારને રોકાવીને માદક પદાર્થના જથ્થા સાથે પશ્ચિમ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે શબ્બીર ઈસ્માઈલ વાઘેરની રૂ.૩ લાખ ૨૨ હજાર ૭૦૦ના ૬ કિલો ૪૫૪ ગ્રામ ઈન્ટરમીડિએટ ગાંજાના જથ્થા સાથે ધરપકડ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં ૩૬ વર્ષીય શબ્બીરે આ ગાંજો ૬૦ હજાર રૂપિયામાં મુંદરાના લુણી ગામે રહેતા અઝીઝ ગાધ નામના વ્યક્તિ પાસેથી છૂટક વેંચાણ અર્થે ખરીદ્યો હોવાનું જણાવ્યું હતું. આ કાર્યવાહીમાં ગાંજા ઉપરાંત ૩ લાખની હોન્ડા કાર, ૧૦ હજારનો મોબાઈલ ફોન, સાડા ૧૦ હજારની રોકડ જપ્ત કરીને આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ એક્ટ તળે કાર્યવાહી આદરી હોવાનું એસ.ઓ.જીના પોલીસ સબ ઇન્સ્પેક્ટરએ જણાવ્યું હતું ■

# 'કલાપૂર્ણ ઘી' તેમજ અન્ય ડેરી પદાર્થના નમૂનાઓ પરીક્ષણમાં 'ફેલ'

## કચ્છમાં દિવાળી ટાંકણે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા નમૂનાઓ એકત્ર કરાયા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારી ભેળસેળયુક્ત મીઠાઈ, ફરસાણ તેમજ અન્ય ખાદ્ય સામગ્રીઓનું છૂટથી વેચાણ કરનારા ભેળસેળીયા તત્વો વિરુદ્ધ દીપોત્સવી પર્વ દરમ્યાન ખોરાક અને ઔષધ નિયમન વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસર એમ.એમ.પટેલ તથા એસ.બી.પટેલ દ્વારા દ્વારા શરૂ કરવામાં આવેલી ઝુંબેશ અંતર્ગત કચ્છના વિવિધ સ્થળેથી પૃથક્કરણ અર્થે એકત્ર કરાયેલા લો-ફેટ પનીર, પનીર, અર્બન મોંક કિવી મોજીતો, કેસર પેંડા તેમજ કલાપૂર્ણ ઘી પેઢી ભુજ ખાતેથી ઘીના વિવિધ ચાર નમૂનાઓ 'નાપાસ' જાહેર થયા છે. પ્રાપ્ત વિગતો મુજબ, દિવાળી સમયે કલાપૂર્ણ ઘી પેઢી ભુજ ખાતેથી શંકાસ્પદ ઘીના વિવિધ ચાર નમૂના લેવામાં આવ્યા હતા તેમજ સ્થળ પરથી ૧૨.૫૦ લાખનો જથ્થો સીઝ કરી લેવામાં આવ્યો હતો. લેબોરેટરીની તપાસમાં આ તમામ નમૂનાઓ નાપાસ જાહેર થતાં જવાબદારો વિરુદ્ધ ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ કાયદેસરની કેસની કાર્યવાહી કરવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું. ■

# અર્જુન મોઢવાડિયાએ પોરબંદરમાં ₹૧૧.૧૮ કરોડના રોડ કામોનું ખાતમુહૂર્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદર શહેરમાં કેબિનેટ પ્રધાન અર્જુન મોઢવાડિયાના હસ્તે ₹૧૧.૧૮ કરોડના ખર્ચે વિવિધ રોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધાઓ વધારવાના ભાગરૂપે આ વિકાસલક્ષી પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે, જેનાથી સ્થાનિક પરિવહન વ્યવસ્થા સુદ્રઢ બનશે. આ કામો અંતર્ગત સાંઈબાબા મંદિર સહિતના વિસ્તારોમાં કુલ ૧૮ કિલોમીટર લંબાઈના રસ્તાઓનું નવીનીકરણ કરાશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યાનું નિરાકરણ લાવવાનો છે.

અર્જુન મોઢવાડિયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, નરસંગ ટેકરી એરિયા, પરેશ નગર અને સાંઈબાબા મંદિર જેવા વિસ્તારોમાં રસ્તાઓની ઊંચાઈ વધારવામાં આવશે. મકાનો નીચા ન દેખાય તે માટે રસ્તાઓને ખોદીને તેની ઊંચાઈ જાળવી રાખીને રિકાર્પેટ કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, આ વિસ્તારમાં અનેક નવી સોસાયટીઓ બની છે. રસ્તાના કામની સાથે ગલીઓની ઊંચાઈ પણ વ્યવસ્થિત રાખવામાં આવશે અને પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાનું આયોજન પણ કરાયું છે. આનાથી નાગરિકોને પડતી મુશ્કેલીઓનો કાયમી ઉકેલ આવશે.પોરબંદર મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર ૩માં આવેલા સાંઈબાબા મંદિર પાછળનો વિસ્તાર, ગ્લોબલ સ્કૂલ પાછળનો વિસ્તાર, ધનલક્ષ્મી સોસાયટી, પરેશ નગર, મહાવીર સોસાયટી, જગન્નાથ સોસાયટી, નિધિ પાર્ક ૫, સીતારામ નગર અને બાપુનગર જેવા વિસ્તારોમાં હાલના ક્ષતિગ્રસ્ત રસ્તાઓને ખોદીને નવીનીકરણના ₹૧૧.૧૮ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. ■

# બોટાદના ગઢડામાં કો-ઓપરેટિવ બૅંકમાં કેશિયરે કરોડોનું કૌભાંડ આચર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના જલાલપુરસ્થિત ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બૅન્કમાં ખેડૂતોના પરસેવાની કમાણીના નાણાં સગેવગે કરવાનું કરોડોનું કૌભાંડ પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. બૅન્કમાં કેશિયર તરીકે ફરજ બજાવતા આનંદ નામના કર્મચારીએ અંદાજે ૧૦૦થી વધુ ખાતેદારોના ખાતામાંથી રૂ. ૩ થી ૫ કરોડની ઉચાપત કરી હોવાનો આક્ષેપ હતો.

આ કૌભાંડની વિગત ત્યારે સામે આવી જ્યારે છેલ્લા ચાર મહિનાથી પાસબુકમાં એન્ટ્રી કરવાનું ટાળતો કેશિયર ગત ૧૨ તારીખથી અચાનક ગાયબ થઈ ગયો હતો. ખેડૂતોએ બૅંકમાં તપાસ કરાવતા તેમના ખાતામાંથી કોઈ પણ સહી કે ચેક વગર જ રૂ. ૫ લાખથી લઈને રૂ. ૧૫ લાખ સુધીની રકમ બારોબાર ઉપાડી લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

આ ગંભીર છેતરપિંડી મામલે રોષે ભરાયેલા ખેડૂતોએ ઢસા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી કડક કાર્યવાહીની માગ કરી હતી. ખેડૂતોની સુરક્ષા અને તેમના નાણાં પરત મેળવવા મુદ્દે ભાજપના પૂર્વ પ્રમુખ અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ સુરેશભાઈ ગોધાણીએ ખેડૂતો સાથે બેઠક કરી હતી.

તેમણે આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, કોઈપણ ખેડૂતને એક પણ રૂપિયાનું નુકસાન થશે નહીં અને તમામના નાણાં સુરક્ષિત રીતે પરત અપાવવામાં આવશે. હાલ પોલીસ અને બૅન્ક ઓડિટ દ્વારા આ કરોડોના કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી. ■

# જામનગરના ધ્રોલમાં જ્વેલર્સમાંથી રૂપિયા ૨૮ લાખના દાગીના ચોરનાર દાહોદની ગેંગ પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર જિલ્લાના ધ્રોલના જ્વેલર્સમાં થયેલી રૂ. ૨૭.૯૬ લાખની સનસનીખેજ ચોરીનો ભેદ જામનગર એલ.સી.બી.એ ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો હતો. ગત ૧૪ જાન્યુઆરીની રાત્રે તસ્કરોએ નગરપાલિકા સામે આવેલી આ દુકાનની પાછળની દીવાલમાં બાકોરું પાડી અંદર પ્રવેશ કર્યો હતો અને સીસીટીવી કેમેરા પર કપડાં ઢાંકીને સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી હતી.

પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચનાથી કાર્યરત એલ.સી.બી. પી.આઈ. વી.એમ. લગારીયા અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ તથા બાતમીદારોના આધારે તપાસ તેજ કરી હતી. બાતમી મળી હતી કે આરોપીઓ ચોરીનો માલ લઈ મોટરસાઇકલ પર જોડિયાથી ધ્રોલ તરફ આવી રહ્યા છે, જેના આધારે ચામુંડા પ્લોટ પાસે વોચ ગોઠવીને ત્રણ શખ્સોને આંતરવામાં આવ્યા હતા.

પોલીસની પકડમાં આવેલા આરોપીઓમાં હિંમત પાંગળા મહેડા, શૈલેષ નવલસિંગ મહેડા અને ટીનુ પાંગળા મહેડાનો સમાવેશ થાય છે, જેઓ મૂળ દાહોદના ધાનપુરના વતની છે અને હાલ જોડિયા તથા પડધરી પંથકમાં ખેતમજૂરી કરે છે. પોલીસે આ આરોપીઓ પાસેથી ૧૭૫ ગ્રામ સોનું, ૧૧ કિલો ચાંદી, ૪ મોબાઈલ અને ૨ મોટરસાઇકલ સહિત કુલ રૂ. ૨૭,૯૬,૧૦૦નો મુદ્દામાલ રિકવર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે આ શખ્સો ખેતમજૂરીના બહાને રહીને રેકી કરતા હતા અને મોકો મળતા ચોરીને અંજામ આપતા હતા. હાલ પોલીસે ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■